॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# શ્રીહરિ ધોળકામાં



-:: પ્રકાશક ::-

શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોળકાધામ

-: ડેઈલી દર્શન :-

www.swaminarayanmandirdholka.co.in

# શ્રીહરિ ધોળકામાં

**પ્રકાશક** : કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસ
શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોળકાધામ

**પ્રેરક** : સદ્. મહંત સ્વામી શ્રી જગદીશપ્રસાદદાસજી

**પ્રથમ આવૃતિ** : ૧૯૧ મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે
તા.૫-૫-૨૦૧૮, શનિવાર

**માર્ગદર્શન-સહયોગ** : કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસ - ધોળકાધામ
મો. ૯૮૭૯૩ ૭૦૪૫૭

**સંકલન-સંપાદક** : પ.ભ. સુરેશચંદ્ર રામજીભાઈ પુજારા - ધોળકા
મો. ૯૯૯૮૮ ૫૫૧૮૨

**સૌજન્ય** : વિદ્વાન કથાકાર સંત પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી હસ્તે શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩, ગાંધીનગર) તરફથી સૌજન્ય સેવા મળી છે તે ખૂબ ધન્યવાદને પાત્ર છે.

**પ્રત** : ૩,૦૦૦

**મૂલ્ય** : ૨૦/-

**મુદ્રણ** : હરિકૃષ્ણ ગ્રાફિકસ એન્ડ પ્રિન્ટ પ્રા. લી. અમદાવાદ
ફોન નં. (૦૭૯) ૨૬૪૨૧૦૦૮, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

[illegible]

Per.Sec./05/17-18 | Dt : 01/05/2017

**[illegible]**

[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]


Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# પ્રસ્તાવના

પરમ કૃપાળુ, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા ધોળકા નિજ મંદિરમાં પ્રગટ પણે બિરાજીને અખંડ દર્શન આપી રહેવા શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી મોરલીમનોહરદેવની અસીમ કૃપાથી તથા અમારા ગુરુ સદ્‌ગુરુ શ્રી જગદીશપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી પુરાણો પ્રસિદ્ધ એવી વૈરાટનગરની પવિત્ર ભૂમિ કે જ્યાં ભારત ભરમાં તક્ષશિલા, નાલંદા અને વૈરાટનગરની વિદ્યાપીઠો સુપ્રસિદ્ધ હતી.જ્યાં પાંડવોએ અજ્ઞાત વર્ષ રહ્યા હતા, એવી બળવાન ભૂમિમાં શ્રીહરિએ અપાર કૃપા કરીને પરમહંસો સાથે ૪૪ વાર પધારીને આ ભૂમિ ઉપર કમળ ચડાવ્યો છે. શ્રીહરિએ સ્વહસ્તે પોતે મોરલીમનોહરદેવની પ્રતિષ્ઠા કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં ધોળકા ધામને સુવર્ણ અક્ષરે કંડાર્યું છે. અહીં શ્રીહરિના અનેક ભક્તો પૈકી શ્રી રેવાશંકરભાઈએ પોતાનું રહેવાનું ઘર મંદિર માટે અર્પણ કર્યું છે. ને શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો છે.

આ ધોળકા શિખરબંધ મંદિર બાંધકામની સેવાની શરૂઆત સદ્‌ગુરુ શ્રીપૂર્ણાનંદ સ્વામીએ કરેલી અને સદ્. શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ પુરુ કર્યું છે. ઉપરાંત આ ધોળકામાં શ્રીહરિ ઘેર ઘેર પધાર્યા છે. ઘણીવાર રાત્રિ રહ્યા છે. નાગેશ્વર મહાદેવ, કૂવો, મલાવ તળાવ, ચકલી તળાવ, રેણકી કૂવો વગેરે પ્રસાદીના છે. આજે પણ ધોળકાની ભૂમિની રજકણોમાં દિવ્યતા જણાય છે. આવા પાવનકારી તીર્થધામ ધોળકા ધામના મહિમાની પુસ્તિકા લખવાની સેવા, ધોળકાના જ પ.ભ. શ્રી સુરેશચંદ્ર રામજીભાઈ પુજારાએ આપી છે. આ પુસ્તકના મુદ્રણ કાર્યમાં શ્રીહરિકૃષ્ણ ગ્રાફીક્સનો પણ આતકે અમો આભાર માનીએ છીએ. તેથી તેમના ઉપર શ્રીહરિ, પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજનો રાજીપો ઉતરે એવી શુભેચ્છા.

લિ.

કોઠારી સત્યસંકલ્પદાસજી સ્વામીના

જયશ્રી સ્વામિનારાયણ..

## સંપાદકીય

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પોતાના અક્ષરધામમાં રહ્યા થકા ગૂઢ સંકલ્પ કર્યો કે આ વખતે પોતાના પ્રાદુર્ભાવ વડે અનંત જીવોને પોતાના અક્ષરધામને પમાડી આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ કરાવવી. શ્રીહરિએ પોતાના આ શુભ સંકલ્પની સિદ્ધિ માટે શુદ્ધ, ભાગવતી એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. જે આજે જગતભરમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નામે સુપ્રસિદ્ધ છે.

શ્રીહરિ મહાપ્રભુએ આ પૃથ્વીની સ્થિતિ રહે ત્યાં સુધી પોતાના આશ્રિત જનોને પોતાનું પ્રગટપણું કાયમ રહે તે સારુ પોતાના પદ પર ધર્મવંશી આચાર્યોને સ્થાપિત કર્યા. અનુયાયીઓ-આશ્રિતજનોની આચાર સંહિતા રૂપે "શિક્ષાપત્રી" સ્વહસ્તે લખીને આપી. સંપ્રદાયના પોષણ માટે વચનામૃત, સત્સંગીજીવન, ભક્તચિંતામણી આદિ ગ્રંથોની રચના કરાવી.

શુદ્ધ ઉપાસનાના કેન્દ્રસમા મહામંદિરો કરાવી નવ-નવ ધામોમાં પોતાના સ્વરૂપો પધરાવી મુમુક્ષુ જીવોને સનાથ કર્યા. આ નવ ધામો પૈકીનું એક ધામ તે ધોળકાધામમાં શ્રીહરિએ સ્વહસ્તે સં. ૧૮૮૩ના વૈશાખ વદ-પાંચમના શુભ દિને શ્રી મોરલીમનોહર દેવ-શ્રી નીલકંઠ મહાદેવની સ્થાપના કરી આરતી ઉતારી. આ દિવ્ય પ્રસંગને ૧૯૦ વર્ષ થયાં છે.

શ્રીહરિના અનન્ય ઉપાસક શ્રી રેવાશંકરભાઈ વ્યાસે વડતાલ જઈ શ્રીજી મહારાજને ધોળકામાં મંદિર કરવા રાજી કર્યા. પોતાની જમીનનો દસ્તાવેજ શ્રીહરિને સુપ્રત કરી અનંત જીવો માટે મોક્ષનું સદાવ્રત સ્થાપવા માટે નિમિત્ત બન્યા.

આ પૂર્વે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી સંત મંડળ સહિત ગઢપુરથી વડતાલ જતાં ધોળકામાં રાત્રિ રોકાણ કરી, બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યાનો પ્રસંગ સત્સંગમાં જાણીતો છે. તે જ સ્થાન પર શ્રીહરિએ સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી પાસે મહામંદિર કરાવ્યું અને સ્વસ્વરૂપની સ્થાપના કરી.

ધોળકા નગરનો ઈતિહાસ સદીઓ પુરાણો છે. પાંડવકાલિન આ વિરાટનગર (મત્સ્યદેશ) આધુનિક યુગનું ધોળકા શહેર જ્યાં પાંડવો વનવાસ

દરમિયાન એક વર્ષ ગુપ્તવેશે રહ્યાની ઘટના સુપ્રસિદ્ધ છે. આ કથાનકના પુરાવા રૂપે પાંડવોની શાળા, ભીમનું રસોડું વગેરે સ્થાનો આજે પણ મોજુદ છે. તદ્ ઉપરાંત વસ્તુપાળ-તેજપાળનું ઘર (ઊંડાપાડા), ઐતિહાસિક મલાવતળાવ, વગેરે સોલંકીયુગનાં સ્થાપત્યો ધોળકાના જાજરમાન સાંસ્કૃતિક વારસાને ભવ્યતા આપતાં દૃષ્ટિગોચર થાય છે.

શ્રીહરિ ધોળકાનગરમાં જે જે સ્થાનોમાં પધાર્યા તે સ્થાનો ચીખલી તળાવ, નાગનાથ (ચંદ્રેશ્વર) મહાદેવ, શ્રી રેવાશંકરભાઈ વ્યાસનું ઘર આદિ પ્રસાદીભૂત સ્થાનોનું નિરૂપણ આ પુસ્તકમાં કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત ધોળકાનગરની આસપાસનાં ગામો જ્યાં શ્રીહરિએ અનેક વખત પધારી પોતાના દર્શન-સ્પર્શ-સેવાનું સુખ હરિભક્તોને આપેલું તે દિવ્ય પ્રસાદીભૂત સ્થાનો કોઠ પાસે ગણપતિપુરા, સપ્ત નદી સંગમ સ્થાન વૌઠા, ચલોડા ગામ જ્યાં પ્રસાદીની જીતબાની માઢ છે આદિ સ્થાનોનું પણ રસપ્રદ વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવેલ છે.

એક ગૌરવપ્રદ સત્યઘટનાનો ઉલ્લેખ અનિવાર્ય છે કે અત્યારના મહંત સ.ગુ. જગદીશપ્રસાદદાસજી સ્વામીના દાદાગુરુ અ.નિ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી અત્રેના મંદિરના મહંત હતા ત્યારે સંવત ૨૦૨૬માં શ્રી નાગનાથ મહાદેવની સામે પ્રસાદીના સ્થાને જ્યાં શ્રીહરિ બિરાજેલા તે સ્થાન પર શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિ પધરાવી, તેના પર છત્રી કરાવી શ્રીહરિના ચરણારવિંદ સ્થાપન કરેલ છે.

આ પુસ્તક ''શ્રીહરિ ધોળકામાં'' તૈયાર કરવામાં ધોળકાને લગતી વિગતો, સંબંધિત પુરાવાઓ, માહિતી સંપ્રદાયના ગ્રંથો ભક્ત ચિંતામણી, સત્સંગીજીવન, પુરુષોત્તમપ્રકાશ, શ્રીહરિચરિત્રામૃતસાગર, હરિકૃષ્ણ લીલામૃત ઈત્યાદિમાંથી તારવીને તેનું સંકલન-સંપાદન કરવામાં આવેલ છે.

આ પુસ્તકમાં ધોળકાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર તથા અન્ય પ્રસાદીનાં સ્થાનોનું સરળ ભાષામાં સચોટ રસપ્રદ નિરૂપણ, ઘટના પ્રસંગોની ઐતિહાસિક સત્યતાને ધ્યાનમાં રાખી વર્ણન કરવામાં આવ્યું છે. આ શ્રેષ્ઠ કાર્ય કરવા માટેની

જવાબદારી મને સોંપી, મારામાં વિશ્વાસ મૂકી, મને નિમિત્ત બનાવી ધન્યભાગી બનાવી આ દાસને પૂ. સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તેમજ પૂ. કો. સ્વામી સત્સસંકલ્પદાસજી એ ગૌરવ પ્રદાન કર્યું છે. આ પુસ્તક આપ સૌની સમક્ષ મૂકતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પૂ. સંતો એવમ્ હરિભક્તોના આશીર્વાદની અપેક્ષા છે.

શ્રી મોરલી મનોહરદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૯૧મા પાટોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવં પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની શુભ આશીર્વાદાત્મક આજ્ઞાથી તેમ જ ધોળકા મંદિરના વિદ્યમાન સ.ગુ.મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણા અને સહયોગથી કોઠારી સ્વામી સ.ગુ. સત્યસંકલ્પદાસજીએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું છે. આ પુસ્તક ધોળકાધામનો મહિમા જાણવા-વધારવા માટે તથા સત્સંગનું પોષણ કરવા માટે અત્યંત ઉપયોગી, લોકભોગ્ય બની રહેશે તેવી અભિલાષા.

આ પુસ્તકના પ્રકાશનમાં ઘણી કાળજી લીધી હોવા, છતાં તેમાં ક્ષતિઓ રહી જવા પામી હોય તે શક્ય છે. સત્સંગ-સમાજ પ્રકાશનના આ સેવાકાર્યને લક્ષમાં લઈ નીર-ક્ષીર ભાવે ઉદારતાથી સ્વીકારી લેશે તેવી શ્રદ્ધા છે.

લિ.
સત્સંગ સેવક
સુરેશચંદ્ર રામજીભાઈ પુજારાના
જય શ્રી સ્વામિનારાયણ...

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પા.નં. |
|---|---|---|
| ૦૧. | તીર્થધામ ધોળકાનો પ્રાચીન ઈતિહાસ | ૧૧ |
| ૦૨. | ધોળકા ભૌગોલિક દૃષ્ટિએ | ૧૩ |
| ૦૩. | ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ | ૧૭ |
| ૦૪. | ભગવાન સ્વામિનારાયણના પ્રગટ થવાના છ હેતુઓ | ૧૯ |
| ૦૫. | બાલ્યાવસ્થા અને ગૃહત્યાગ | ૨૧ |
| ૦૬. | શ્રીહરિની પદયાત્રા - ભારતદર્શન - હનુમંત અષ્ટક | ૨૩ |
| ૦૭. | નીલકંઠે ધર્મધુરા ગ્રહણ કરી | ૨૭ |
| ૦૮. | મંદિર નિર્માણ કાર્ય | ૨૯ |
| ૦૯. | શ્રીહરિ ધોળકામાં | ૩૧ |
| ૧૦. | ધોળકા મંદિર માટે ભૂમિદાન | ૩૩ |
| ૧૧. | મૂર્તિ - પ્રતિષ્ઠા માટે નિમંત્રણ | ૩૫ |
| ૧૨. | શ્રી મોરલી મનોહરદેવનો પ્રતિષ્ઠા મહોત્સવ | ૩૭ |
| ૧૩. | ધોળકા મંદિર - દર્શન | ૩૯ |
| ૧૪. | ધોળકામાં પ્રસાદીના દર્શનીય સ્થાનો | ૪૩ |
| ૧૫. | શ્રી ધોળકા ધામ મહિમા કાવ્ય | ૪૫ |
| ૧૬. | ધોળકાના પંડિત બ્રહ્મરાક્ષસનો ઈતિહાસ | ૪૬ |
| ૧૭. | બ્રાહ્મણકુમારનું હઠને કારણે મોત અને બ્રહ્મરાક્ષસનો પ્રસ્તાવો | ૫૪ |


અનુક્રમણિકા

# અનુક્રમણિકા

ક્રમ | વિગત | પા.નં.


૧૮. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્મરાક્ષસનો સંવાદ ................ ૫૬

૧૯. ગઢપુર મોકલી ત્રણસો ભૂતો સાથે બ્રહ્મરાક્ષસ નો ઉદ્ધાર .............. ૫૯


## પરિશિષ્ટ - ૧


- મૂળ અક્ષરમૂર્તિ અ.મુ. યોગીવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામી (સંક્ષિપ્ત જીવન ચરિત્ર)... ૬૨
- ભક્તચિંતામણી પ્રકરણ - ૧૪૨ (સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જીવન કવન)... ૭૭


## પરિશિષ્ટ - ૨


- નિષ્કામ સેવાનું પ્રતીક શ્રી હનુમાનજી ........................................ ૮૧
- હનુમાનજીની આરતી - સ.ગુ. પ્રેમાનંદ સ્વામી ............................. ૮૩
- શ્રી હનુમત્સ્ત્રોત્રમ્ - શતાનંદ મુનિ ........................................... ૮૩
- શ્રી હનુમત્સ્ત્રોત્રમ્ ૐ નમો હનુમતે ભયભંજનાય.......................... ૮૫
- શ્રી હનુમાન ચાલીસા ........................................................... ૮૬


## પરિશિષ્ટ - 3


- શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા દેશના ગામોની યાદી.................... ૮૮
- શ્રી સ્વામિનારાયણ ભગવાન ધોળકામાં પધારેલા તેની તિથિ-વાર-તારીખ સાથેની તવારીખ ........................................................ ૯૦



અનુક્રમણિકા

# શ્રી ધોળકા તીર્થધામ મહિમા

*વળી ધોળકે મંદિર કરાવી રે,*
*તેમાં મૂર્તિ સારી પધરાવી રે ।*
*એવો કરિયો એહ ઉપાય રે,*
*જેણે કરી જન સુખી થાય રે ॥*
*મોરલી મનોહર હરિકૃષ્ણ રે,*
*પોતે શ્રીજી થઈ અતિ પ્રસન્ન કરે ।*
*જીવ અનંત ઉધ્ધારવા કાજ રે,*
*આવ્યા ત્યાં ઘણીવાર લઈ સમાજ રે ॥*
*કરાવિયું એ કાજ સંતરાજે રે,*
*બહુ જીવને તારવા કાજે રે ।*
*વળી નાથ કે' કહું છું અમે રે,*
*કરજો થા તો મંદિર તમે રે ॥*

**- નિષ્કુળાનંદ કાવ્ય,**
પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૩૩ કડી ૯-૧૦

*આવી ધોળકે ધર્મકુમાર,*
*પ્રેમી જનનો જોઈને પ્યાર*
*ત્યાંસીમાં સ્થાપ્યા તતખેવ,*
*મોરલી મનોહર મોટા દેવ,*

**- કવિ દલપતરામ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ૧. તીર્થધામ ધોળકાનો પ્રાચીન ઈતિહાસ

ધોળકાનો ઈતિહાસ આશરે પાંચ હજાર વર્ષ જેટલો પ્રાચીન છે. દંતકથાઓમાં ધોળકાને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની દ્વારિકાનગરી અને પ્રભાસનું સમકાલીન દર્શાવાયા છે. લોકમાન્યતા પ્રમાણે મહાભારતમાંની વૈરાટનગરી એટલે હાલનું ધોળકા. અહીં વૈરાટનગરમાં પાંડવો એક વર્ષ ગુપ્તવેશે રહ્યા હતા. અર્જુનના પુત્ર અભિમન્યુના લગ્ન અહીંના રાજવી વિરાટરાયની પુત્રી ઉત્તરા સાથે થયા હતા. કર્નલ ટોડના ઈતિહાસ પ્રમાણે ધોળકા અસલનું વૈરાટનગર કહેવાય છે. તેનું બીજું નામ મત્સ્યનગર પણ હતું. સાક્ષીમાં લોકો 'પાંડવોની નિશાળ' અને 'ભીમના રસોડા' તરીકે ઓળખાતા સ્થળ તરફ આંગળી ચીંધે છે. પાસેના મછિયાવ પ્રદેશને 'મત્સ્ય દેશ' કહે છે.

ધોળકાનો છેલ્લો આઠસો-નવસો વર્ષનો ઈતિહાસ પ્રસિદ્ધ છે. આ સમયગાળામાં મળી આવતા લેખો, દસ્તાવેજો, શીલાલેખો અને તે સમયની સાહિત્ય કૃતિઓમાં મળી આવતા ઉલ્લેખો પરથી જાણી શકાય છે કે આ સમયગાળામાં ધોળકા એ **'ધવલક', 'ધવલકક', 'ધોલકું', 'ધૂલકું'** ઈત્યાદી નામે ઓળખાતું હતું.

વાઘેલા વંશના મૂળ વીર પુરુષ ધવલના રાજ્યમાં ગોધરા તથા લાટનો પ્રદેશ ગણાતો. તેના પુત્ર આનાર્ક અથવા અર્ણોરાજ થયો અને તેનો પુત્ર લવણપ્રસાદ. લવણપ્રસાદે પોતાના પિતામહ ધવલના નામ પરથી ધવલક-ધવલક્ક (હાલનું ધોળકા) વસાવ્યું હતું. અને ત્યાં પોતાની રાજધાની સ્થાપી હતી.

વાઘેલા રાજ્ય - સમયમાં ધોળકાનું મહત્ત્વ સોળે કળાએ ખીલ્યું હતું. ધવલના પૌત્ર લવણપ્રસાદ અને તેના પ્રતાપી પુત્ર વીરધવલે પાટણના રાજવી ભોળા ભીમ (ભીમદેવ બીજો) ને તેની રાજ્યગાદી ટકાવી રાખવા ખૂબ મદદ કરી. ભીમદેવે લવણપ્રસાદને 'મહામંડલેશ્વર'નું પદ આપ્યું અને તેના પુત્ર વીરધવલને યુવરાજ તરીકે પ્રસ્થાપિત કર્યો. લવણપ્રસાદ અને વીરધવલે ભીમદેવના સમયમાં સ્વતંત્ર રીતે પોતાનું રાજ્ય વધાર્યું.

વિક્રમના તેરમાં સૈકામાં વીરધવલે ધોળકાને પાટનગર બનાવ્યું. સંવત ૧૨૭૬ (ઈ.સ.૧૦૨૦)માં રાજ્યને સુવ્યવસ્થિત બનાવવા - ધોળકાને વિકસાવવા

વસ્તુપાળને મહાઅમાત્યપદ આપ્યું. વસ્તુપાળ અને તેજપાળ - આ બંને ભાઈઓએ રાજ્યના મંત્રીપદે રહી ધોળકા રાજ્ય અને ગુજરાતનો સર્વાંગી વિકાસ કર્યો. વસ્તુપાળ શૂરવીર અને નિપૂણ રાજપુરુષ હતો. તેણે માળવા, ખંભાત, ગોધરા વગેરે પ્રદેશના રાજાઓ અને સામંતોને જુદાજુદા પ્રસંગે રાજનીતિ દ્વારા કાબુમાં રાખ્યા એ તેની મહાઅમાત્ય તરીકે સિદ્ધિ છે. તેને ધર્મ પ્રત્યે અગાઢ શ્રદ્ધા હતી. આબુ-દેલવાડા પરના સંગેમરમરના દેવાલયો એ વસ્તુપાળનો ધર્મ અને કલા પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. તેની સાહિત્ય પ્રત્યેની રૂચિ નોંધપાત્ર છે. તેના સમયમાં સંસ્કૃત સાહિત્ય વિપુલ પ્રમાણમાં રચાયું છે. તેણે નરનારાયણાનંદ નામે મહાકાવ્યની રચના કરી છે. આ કાવ્યમાં શ્રીકૃષ્ણ અને અર્જુનની મૈત્રી, રૈવતક ઉપર તેમનો વિહાર અને અર્જુને કરેલ સુભદ્રાનું હરણ-એ મહાભારતના પ્રસંગને ૧૬ સર્ગોમાં કવિત્વપૂર્ણ રીતે વર્ણવેલ છે.

કવિ સમ્રાટ ન્હાનાલાલ દલપતરામ કવિ ધોળકાની પ્રાચીનતા પરના વક્તવ્યમાં નોંધે છે : ‘વાઘેલા વીરધવલનું ધોળકા એમાં તો ઈતિહાસથી પણ ના પડાય એમ નથી. ધોળકામાં ત્યારે શ્રી અને સરસ્વતી સંગાથે વસતાં, વીરધવલે પાટણ જીતી ધોળકાને પાટનગરી કીધી. લીંબુ ઉછાળ કાળ ધોળકા ગુર્જરદેશની પાટનગરી હતી, તે પાટનગરીનાં રાજ્યશ્રીને જાહોજલાલી ત્યારે ધોળકા માણતું. વસ્તુપાળ-તેજપાળ જેવી દાનેશ્વરી, જ્ઞાનેશ્વરી, વીરેશ્વરી દુનિયાની વીરલ બાંધવબેલડીઓમાં પણ ભાત પાડે એવી, ધોળકાના ઈતિહાસ પટ ઉપર સોનાની રોશનાઈથી નિજ નામાક્ષરો લખી ગઈ છે.’

વીરધવલ પછી તેનો પુત્ર વીસલદેવ ધોળકાની ગાદી પર આવ્યો, સંવત ૧૩૦૦ (ઈ.સ. ૧૨૪૪) ની સાલમાં ત્રિભુવનદાસના મૃત્યુબાદ મહારાજાધિરાજ પદ ધારણ કરી, પાટણની ગાદી પર બેઠો. આમ, વાઘેલા વંશની રાજગાદી પાટણ ખસેડાતાં ધોળકાનું મહત્ત્વ ઘટતું ગયું. આ સમયકાળમાં મુસલમાન યુગનો આરંભ થયો અને ધોળકાની નજીક આવેલ અમદાવાદ પાટનગર થયું. મુઝફ્ફરશાહ ત્રીજાના સમયમાં ધોળકા સૈયદ મુબારકના પુત્ર સૈયદ હમીદના કબજામાં રહ્યું. ત્યાર બાદ મોગલકાળનો ઉદય થતાં, સંવત ૧૬૩૮ (ઈ.સ.૧૫૭૨) માં ગુજરાત મોગલોના કબજામાં આવ્યું, સંવત ૧૬૬૨ (ઈ.સ. ૧૫૨૭)માં અકબર બાદશાહની સીધી હકુમત નીચે ધોળકા આવ્યું.

સમયના વહન સાથે મોગલકાળનો અસ્ત થતાં મરાઠાસત્તાનો ઉદય થયો. સંવત ૧૮૪૪ (ઈ.સ.૧૭૮૮)માં બાજીરાવના સરદાર ચીમનાજી આપાએ ધોળકા લૂંટ્યું અને વરસો સુધી મરાઠાઓ અને મુસલમાન વચ્ચે ફરતું રહ્યું. સંવત ૧૮૯૨ (ઈસ.૧૮૩૫) માં ધોળકા બ્રિટિશ હકુમત હેઠળ આવ્યું. સંવત ૧૮૧૩ થી સંવત ૧૮૬૦ (ઈ.સ. ૧૭૫૭ થી ઈ.સ. ૧૮૦૪) સુધી ગાયકવાડની હકુમત રહી, ધોળકા અંગ્રેજોના કબજામાં આવ્યું.

આ સમયગાળામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ નામ ધારણ કરી, અયોધ્યાથી ભારતની સાત વર્ષ સુધી કઠિન પદયાત્રા કરતાં કરતાં ગુજરાતમાં સંવત ૧૮૫૬ (ઈ.સ. ૧૮૦૧) માં આવ્યા. તાપી, નર્મદા, મહી અને સાબમતી પાર કરી સૌરષ્ટ્રમાં ધોલેરા જતાં ધોળકાના માર્ગ નજીકથી પસાર થઈ સૌરાષ્ટ્રની ભૂમિને ધન્ય બનાવી લોજ ગામે પધાર્યા હતા.

## ૨. ધોળકા ભૌગોલિક દૃષ્ટિએ

આજે ધોળકા એ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનું મુખ્ય મથક છે. પ્રાચીન સમયમાં ધોળકા વૈરાટનગર, ધવલક, ધવલક્ક, ધવલપુર ઈત્યાદિ નામે પ્રસિદ્ધ હતું. અમદાવાદથી વાયવ્ય દિશામાં ૩૬ કિલોમીટર (૨૩ માઈલ)નાં અંતરે આવેલ આ પ્રાચીન નગરી ધોળકા ૨૨° ૪૪' ઉત્તર અક્ષાશ અને ૭૨° ૧૮' પૂર્વ રેખાંશ પર આવેલ છે.

પ્રારંભ કાળમાં ધોળકા નાનકડું ગામ હશે, પરંતુ દશમી સદીમાં અણહીલપુર પાટણ પાટનગર બન્યું. ત્યાર પછી તેના ભૌગોલિક સ્થાનને કારણે વેપારનું મુખ્ય ધામ બન્યું અને તેનું મહત્ત્વ વધતું રહ્યું. પાટનગર પાટણનું સ્તંભતીર્થ (ખંભાત) મોટું બંદર હતું અને સૌરાષ્ટ્રમાં ધોલેરા એવું જ ધમધમતું બંદર હતું.

ધોળકા અણહીલપુર પાટણથી સ્તંભતીર્થ (ખંભાત) જવાના માર્ગ પર આવેલું હતું. પાટણથી સોમનાથ જવાનો માર્ગ પણ અહીંથી ફંટાતો હતો. ગુજરાત અને સૌરાષ્ટ્રના બે ધીકતા બંદરો ખંભાત તથા ધોલેરાના માર્ગ અહીંથી જુદા પડતા હતા.

સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવી બાળકુમાર જયસિંહને લઈ સોમનાથની યાત્રાએ અહીંથી નીકળ્યા હતા. તે સમયે પ્રભાસથી પાછા આવતા યાત્રાળુઓનો ભેટો થયો અને તેમનો યાત્રિકો પાસેથી લેવાતા વેરાનો આક્રોશ

સાંભળી મીનળદેવીએ ભોળાદના દેશનાકાનો કર માફ કર્યો હતો અને યાત્રાએથી પાછા ફરતી વખતે ધોળકાની પ્રજાને પાણી વગર ટળવળતી જોઈ મલાવ તળાવ બંધાવ્યું હતું.

મલાવ તળાવ બંધાતું હતું ત્યારે તે બાંધવામાં તળાવના મુકરર ગોળ આકારમાં એક બાઈ (ગણિકા)નું મકાન આડે આવતું હતું. પૈસાના પ્રલોભન અને અનેક વિનંતી છતાં તે બાઈ તેના ઘરની જમીન તળાવ માટે આપવા તૈયાર ન થઈ. આથી તળાવના બાંધકામમાં એટલો ભાગ છોડી દઈ તળાવનું બાંધકામ કર્યું. મીનળદેવીના ન્યાયની આ ઉદાત્ત ભાવનાની સાક્ષી આપતો ટેકરો મલાવની પૂર્વદિશાએ આજે પણ જોવા મળે છે.

મહમદ ગીઝની દિલ્હીની ગાદીએ આવ્યા પછી, સોમનાથનું મંદિર લૂંટવા માટે સંવત ૧૦૮૦ (ઈ.સ. ૧૦૨૪) માં અહીં ધોળકાના માર્ગેથી પસાર થયો હતો.

કુમારપાળ મહારાજા સિદ્ધરાજ જયસિંહના ભયથી નાસભાગ કરતો હતો, તે સમયે ભૂખ્યા કુમારપાળને વણિકપુત્રી દેવશ્રીએ તેને દહીં-ભાત જમાડ્યા હતા. કુમારપાળ રાજગાદીએ આવ્યો ત્યારે દેવશ્રીના હાથે રાજતિલક કરાવી ગાદીએ બેઠો હતો અને તેના ઉપકારના બદલામાં ધોળકાગામ પહેરામણીમાં આપ્યું હતું.

કવિ સમ્રાટ ન્હાનાલાલ ગુજરાતની મધ્યમાં આવેલ ધોળકાની ચતુર્દિશાનું વર્ણન કરતાં જણાવે છેઃ ‘‘ઈતિહાસ સ્થાનથી અધિકું મ્હને તો ધોળકાનું ભૂગોળ સ્થાન ભાસે છે... ઉત્તરે કર્ણાવતી ને સિદ્ધપુર પાટણ, દક્ષિણે ખંભાત, ભરૂચને સુરતનાં સાગર સફરી બંદરો, પૂર્વમાં ચાંપાનેરને ઉજ્જયિની, પશ્ચિમમાં વલ્લભીપુર, સિધ્ધાચલ ગિરનારને સોમનાથ પાટણ, ગુજરાતની વચ્ચોવચ ચતુર્દિશાના ચોકમાં જુગજુગથી ધોળકા બેઠેલું છે. પશ્ચિમ ભારતના પ્રાચીન મહામાર્ગો ધોળકાને પાદર મળતા. ભક્તવર સુદામાજી સુદામાપુરીએથી ઉજ્જયિની સાંદીપની ઋષિને આશ્રમે ભણવાને જતા આવતા, તે આ વિરાટનગરીની વનશ્રીમાં થઈને જતા આવતાં ને ! બાળ મહારાજ સિદ્ધરાજ ને ગુર્જર રાજમાતુશ્રી મીનળદેવી શુકલતીર્થથી વલ્લભીએ ધોળકાની ભાગોળે રાજ્ય પડાવ નાંખીને ગયાં હતાં. પ્રભાસ યાત્રાળુઓનો ભોળાદ દેશનાકાનો યાત્રિકવેરો બાળમહારાજને પ્રતિબોધી રાજમાતાએ માફ કરાવ્યો હતો. આજેય તમારું મલાવ

સરોવર મીનળનો મહાન્યાય ઉચ્ચારે છે. ધોળકાને પાદર મલાવતીરે ગુર્જર મહારાણીની ન્યાય પરાયણતાનો એ કાલાતીત કીર્તિસ્તંભ છે... ઘોઘામાં, પાલીતાણામાં, ભાવનગરમાં વલ્લભીખંડેરોમાં, દલપત ફાર્બસ રાસમાળાનો સામગ્રીભંડાર શોધતા, સંઘરતા'તા ત્યારે ધોળકે થઈને સૌરાષ્ટ્ર જતા આવતા. સાબર ને બાંધી હોત, ધોળકાને પૂર્વમાં ખેડા, નડિયાદ સંગાથે ને પશ્ચિમમાં વલ્લભ સિધ્ધાચળે સાંકળ્યું હોત તો આપણી ભૂગોળકલ્પના આજે નિરાળી જ હોત.''

ન્હાનાલાલ કવિની આ કલ્પના અંશતઃ આજે સાકાર થઈ છે. ધોળકા પૂર્વમાં નડિયાદ ખેડા સાથે ધોરીમાર્ગથી જોડાયેલું છે અને પશ્ચિમ માર્ગ બગોદરા થઈ લીંબડી તરફ સૌરાષ્ટ્રમાં જાય છે.

ધોળકા બારમી સદીથી જૈનો, સોલંકીઓ, વાઘેલાઓ, મુસ્લિમો, મરાઠાઓ અને બ્રિટીશરોના વહીવટ નીચે ઉત્તરોત્તર આવતું ગયું. જૈન મુસ્લિમ અને હિન્દુ ધર્મીઓના યાત્રાધામ સમા ધોળકામાં અનેક મંદિરો અને મસ્જિદોના ખંડેરો જોવા મળે છે. આ ધર્મસ્થાનો રાજ્યોનાં થતા ફેરફારને પરિણામે પરિવર્તિત સ્થિતિમાં જોવા મળે છે.

**'પાંચ પાંડવોની નિશાળ'** તરીકે ઓળખાતી હિલાલખાન ગાઝીની મસ્જિદની છતનો ભાગ હિન્દુ મંદિરોમાંથી જ સીધો ઉપાડીને ગોઠવ્યો હોય એમ લાગે છે. આ મસ્જિદને મિનારા નથી. અહીં હિન્દુ મંદિરોના સ્થાપત્યનો ઉપયોગ મસ્જિદમાં જોઈ શકાય છે. **'ભીમના રસોડા'** તરીકે ઓળખાતી ટાંકા મસ્જિદના સ્તંભો ઉપરથી નક્શી તથા છોલીને વિરૂપ કરેલ માનવ શિલ્પ ઉપરથી સ્પષ્ટ દષ્ટિગોચર થાય છે. મસ્જિદની આસપાસ અનેક ખંડિયેરો જોવા મળે છે.

આમ, ઈતિહાસનાં ખંડેરો સમું ધોળકા આજે જૈન, હિન્દુ અને મુસ્લિમ યુગના ભવ્ય ભૂતકાળની કરુણ ગાથા મૂક સ્વરૂપે રજૂ કરતું ઊભું છે.

બોમ્બે ગેઝેટીયરમાં ધોળકા શહેરની રચના વિષે લખાયેલ છે : ''લીલાં હરિયાળા ખેતરો તથા ફળાઉઝાડ, બે માઈલ જેટલી લંબાઈમાં વચ્ચે ત્રુટક ત્રુટક દશથી ત્રીસ ફૂટ એવા માટીના ટેકરાઓ અને તેમનાં અવશેષો તથા સુંદર મસ્જિદો અને બગીચાઓથી સમૃદ્ધ એવું આ શહેર દોઢ માઈલ લાંબુ અને પોણો માઈલ પહોળું છે. તેની ચારે તરફ ચાર માઈલના ઘેરાવામાં ખંડિત અને અવ્યવસ્થિત એવી માટીની દીવાલ આવેલી છે... ધોળકા એ ગુજરાતમાં સૌથી પ્રાચીન શહેરોમાંનું

એક છે અને તેણે હંમેશા એક મહત્ત્વના મથક તથા વ્યાપારના કેન્દ્ર તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.''

ધોળકા ફરતો ચાર માઈલના ઘેરાવામાં આવેલ માટીનો કિલ્લો આજે નષ્ટ પ્રાય થયો છે. પણ જૂના મંદિર-મસ્જિદોનાં ખંડેરો તથા જૂના વખતના સમૃદ્ધ મહોલ્લાઓના ખંડેરો ઠેરઠેર ફેલાયેલા દષ્ટિગોચર થાય છે.

ધોળકા અંગ્રેજોના કબજામાં આવ્યું, તે પછી થોડા વર્ષોમાં અગણોતેરો દુષ્કાળ (સંવત ૧૮૬૯ ઈ.સ.૧૯૧૩) પડ્યો. તેને લીધે વસ્તી ખૂબ ઘટી ગઈ અને હાથવણાટ, માટીના વાસણો, હાથના બલોયાં, પિત્તળના વાસણો અને લોઢાનાં ઓજારોના સ્થાનિક ગૃહઉદ્યોગ નાશ પામ્યા. અવશેષરૂપ થોડી ઘણી હાથશાળો ટકી રહી છે.

ધોળકા ઈ.સ. ૧૯૦૧ (સંવત ૧૯૫૬) માં અમદાવાદ સાથે રેલવે માર્ગ વડે જોડવામાં આવ્યું. ત્યારબાદ પચીસ વર્ષે ધંધુકા સાથે લંબાવેલ રેલવે આજે ઘણા વરસોથી સૌરાષ્ટ્રના બોટાદ-ભાવનગર સાથે જોડી દેવામાં આવેલ છે. અમદાવાદ-ભાવનગર રેલવે માર્ગને બ્રોડગેજ માર્ગમાં તબદીલ કરવામાં આવી રહ્યો છે. પરંતુ આજે રેલવે માર્ગ કરતાં ધોરી માર્ગ દ્વારા સૌરાષ્ટ્ર સાથેનો વાહનવ્યવહાર ખૂબ ઝડપથી વિકસી રહ્યો છે.

ધોળકાથી ૧૦ કિલોમીટર દૂર સપ્ત સંગમના ઓવારે વૌઠા તીર્થધામ આવેલું છે. વનવિચરણ કરતાં કરતાં ભગવાન સ્વામિનારાયણે નીલકંઠવર્ણી નામે આ ભૂમિને પાવન કરી છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ધોળકામાં જ્યાં હાલ આપણું મંદિર છે તે ભૂમિપર રહેલા બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યા હતો. અને તેની સાથે વસતા ભૂતો સાથે બ્રહ્મરાક્ષસને ગઢપુર ગોપીનાથજીના મંદિરના વિશાળ પાયા ઉન્મત ગંગામાંથી પથ્થરો લાવી પૂરવા મોકલ્યા હતા.

ધોળકામાં આવેલ ચંદ્રેશ્વર મહાદેવની પુરાતન જગ્યા શ્રીજીના ચરણ કમળથી પાવન થયેલ છે. મલાવ તળાવ અને ચકલી તળાવ પણ પ્રસાદીના છે.

અહીં સંવત ૧૮૮૩માં શ્રીજી મહારાજની આજ્ઞાથી મહાનુભાવાનંદ સ્વામીએ બંધાવેલ શિખરબદ્ધ મંદિરમાં શ્રી મોરલી મનોહર દેવની મૂર્તિપ્રતિષ્ઠા સ્વયં શ્રીજી મહારાજે સ્વહસ્તે કરી હતી.

## ૩. ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ

આપણા આર્ષ-દૃષ્ટા ઋષિ મુનિઓએ ધર્મગ્રંથોમાં પરમાત્માના અવતાર સંબંધી આગમવાણી મૂકી છે. બ્રહ્માંડ પુરાણમાં દર્શાવેલ છે કે :

**दत्तात्रेय कृते युगे त्रेतायां रघुनंदनः ।**
**द्वापरे वासुदेवः स्यात् कलौ स्वामी वृषात्मनः ॥**

સત્યુગમાં ભગવાન દત્તાત્રેય, ત્રેતાયુમાં ભગવાન રઘુનંદન, દ્વાપરયુગમાં ભગવાન વાસુદેવ અને કળિયુગમાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થશે. સ્કંધપુરાણમાં વાસુદેવ માહાત્મ્યના અઢારમાં અધ્યાયમાં આવી જ આર્ષવાણીનો ઉલ્લેખ છે. પૂર્ણાવતાર ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ આર્ષવાણી ઉચ્ચારતા બ્રહ્માજીને ઉદ્ધેશી કહે છે કે :

**मया कृष्णेन निहत्ताः सार्जुनेन रणेषु ये ।**
**प्रवर्त यिष्यत्यसुरास्ते त्वधर्म यदा क्षितौ ॥**

હે બ્રહ્મા, મારા અને અર્જુન વડે રણસંગ્રામમાં જે અસુરો હણાયા છે, તે અસુર તત્વો પૃથ્વી પર પુનઃ ઉપદ્રવ મચાવશે ત્યારે હું પુનઃ અવતાર ધારણ કરીશ.

**धर्मदेवात्तदा मूर्तौ नरनारायणात्मना ।**
**प्रवृत्तेपि कलौ ब्रह्मन्भूत्वाहं सामेगो द्विजः ॥**

હે બ્રહ્મા, ધર્મદેવ અને ભક્તિમાતા દ્વારા હું નરનારાયણ દેવ સ્વરૂપે સામવેદી બ્રાહ્મણ તરીકે કલિકાળને વિષે પુનઃ જન્મ ધારણ કરીશ.

**मुनि शापान्तुतं प्राप्तं सर्षिं जनकमात्मन ।**
**ततोविता गुरुभ्योहं सध्धर्मं स्थापयन्नजः ॥**

એ સમયે દુર્વાસા મુનિના શ્રાપને પામેલા મારા માતા પિતા અને ઋષિમુનિઓની રક્ષા કરીશ અને સત્ ધર્મની સ્થાપના કરીશ.

સ્કંદપુરાણમાં ઉલ્લેખિત આ આર્ષવાણી સંપૂર્ણપણે સાચી પડે છે. પરમાત્માના પૂર્ણ સ્વરૂપ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પૃથ્વી પર પ્રાદુર્ભાવ થાય છે. દુષ્ટોને પ્રેમ અને અહિંસાના આયુધથી જીતે છે અને સત્ધર્મની સ્થાપના કરે છે. શ્રીજી શુદ્ધ ઉપાસના અને ભક્તિ માર્ગને સહજ બનાવે છે.

શ્રી નરનારાયણ દ્વારા પરમાત્મા ભગવાને પોતે સ્વામિનારાયણ રૂપે

અવતાર ધારણ કર્યો, તેની સાંપ્રદાયિક કથા આ પ્રમાણે છે.

એક સમયે હિમાલયની ગિરિમાળા પર આવેલ બદ્રિકાશ્રમમાં મરિચ્યાદિક ઋષિઓ નરનારાયણદેવના દર્શન કરવા ગયા હતા. તેમની સાથે ધર્મદેવ પોતાની પત્ની મૂર્તિ સાથે પણ દર્શનાર્થે આવેલ હતા. આ સમયે ઋષિઓની સભા ભરાયેલી હતી, તે સભામાં શ્રી નરનારાયણદેવે પોતાના માતાપિતા ધર્મ અને ભક્તિનો સત્કાર કરી, પોતાની પાસે આસન પર બેસાડ્યા.

મરિચ્યાદિ ઋષિઓએ આ સભામાં ભરતખંડમાં વ્યાપી રહેલ અધર્મની વાત કરી. અને કળિયુગનો કેવો પ્રભાવ ભરતખંડમાં પ્રવર્તી રહ્યો છે, તેની ચર્ચા કરી.

આ સભા ચાલતી હતી, ત્યારે કૈલાસમાંથી દુર્વાસાઋષિ પણ શ્રી નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા માટે આવ્યા. તે સમયે સૌનું ધ્યાન ભરતખંડની વાતો સાંભળવામાં કેન્દ્રિત થયું હતું. તેથી દુર્વાસા મુનિના આગમનની ખબર ન પડતાં તેમનું સન્માન ન થયું. તે કારણે દુર્વાસામુનિ ક્રોધાયમાન થયા અને ધર્મ-ભક્તિ સહિત સૌ ઋષિમુનિઓને શ્રાપ આપ્યો "તમે સર્વે મારું અપમાન કરનારા ભરતખંડમાં મનુષ્ય શરીરને પામીને અસુરોથી અપમાન અને કષ્ટ પામો." આ સાંભળીને સૌ આકૂળવ્યાકૂળ થતાં ઋષિમુનિઓ દુર્વાસાના પગમાં પડી માફી માગવા લાગ્યા. દુર્વાસામુનિ શાંત પડતાં બોલ્યા, જે તમે બધા વાતો સાંભળવામાં તલ્લીન હતા. તેથી મારું સન્માન ન કરી શક્યા. તેની મને ખબર ન હતી. તેથી મેં શ્રાપ આપી દીધો છે. મારો શ્રાપ મિથ્યા તો નહિ થાય પણ મારો અનુગ્રહ છે કે ધર્મદેવ તથા પત્ની મૂર્તિ બ્રાહ્મણકુળમાં જન્મ ધારણ કરશે અને તેમના પુત્રરૂપે નરનારાયણ ભગવાન પ્રગટ થઈ, તમને સૌને અસુરોના ત્રાસમાંથી છોડાવશે."

ભગવાન શ્રી નારાયણ દેવે ઋષિગણ તથા દેવોની વિનંતીને ધ્યાનમાં લઈ, દુર્વાસા મુનિના શ્રાપને નિમિત્ત બનાવી, પૃથ્વી પર અવતાર ધારણ કરવાનો નિર્ણય કર્યો.

અક્ષરધામના મુક્તોને પણ આજ્ઞા કરી : "તમે પણ અમારી સાથે ભરતખંડમાં જન્મ ધારણ કરો અને મનુષ્ય જેવા બનીને અનેક મુમુક્ષોને અમારા સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવો."

ભગવાનના અનન્ય સખા શ્રી ઉદ્ધવજીએ સરયૂકિનારે અયોધ્યામાં સંવત

૧૭૯૫ (ઇ.સ.૧૭૩૯) ની શ્રાવણ વદ આઠમ (જન્માષ્ટમી)ના દિવસે જન્મ ધારણ કર્યો અને આત્માનંદ સ્વામી પાસે દિક્ષા લઈ રામાનંદ સ્વામી નામ ધારણ કર્યું અને પોતાના પૂર્વજન્મના નામથી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી.

શ્રી ધર્મદેવે અયોધ્યા નજીક ઈટાર ગામમાં સંવત ૧૭૯૬ (ઈ.સ. ૧૭૪૦) માં કારતક સુદ અગિયારસને દિવસે વિપ્ર બાલશર્મા અને તેમના પત્ની ભાગ્યવતી થકી જન્મ ધારણ કર્યો અને તેમનું દેવશર્મા નામ રાખ્યું. ત્યારબાદ ધર્મદેવ હરિપ્રસાદ નામથી પ્રસિદ્ધ થયા.

ધર્મના પત્ની મૂર્તિએ અયોધ્યા નજીક છપૈયામાં સંવત ૧૭૯૮ (ઈ.સ.૧૭૪૨)માં કાર્તિકી પૂર્ણિમાને દિવસે વિપ્ર શ્રી કૃષ્ણશર્મા અને તેમના પત્ની ભવાની થકી જન્મ ધારણ કર્યો અને તેમનું બાલા નામ ધારણ કરાવ્યું ત્યારબાદ 'ભક્તિ' નામે ઓળખાયા.

અન્ય મુક્તોએ પણ ભરતખંડમાં જુદાજુદા સ્થળે મનુષ્ય જન્મ ધારણ કર્યો.

સમય જતાં, ધર્મ અને ભક્તિ થકી, સર્વાવતારી અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણના ભગવાને દુર્વાસા મુનિના શ્રાપને નિમિત્ત બનાવી, સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ-૯ નવમી શ્રીરામનવમી તા.૦૨-૦૪-૧૭૮૧ ના રોજ રાત્રિના દસ ઘડી પછી દસ કલાક અને દસ મિનિટે અવતાર ધારણ કરી છપૈયામાં પ્રગટ થયા.

## ૪. અવતારી શ્રી અક્ષરાધિપતિ ભગવાન સ્વામિનારાયણના પ્રગટ થવાના છ હેતુઓ

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ભગવાનના પાદુર્ભાવના છ હેતુઓ બતાવેલ છે:

**स्मारंम्मारं श्रीसहजानन्दपदंश्री स्वामिब्रह्मानन्दमुनिप्रोक्तसुखाश्च ।**
**अस्मिल्लोकेखधर्मसुतस्यागमनेये षट्संख्यानेतान्वरेहेतू न्प्रवदामि ॥**

શ્રી સહજાનંદ સ્વામીના ચરણકમળનું સ્મરણ કરતાં કરતાં હું બ્રહ્માનંદમુનિ ધર્મદેવના પુત્ર એવા ભગવાન સ્વામિનારાયણને આ લોક પ્રત્યે આવવાના જે શ્રેષ્ઠ છ હેતુઓ છે, તે કહું છું.

**प्रभौप्रवेन्तः परैकान्तिकाये जनावैष्णवाः सन्तितेषांसुखाय ।**
**तदिच्छा प्रपूर्णायतल्लालनायाऽक्षरादागतस्तत्रहेतुः परोऽयम् ॥**

પોતના વિશે અતિશય પ્રીતિવાળા, પોતાના એકાંતિક ભક્તોને પોતાની મૂર્તિનું તથા પોતાના ભજનનું સુખ આપવા તેમજ તે સર્વેના મનોરથ પૂર્ણ કરી, તેમને લાડ લડાવવા શ્રી સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાંથી આ લોકમાં પ્રાદુર્ભાવ પામ્યા છે, તે પ્રથમ હેતુ છે.

**अधर्म्यासुरक्लेकशगौ भक्तिधर्मौ तयोरक्षणाय प्रवृत्यैपृथिव्याम् ।**
**स्वयंकोसलच्छुप्पयोधामधर्मा लयेजन्मजग्राह हेतुर्दितीयः ॥**

અધર્મીઓ અને અસૂરોથી કષ્ટ પામતાં ભક્તિધર્મનું રક્ષણ કરવા અને કોશલદેશમાં શ્રી છપૈયાને વિષે રહેલ ધર્મદેવના ઘેર જન્મ ધારણ કરવો એ બીજો હેતું છે.

**सदा स्वाक्षरस्थावतारीप्रभुर्यः ससर्वोपरिज्ञानमस्ति स्वकीयम् ।**
**निजोपासना यापृथिव्यां प्रवृत्यैतयोरागतोतहेतुरुक्त स्तृतीयः ॥**

સદા પોતાના અક્ષરધામમાં રહેલા અવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું - પોતાના સ્વરૂપનું સર્વોપરી જ્ઞાન તથા પોતાના સ્વરૂપની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા માટે પોતાના પાદુર્ભાવનો ત્રીજો હેતુ છે.

**स्वकीयावतारा स्तदीयाश्चभक्तानिजोपासनांज्ञानमाबोध्यतेषाम् ।**
**तथैतान्स्वधामाऽधिनेतुंविचिन्त्याऽऽगतः श्रीहरिहेतुरुक्तश्चतुर्थः ॥**

પોતાના અવતારોને તથા તેમના ભક્તોને આ પૃથ્વી પર મનુષ્ય રૂપ ધારણ કરાવીને, પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને, તે સર્વેને પોતાના અક્ષરધામમાં લઈ જવા તે ચોથો હેતુ છે.

**चिरान्नष्टएकान्तिको धर्मउर्व्यासतत्स्थापनायाऽसतांनिग्रहाय ।**
**सदैकान्तिकानासतांरक्षणायाऽऽगतः श्रीहरिः पञ्चमोहेतुरुक्तः ॥**

પૃથ્વી પર ઘણા સમયથી નાશ પામેલા એકાંતિક ધર્મની સ્થાપના કરવા, દુષ્ટજનોમાં રહેલી આસુરી સંપદાનો નાશ કરવા અને સત્પુરુષોના રક્ષણ માટે પોતાના પ્રાદુર્ભાવનો પાંચમો હેતુ છે.

**स्वयं पूर्वजीवा न्मुमुक्षून्निजोपासनाज्ञानमाबोध्यनेतुं स्वधाम ।**
**तथा स्वस्वभक्ताश्रयेणापि कर्तुं मुमुक्षुन्नवानागतः षष्ठहेतुः ॥**

પૂર્વના મુમુક્ષુજીવોને પોતાની ઉપાસના તથા જ્ઞાનનો બોધ આપીને પોતાના અક્ષરધામમાં લઈ જવા તથા પોતાનાં અને પોતાના મુક્તોના દર્શન સ્પર્શાદિક સંબંધે કરીને, એકાંતિક ભાવને પમાડી તેમનું આત્યંતિક કલ્યાણ કરવાનો છઠ્ઠો હેતુ છે.

પૂર્વે રામકૃષ્ણાદિ થયેલ અવતારો જે કાર્ય નિમિત્તે દેહધારણ કર્યા હતાં. તે કાર્ય પૂર્ણ થઈ જતાં, આ પૃથ્વીમાંથી અંતર્ધાન થયા હતા. આ અવતારોએ તો માત્ર અસુરોનો નાશ કર્યો. પણ ભગવાન સ્વામિનારાયણે અસુરોમાં રહેલી આસુરીવૃત્તિનો નાશ કરી નાખ્યો.

ભગવાનશ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ જીવોનું અનાદિ અજ્ઞાન ટાળી, કારણ શરીરની વાસના બાળી બ્રહ્મરૂપ કરી તે થતું આત્યંતિક કલ્યાણ કરવા માટે હતો.

## ૫. બાલ્યાવસ્થા અને ગૃહત્યાગ

સંવત ૧૮૩૭નો ચૈત્ર માસ અને શુકલ પક્ષની ૯મી તિથિ. ભગવાનશ્રી રામના પ્રાકટ્ય દિને - રામનવમીના દિવસે, પુષ્ય નક્ષત્રમાં દશ ઘડી પછી - દશ કલાક ને દશ મિનિટે છપૈયામાં સાક્ષાત્ પરમાત્માએ માતાપિતાને દિવ્યદર્શન આપી બદ્રિકાશ્રમનું સ્મરણ કરાવ્યું. સર્વાવતારી અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે દુર્વાસામુનિના શ્રાપને નિમિત્ત બનાવી, ધર્મ અને ભક્તિ થકી મનુષ્યદેહ ધારણ કર્યો અને છપૈયામાં સર્વત્ર આનંદ છવાઈ ગયો.

એક શુભ દિને માર્કંડેય મુનિ ધર્મદેવના ઘરે પધાર્યા અને નામકરણ વિધિ કર્યો, ધર્મદેવે મુનિના કહેવા પ્રમાણે બાળકના **'હરિ'**, **'કૃષ્ણ'** અને બંને નામ એકત્ર કરતાં **'હરિકૃષ્ણ'** એમ ત્રણ નામ પાડ્યા. ઘરનું હુલામણું નામ **'ઘનશ્યામ'** રાખ્યું.

ઘનશ્યામ ત્રણ વર્ષના થયા ત્યાં સુધીમાં કાલિદત્ત નામના અસુરે બાળ ઘનશ્યામના પ્રાણ હરિ લેવા બે વખત પ્રયાસ કરેલ. પ્રથમ જન્મ પછી છઠ્ઠીના દિવસે રમાડવાનું નિમિત્ત બનાવી, કૃત્યાઓને મોકલી હતી. ભાગી જતી કૃત્યા પાસેથી હનુમાનજીએ બાલ સ્વરૂપ પરમાત્માને લઈ ભક્તિમાતાને સોંપી દીધા.

બીજો પ્રયાસ કાલિદત્તે જાતે કર્યો. ચૌલ સંસ્કાર કર્યા પછી બાળકો છપૈયાના પાદરે બાલ ઘનશ્યામને આંબાના વૃક્ષ નીચે બેસાડી રમતમાં તલ્લીન હતા. તે સમયે કાલીદત્તે પોતાની માયાવી શક્તિ વડે સર્વત્ર અંધકાર કરી ભયંકર વાવાઝોડું સર્જ્યું. આંબાના વૃક્ષની ડાળીઓ ભાંગવા લાગી. બાળ ઘનશ્યામ તો આંબાની ભાંગેલી ડાળીઓ વચ્ચે ખિલખિલાટ હસતા હતા પણ કાલીદત્ત પોતે જ માયાજાળમાં ફસાયો અને મૃત્યુ પામ્યો.

બાળ ઘનશ્યામ છપૈયામાં અસુરોને હંફાવે છે પરંતુ માતાપિતાને હવે છપૈયામાં વધુ સમય રહેવું યોગ્ય ના લાગ્યું અને અયોધ્યામાં જઈને પોતાના મકાનમાં રહેવા લાગ્યા.

અયોધ્યા આવ્યા પછી ભક્તિમાતાએ સંવત ૧૮૪૨ના વૈશાખ સુદ બીજને દિવસે ત્રીજા પુત્રને જન્મ આપ્યો. એમનું નામ રાખ્યું : ઈચ્છારામ

પાંચમા વર્ષથી જ ઘનશ્યામે વિદ્યાભ્યાસ શરૂ કર્યો. વિદ્યાગુરુ હતા પિતા ધર્મદેવ. પિતાએ અભ્યાસ સાથે ધાર્મિક શિક્ષણ પણ આપ્યું . આઠમે વર્ષે ધર્મદેવે ઘનશ્યામનો ઉપનયન સંસ્કાર શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કર્યો.

ઘનશ્યામે વિદ્વાન ધર્મદેવ પાસે બેસીને શાસ્ત્રોનું અધ્યયન શરૂ કર્યું. બે વર્ષ જેટલા સમયમાં ચાર વેદ, છ વેદાંગ અને ષડ્દર્શનનો અભ્યાસ પૂર્ણ કર્યો. ગીતા, ભાગવત અને મહાભારત ગ્રંથનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો.

ઘનશ્યામમે શાસ્ત્રોનું જ્ઞાન ગ્રહણ કરી, સર્વશાસ્ત્રોના સાર રૂપ એક ગુટકો સ્વહસ્તે લખી તૈયાર કર્યો. જેમાં શ્રીમદ્ ભાગવતના પંચમ અને દશમ સ્કંધ, ગીતા, વિષ્ણુસહસ્ર નામ અને વિદૂર નિતિ, સ્કંદ પુરાણના વિષ્ણુખંડમાં કહેલું વાસુદેવ માહાત્મ્ય અને યાજ્ઞવલ્કય સ્મૃતિ સમાવી લેવામાં આવેલ. શાસ્ત્રોનો સાર તારવવાની બાળ ઘનશ્યામની દૃષ્ટિ અદ્વિતીય હતી. શાસ્ત્રોના સારંશનો આ ગુટકો જોઈ ધર્મદેવ ખૂબ રાજી થયા.

ઘનશ્યામમાં શાસ્ત્રોના અભ્યાસ સાથે વૈરાગ્ય વૃત્તિ પણ વધતી જતી હતી અને સંસારમાંથી આસક્તિ ઘટતી જતી હતી, પરંતુ માતાપિતાની લાગણી આગળ લાચાર હતા. ઘરનો ત્યાગ કરી શકે તેમ ન હતા.

ઘનશ્યામ મહારાજનો જન્મ થયા દશ વર્ષ વિતી ગયા છે. એક દિવસ ભક્તિમાતા બિમાર પડ્યા. વૈદની ઔષધિ લાગુ ન પડી. ભક્તિમાતાએ સંવત

૧૮૪૮ના કાર્તિક સુદ દશમને શનિવારે ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને દિવ્ય ગતિને પામ્યા. બાળઘનશ્યામ માતૃઋણમાંથી મુક્ત થયા.

એ જ રીતે ત્યારપછી સાતેક માસ પછી ધર્મદેવે સંવત ૧૮૪૮ના જેઠ વદ ચોથના રોજ ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને દિવ્ય દેહ ધારણ કર્યો. બાળ ઘનશ્યામ પિતૃ ઋણમાંથી પણ મુક્ત થયા.

હવે ઘનશ્યામે ગૃહત્યાગ કરવાનો નિર્ણય કરી લીધો હતો.

## ૬. શ્રી હરિની પદયાત્રા - ભારતદર્શન

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ઘનશ્યામ ઘેરથી નીકળ્યા, ત્યારે શરીર ઉપર શું ધારણ કર્યું હતું તેનું વર્ણન નીચે પ્રમાણે કરેલ છે :

*ઘર ઉપરથી ઉતર્યુ મન, વહાલું લાગે છે વસવું વન,*
*એક કૌપિન અને આચ્છાદન, તે વિના બીજું નથી વસન.*
*મૃગછાલાને તુલસીમાળ, ઉર્ધ્વપુંડ ચિહ્ન છે વિશાળ,*
*જટા મુકુટ મંડિત માથે, લીધો પલાશનો દંડ હાથે*
*ચારે શાસ્ત્ર તણા જેહ સાર, તેનું પુસ્તક ખભા મોઝાર,*
*મુંજી મેખલા કમંડલું કર, પાસે ભિક્ષાનું પાત્ર સુંદર.*
*બાળમુકુંદને શાળગ્રામ, બાંધ્યો કંઠે બટવો તે શ્યામ,*
*એવા થકા સરજુને તીર, આવ્યા ઉતરવા નદી નીર.*

**(ભક્ત ચિંતામણિ અ. ૨૬/કડી ૫૩ થી ૫૬)**

એ સમયે તેમણે કટિભાગમાં મુંજની મેખલા, કૌપિન, મૃગચર્મ, એક હાથમાં પલાશનો દંડ અને બીજા હાથમાં માળા, ભિક્ષાપાત્ર અને જલગરણું ધારણ કર્યું હતું. ખભે યજ્ઞોપવિત ધારણ કર્યું હતું. શાલીગ્રામ અને બાળમુકુંદનો બટવો ગળામાં ધારણ કર્યો હતો તથા શાસ્ત્રના સારાંશનો ગુટકો ધારણ કર્યો હતો. મસ્તકે સુંદર જટા શોભતી હતી અને લલાટમાં ઉર્ધ્વપુંડ્ર તીલક શોભતું હતું. આ રીતે બ્રહ્મચારી વેશે નીલકંઠ નામ ધારણ કરી, ૧૧ વર્ષ, ૩ માસ અને ૧ દિવસની ઉંમરે વનવિચરણની શરૂઆત કરી.

આ સમયે સરયૂ નદીમાં ભારે પૂર આવ્યું હતું. બાળ ઘનશ્યામ સરયૂ નદીના સામા કિનારે જવા માટે, હોડીની રાહ જોઈને ઊભા હતા. તે સમયે કૌશિકદત્ત

નામના અસૂરે પાછળથી ધક્કો મારી, ઘનશ્યામને સરયુ નદીનાં ઘૂઘવતા પૂરમાં ફેંકી દીધા. પૂરના પ્રવાહમાં બાર ગાઉ સુધી તણાયા પછી, બહાર નીકળ્યા અને ઉત્તર દિશામાં ચાલી નીકળ્યા અને ઝાડ નીચે રાતવાસો કર્યો.

પ્રાતઃકાળ થતાં નીલકંઠવર્ણી જાગ્યા. પ્રાતઃકર્મથી પરવારી, શાલિગ્રામની પૂજા કરી, ત્યાં કુળદેવતા હનુમાનજી આવીને ઊભા રહ્યા અને સાથે જંગલમાંથી લાવેલા સ્વાદિષ્ટ ફળો અર્પણ કર્યા. બાળઘનશ્યામે આ ફળો શાલિગ્રામને ધરાવીને આરોગ્યા.

'જમ્યા ચોથે દિવસ જીવન, કહ્યું હનુમાનજી ધન્ય ધન્ય !'

આ સમયે નીલકંઠવર્ણીએ કુળદેવતા હનુમાનજીની સ્તુતિ કરી.

## હનુમંત અષ્ટક

**રામભક્ત મહાવીર સીતાન્વેષણકરમ્ ।**
**અયોધ્યાનાથસંમાન્તાં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૧॥**

શ્રી રામના ભક્ત, મહાવીર, સીતાજીની શોધ કરનાર, અયોધ્યાપતિશ્રી રામચંદ્રજીના માનીતા, રઘુવંશપ્રેમી શ્રીવાનર સ્વરૂપ હનુમાનજીને હું વંદન કરું છું.

**યસ્ય ભ્રુકુટિમાત્રેણ દૈત્યદાનવરાક્ષસાઃ ।**
**નશ્યન્તિ પ્રેતભૂતાદ્યાં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૨॥**

જેમના ભ્રુકુટિના વક્રપણાથી જ દૈત્યો, દાનવો અને રાક્ષસો તેમજ ભૂત, પ્રેત વગેરે ભાગી જાય છે તેવા શ્રી હનુમાનજીને હું વંદન કરું છું.

**સીતેચ્છાપૂર્તિકર્તારં નિત્યં સ્તુત્યં કપિં વરમ્ ।**
**રામદાસપ્રિયં ચ ત્વાં કપિં વન્દે રઘુપ્રિયમ ॥૩॥**

સીતાજીની ઈચ્છા પૂરી કરનાર, હંમેશા સ્તુતિ કરવા લાયક કપિ શ્રેષ્ઠ, શ્રીરામના દાસોના પ્રિય હનુમાનજીને હું વંદન કરું છું.

**ડાકિનીનાશકં નિત્યં રામભક્તૌ પ્રતિષ્ઠિતમ્ ।**
**સદ્યો દુઃખસ્ય હર્તારં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૪॥**

ડાકિણીઓનો નાશ કરનારા, હમેશા શ્રીરામની ભક્તિમાં ખૂબ પ્રતિષ્ઠા મેળવનારા, દુઃખનો જલદી નાશ કરનારા શ્રી હનુમાનજીને હું વંદન કરું છું.

**સમુદ્રોલ્લંઘને શ્રેષ્ઠં પ્રેષ્ઠં રામસ્ય, ભક્તિદમ્ ।**
**અંજનીરગર્ભસંભૂતં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૫॥**

સમુદ્રનું ઉલ્લંઘન કરવામાં સર્વશ્રેષ્ઠ, ભગવાન રામચંદ્રજીના અતિશય પ્રિય, ભક્તિ આપનાર, અંજનીના પુત્ર શ્રી હનુમાનજીને હું વંદન કરું છું.

**હુંકારગર્જનારમ્યં પૌલસત્યારામભંજકમ્ ।**
**રાવણસ્યવિજેતારં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૬॥**

હુંકાર-ગર્જનાથી મનોહર લાગતા, રાવણના બાગને ભાંગી નાખતા, રાવણને છેતરીને વિજય પામતા એવા શ્રી હનુમાનજીને હું વંદન કરું છું.

**રામનામપ્રિયં ચૈવ કૃતભૂરિપરિશ્રમમ્ ।**
**સર્વસ્યાર્તિહરં સમ્યં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૭॥**

શ્રી રામચંદ્રજીનું નામ જેમને પ્રિય છે એવા, જેમણે શ્રીરામ માટે મહાન્ પરિશ્રમ કર્યો છે એવા, દરેકના દુઃખોને દૂર કરનારા શ્રી હનુમાનજીને હું વંદન કરું છું.

**બટુરૂપસ્ય ધર્તારં કષ્ટહર્તારમિષ્ટદમ્ ।**
**મમાગ્રે સ્થિતિકર્તારં કપિં વન્દે રઘુપ્રિયમ્ ॥૮॥**

બાળકનું (બટુકનું) રૂપ ધારણ કરનારા, બધા દુઃખોને દૂર કરનારા, મારી સામે ઉભા રહેલા શ્રી હનુમાનજીને હું વંદન કરું છું.

ત્યાંથી નીકળી નીલકંઠ હિમાલય દુર્ગમ માર્ગો અને વનપ્રદેશમાં ફરતાં ફરતાં હરિદ્વાર અને ઋષિકેશ થઈ બદ્રિનારાયણ આવ્યા. અહીં નીલકંઠવર્ણી ખુશાલ ભટ્ટને મળ્યા. ટોરડાના ખુશાલભટ્ટ વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા પછી ભારતની તીર્થયાત્રાએ નીકળ્યા હતા. ફરતાં ફરતાં પવિત્રતીર્થ ભૂમિ બદ્રિનારાયણમાં નીલકંઠવર્ણીના પ્રથમ દર્શન થયા. આ પવિત્ર દિવસ હતો સંવત ૧૮૫૫ના જેઠ સુદ અગિયારસનો. ખુશાલભટ્ટે શ્રીનીલકંઠ બ્રહ્મચારીના ચરણમાં શીશ નમાવી સાષ્ટાંગ દંડવત્ કર્યા. નીકલંઠે ખુશાલ ભટ્ટનો હાથ પકડી ઉભા કર્યા અને હૃદય સાથે ચાંપ્યા અને કહ્યું કે તમે તમારા ગામ પાછા જાઓ અને માતાપિતાને મળો. હું તમને સંવત ૧૮૫૯ ના કારતક સુદ અગિયારસના રોજ તમારા ગામે અચલેશ્વર મહાદેવના દહેરામાં વિપ્રવેશે તેડવા આવીશ. આ અમારી આજ્ઞા છે. આ હતુ સત્સંગમાં સુપ્રસિદ્ધ ગોપાળાનંદ સ્વામીનું નીલકંઠવર્ણી સાથેનું પ્રથમ મિલન.

નીલકંઠની હિમાલય યાત્રા એકધારી ચાલુ જ હતી. ત્યાંથી ફરતાં ફરતાં પુલહાશ્રમ આવ્યા. માત્ર દર્શન કરવાથી મુક્તિ મળે તેવું આ તીર્થ. આ તીર્થભૂમિમાં નીલકંઠે કઠોર તપશ્ચર્યા આદરી, ઉપદેશથી નહિ પણ આચરણથી તપનું સ્વરૂપ સમજાવ્યું. ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલતાં ચાલતાં હિમાલયની તળેટીમાં એક ભયંકર વન આવ્યું. થોડા દિવસની યાત્રા બાદ તે યોગવિદ્યાના અપૂર્વ જ્ઞાતા ગોપાળયોગીને મળ્યા. ત્યાં એક વરસ રહી અષ્ટાંગયોગ શીખ્યા.

ત્યાંથી બંગાળ દેશના સીરપુર શહેરમાં ચાતુર્માસ રહી ત્યાંના રાજા સિદ્ધવલ્લભને આશ્રિત બનાવ્યો. ત્યાંથી નીલકંઠ વર્ણી કામાક્ષી દેવીની સમીપમાં આવેલ ગામમાં રહેલા કાલીમાતાના ઉપાસક પીબૈકના ગર્વનું ખંડન કરી આશ્રિત બનાવ્યો. ત્યાંથી નવલખા પર્વત પર આવ્યા. આ સ્થળે તપ કરતા નવલાખ યોગીઓને નવલાખ રૂપ ધારણ કરી એક સાથે એક જ સમયે મળ્યા.

શ્રીહરિ ત્યાંથી બાલાકુંડ થઈ ગંગાસાગર આવ્યા. ત્યાં ગંગા-સિંધુના સંગમમાં સ્નાન કરી, ખાડી ઉતરી કપિલાશ્રમ થઈ, જગન્નાથપુરી આવ્યા. અહીં હરિ દસ માસ રહ્યા. અધર્મનો નાશ કર્યો, ધર્મની સંશુદ્ધિ કરી, મંદિરમાં જઈ જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કર્યો અને પૂજારીના દંભ અને છળકપટ જોઈ તેને ખુલ્લો પાડ્યો. (ગ.પ્ર. વચનામૃત. ૬૮)

જગન્નાથપુરીથી દક્ષિણ તરફ ચાલતાં આદિકૂર્મ થઈ, વૈંકટાદ્રિ, શિવકાશી, વિષ્ણુંકાંચી, શ્રીરંગક્ષેત્ર, રામેશ્વર, સુંદરરાજ, કન્યાકુમારી, પદ્મનાભ, જનાર્દન, આદિકેશવ, ક્રિષ્કિંધા-પંપાસરોવર થઈ પંઢરપુર આવ્યા. ચંદ્રભાગાના કિનારે આવેલ આ શહેરમાં બે માસ રોકાયા, ત્યાં વિઠોબાના દર્શન કર્યાં.

પંઢરપુરથી નીલકંઠવર્ણી દંડકારણ્ય થઈ નાસિક માર્ગે ત્ર્યંબકેશ્વર આવ્યા અને નીલકંઠ મહાદેવના દર્શન કર્યાં. ત્યાંથી માલેગાંવ, ધૂળીયા થઈ ગુજરાતની ભૂમિને પાવન કરી.

ગુજરાતમાં તાપી નદી ઉતરી સૂર્યપુર (સુરત) થઈ નર્મદા પાર કરી ભૃગુપુર (ભરૂચ) આવ્યા. ત્યાંથી અનસૂયા, ચાંદોદ, કરનાળી, ડભોઈ થઈને વડોદરા આવ્યા અને શહેરની મધ્યે માંડવીમાં એક રાત ગાળી.

શ્રીહરિ ત્યાંથી બુધેજ થઈ ધોળકાના માર્ગે ગાંફ થઈ ધોલેરા પધાર્યા. ત્યાંથી ભીમનાથ થઈ ગોપનાથ મહાદેવના દર્શન કરી ગુપ્ત પ્રયાગ થઈ ગિરનારની યાત્રા

કરી માંગરોળ બંદરે આવ્યા. ત્યાં થોડો સમય રોકાઈ સંવત ૧૮૫૫ના શ્રાવણ વદ છઠ્ઠ (તારીખ ૨૧-૮-૧૭૯૯)ના મંગલકારી દિને કૃશ શરીરધારી વૈરાગ્ય મૂર્તિ સમા બ્રહ્મચારીરૂપે નીલકંઠ લોજ ગામની ભાગોળે આવેલ વાવ પર બેઠા.

આમ ઓગણીસ વર્ષની વયે નીલકંઠવર્ણીએ ૭ વરસ ૧ માસ ૧૧ દિવસ વિચરણ કરી પોતાના ચરણ કમળથી ભારતની અનેક તીર્થ ભૂમિઓને ગૌરવાન્વિત કરી.

અહીં લોજ ગામમાં શ્રીકૃષ્ણ ભગવાનના સખા ઉદ્ધવજીના અવતાર એવા રામાનંદ સ્વામીનો આશ્રમ હતો, તેમાં મુક્તાનંદ આદિક ૫૦ સાધુઓ રહેતા હતા તેમને મળ્યા અને મુક્તાનંદ સ્વામીના આગ્રહથી કેટલાક માસ રોકાયા.

# ૭. નીલકંઠે ધર્મધુરા ગ્રહણ કરી

નીલકંઠ બ્રહ્મચારીનો સૌ પ્રથમ મેળાપ રામાનંદ સ્વામી સાથે સંવત ૧૮૫૬ના જેઠ વદ ૧૨ (તારીખ ૧૯-૬-૧૮૦૦)ના રોજ પીપલાણા ગામે નરસિંહ મહેતા નામના વિપ્રને ઘેર થયો. સંપ્રદાયના ઈતિહાસમાં આ દિન મંગળકારી લેખાય છે. રામાનંદસ્વામી અને નીલકંઠવર્ણીનું આ પ્રથમ ભૌતિક મિલન હતું.

**त्वम् स्मदीयोऽसि वर्णिन्** તમે તો અમારા જ છો એવા અંતરના ઉમળકાભર્યા શબ્દોથી રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને આવકાર્યા ત્યારે હાજર રહેલ સૌ આનંદાશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. બધાની કુતૂહલવૃત્તિ સંતોષવા માટે રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીના પિતા અને પોતાના શિષ્ય ધર્મદેવનો ઈતિહાસ બધાને કહ્યો. નીલકંઠ વર્ણીને રામાનંદ સ્વામી મળવાથી અતિ આનંદ થયો અને રામાનંદ સ્વામીએ જાણ્યું કે નીલકંઠવર્ણી મુક્તાનંદ સ્વામી પાસે દશ માસ રહી દાસાનુદાસ ભાવે સેવા કરતા હતા, ત્યારે એમના આનંદની સીમા ન રહી.

નીલકંઠ બ્રહ્મચારી ત્યાં શિષ્યભાવે રહ્યા અને થોડા સમય પછી ચાતુર્માસ પૂરો થતાં, રામાનંદ સ્વામીએ સંવત ૧૮૫૭ના કારતક સુદ એકાદશી (તારીખ ૨૮-૧૦-૧૮૦૦)ના પવિત્ર દિવસે પીપલાણામાં ભાગવતી મહાદીક્ષા આપી, રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને **સહજાનંદ** અને **નારાયણ મુનિ** એમ બે નામથી સંબોધ્યા.

બરાબર એક વર્ષ બાદ, સંવત ૧૮૫૮ની પ્રબોધિની એકાદશીને દિવસે

જેતપુરમાં રામાનંદ સ્વામીએ વિશાળ સભા સમક્ષ સહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધુરા સોંપી અને અંતિમ ઉપદેશ આપ્યો :

"આજથી સંપ્રદાયની ધુરા તમારા હાથમાં છે. સદ્. ધર્મનો પ્રચાર કરી સદાચારની પ્રતિષ્ઠા વધારજો અને એકાંતિક ભક્તિ દ્વારા મોક્ષનો માર્ગ સરળ છે, તે હરિભક્તોને સમજાવજો."

સંતો અને સત્સંગીઓની સભાને સંબોધતા રામાનંદ સ્વામીએ કહ્યું : 'હવેથી સૌ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. મારું જીવન-કાર્ય અહીં પૂર્ણ થાય છે. મેં અગાઉ ઘણીવાર કહ્યું છે કે હું તો **'ડુગડુગી વગાડનાર'** છું. સાચો નટ તો હવે આવવાનો છે અને એ આ સહજાનંદ સ્વામી જ છે.

રામાનંદ સ્વામી પાસેથી ધર્મધુરા ધારણ કરતી વખતે સહજાનંદ સ્વામીએ ગુરુ પાસે તેમની પ્રસન્નતા જોઈને બે વરદાન માગ્યાં.

**त्वत्सत्सङ्गयुता जना यदि गुरो शालूक्य दुःखान्विता**
**स्तन्मै रोमपदेषु दुःखमभिकं संकौटिशौं जायताम् ॥**
**स्वाद्वन्नैवसनैः प्रजेश सुमुदा युक्ता भवेयुश्च ते**
**भिक्षापात्र मयो ममैव भक्ताद् वन्दे वृणन्तं वरम् ॥**

(૧) મારા ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તેને બદલે મને એકએક રુંવાડે કોટિકોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ મારા ભક્તને દુઃખ ન થાઓ.

(૨) મારા ભક્તને પ્રારબ્ધમાં રામપાતર મળે તેમ હોય તો તે રામપાતર મને મળો. પણ મારા શિષ્યો અન્નવસ્ત્રે દુઃખી ન થાઓ.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ અતિ પ્રસન્ન ચિત્તે આવી જનકલ્યાણની ભાવનાવાળાં બંને વરદાન આપ્યાં.

એકાદ માસના ટૂંકા ગાળામાં સંવત્ ૧૮૫૮ના માગશર સુદી ૧૩ને રોજ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ પોતાની જીવનલીલા સંકેલી લઈ, ભૌતિક દેહનો ત્યાગ સોરઠમાં ફરેણી ગામે કર્યો. સહજાનંદ સ્વામીએ હરિભક્તોને **'સ્વામિનારાયણ'** નામનો મહામંત્ર આપ્યો અને તેઓ સ્વામિનારાયણ નામે પ્રસિદ્ધ થયા.

થોડાં સમય પછી ભગવાન સ્વામિનારાયણે અનેક જીવના આત્યંતિક કલ્યાણ માટે બહોળા શિષ્ય સમુદાય સાથે ગામે ગામ વિચરણ શરૂ કર્યું. સદ્ધર્મની સ્થાપના કરી, શુદ્ધ ઉપાસના અને ભક્તિમાર્ગને સહજ અને સરળ

બનાવ્યા. ભક્તિમાર્ગનો આ પ્રવાહ અવિરતપણે ચાલ્યા કરે તે માટે આચાર-વિચાર, નિયમ, વ્રતોની પરંપરા ઊભી કરી.

## ૮. મંદિર નિર્માણ કાર્ય

ભગવાન સ્વામિનારાયણે સંપ્રદાય દિન પ્રતિદિન-ઉત્તરોત્તર વૃધ્ધિ પામતો રહે અને આશ્રિતોમાં ભક્તિરસની સરવાણી સતત વિસ્તરતી રહે તેવા સર્વ જીવોના હિત અર્થે ત્રણ મહત્ત્વના સંકલ્પો કર્યા.

**(૧) મંદિર - નિર્માણ :** પૃથ્વી પર મોટા મંદિરો તૈયાર કરાવી તેમાં ભગવત્ સ્વરૂપોની સ્થાપના કરવી.

ભગવાન સ્વામિનારાયણે સૌ પ્રથમ આ ગૂઢ સંકલ્પનો વિચાર કર્યો ''તે તે દેશમાં મહામંદિર કરાવીને તેમાં, મારી મૂર્તિઓ સ્થાપન કરું કે જેથી મનુષ્યો તે તે મૂર્તિઓની ભક્તિ કરી શકે, સ્વધર્મમાં રહી, તે તે મૂર્તિઓની સેવા કરવાથી તે સર્વે મનુષ્યો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે.

*''જીયાં લગિ દર્શન અમે દૈયે રે, વળી સમૈયે અમે આવિયે રે,*
*પણ અવાય નહિ સમૈયે રે, દર્શન વિના દાઝે જન હૈયે રે,*
*માટે મૂર્તિઓ અતિ સારી રે, કરી મંદિરે દિયો બેસારી રે,*
*તેને પૂજે પ્રેમ વધારી રે, ત્યાગી ગૃહી વળી નરનારી રે,*
*એમ વાલમે કર્યો વિચાર રે, માડ્યાં મંદિર કરવા તે વાર રે.*

પ્રકાર - ૨૫

**(૨) આચાર્ય પદની સ્થાપના :** મુમુક્ષુજનોને મંત્રદીક્ષા અને સંતોને ભાગવતી દીક્ષા આપવાની પરંપરા ચાલુ રાખવા અને સંપ્રદાયની વહીવટી અને આધ્યાત્મિક જવાબદારીઓ સંભાળવા ધર્મવંશમાં આચાર્ય પદની સ્થાપના કરવી.

ભગવાન સ્વામિનારાયણે બીજા ગૂઢ સંકલ્પનો આ રીતે વિચાર કર્યો : ''ભક્તિમાર્ગની પુષ્ટિ માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે, માટે શુદ્ધ ધર્મકુળમાં ગુરુપદ - આચાર્યપદ સ્થાપન કરું.''

શ્રી હરિએ સ્વયં કરેલ આ વાત વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં ધર્મવંશી આચાર્યનું માહાત્મ્ય દર્શાવતા નીચે પ્રમાણે કહી છે :

*મારા ધામમાં આવવા સારૂ રે, એવા કર્યા ઉપાય બહું રે,*
*સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપાર રે ॥*
*પણ છેલ્લો જે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માય રે,*
*ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે ॥*
*કામ કર્યું છે એહ સારું રે, મન માન્યું છે બહુ અમારું રે,*
*કાં જે એ છે ધર્મનું કૂળ રે, મને એ વાતનું ઊંડુ મૂળ રે ॥*
*જેવું અમારું કૂળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે,*
*માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે ॥*

**(૩) શાસ્ત્ર - સર્જન :** સંપ્રદાયના આશ્રિતો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરૂપને યથાર્થ સમજી શકે તે માટે સંપ્રદાયના શાસ્ત્રોની રચના કરવી.

ભગવાન સ્વામિનારાયણે આ ત્રીજા ગૂઢ સંકલ્પ દ્વારા સત્શાસ્ત્રોની રચનાઓ કરવા વિચાર કર્યો. “મારા આશ્રિતો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું સ્વરૂપ યથાર્થપણે જાણી શકે તે માટે મારા સદ્‌સિદ્ધાંતોને આવરી લેતો મારા લીલાચરિત્રોથી પૂર્ણ એવા ગ્રંથની રચના શતાનંદમુનિ પાસે કરાવું.”

શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર સિદ્ધમુક્ત શતાનંદમુનિએ સત્સંગિજીવન ગ્રંથની રચના કરી. શ્રી હરિએ સ્વયં કહ્યું છે.

*ધર્માંમૃત નિષ્કામશુદ્ધિ રે, વળી શિક્ષાપત્રી લખી દીધી રે,*
*એહ વિના બીજા જે છે ગ્રંથ રે, કર્યા અમે કલ્યાણને અર્થે રે;*

(પ્રકાર ૪૬)

*છેલ્લી વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રે ’જ્યો રે,*
*શિક્ષાપત્રી માંહી અમે રે’શું રે, રહી એમાં સહુને સુખ દેશું રે;*

(પ્રકાર ૪૮)

ભગવાન સ્વામિનારાયણના મંદિર-નિર્માણના પ્રથમ સંકલ્પ અનુસાર તે તે ગામના હરિભક્તોએ મંદિર-નિર્માણ તથા તેમાં મૂર્તિ સ્થાપન માટે શ્રી હરિને પ્રાર્થના કરી અને શ્રી હરિએ સંપ્રદાયના નીચેના મુખ્ય નવ મંદિરો બંધાવી તેમાં જાતે દેવસ્વરૂપો ની મૂર્તિ-પ્રતિષ્ઠા કરી, સ્થાપના કરી.

| ગામ | દેવ | સંવત સ્થાપના વર્ષ | માસ | તિથિ | ઈ.સ. |
|---|---|---|---|---|---|
| ૧. અમદાવાદ | શ્રી નરનારાયણ દેવ | ૧૮૭૮ | ફાગણ સુદ | ત્રીજ | ૨૪-૦૨-૧૮૨૨ |
| ૨. મૂળી | શ્રી રાધાકૃષ્ણ દેવ | ૧૮૭૯ | મહા સુદ | પાંચમ | ૧૭-૦૧-૧૮૨૩ |
| ૩. ભૂજ | શ્રી નરનારાયણ દેવ | ૧૮૭૯ | વૈશાખ સુદ | પાંચમ | ૧૫-૦૨-૧૮૨૩ |
| ૪. વડતાલ | શ્રી લક્ષ્મીનારાયણ દેવ | ૧૮૮૧ | કાર્તિક સુદ | બારસ | ૦૩-૧૧-૧૮૨૪ |
| ૫. જેતલપુર | શ્રી રેવતી બળદેવજી | ૧૮૮૨ | ફાગણ વદ | આઠમ | ૩૧-૦૩-૧૮૨૬ |
| ૬. ધોલેરા | શ્રી મદનમોહન મહારાજ | ૧૮૮૨ | વૈશાખ સુદ | તેરસ | ૧૯-૦૫-૧૮૨૬ |
| ૭. ધોળકા | શ્રી મોરલી મનોહર દેવ | ૧૮૮૩ | વૈશાખ વદ | પાંચમ | ૧૫-૦૫-૧૮૨૭ |
| ૮. જૂનાગઢ | શ્રી રાધારમણ દેવ | ૧૮૮૪ | વૈશાખ વદ | બીજ | ૦૧-૦૫-૧૮૨૮ |
| ૯. ગઢડા | શ્રી ગોપીનાથજી મહારાજ | ૧૮૮૫ | આસો સુદ | બારસ | ૦૯-૧૦-૧૮૨૯ |

આમ, શ્રી હરિના મંદિર-નિર્માણનો સંકલ્પ સૌ પ્રથમ વાર અમદાવાદમાં શ્રી નરનારયણ દેવની મૂર્તિ પધરાવી મૂર્તિમંત થાય છે. ત્યારબાદ અનુક્રમે મૂળી, ભૂજ, વડતાલ, જેતલપુર અને ધોલેરામાં શ્રી હરિના વરદ્ હસ્તે દેવસ્વરૂપો પધરાવી, મૂર્તિપ્રતિષ્ઠા કરી ભવ્ય મંદિરોનું નિર્માણ થાય છે.

હવે, શ્રી હરિ ધોળકા, ધવલપુરમાં ત્યાંના શ્રી રેવાશંકરભાઈ આદિ હરિભક્તોની વિનંતીથી સંવત ૧૮૮૩ના વૈશાખ વદ પાંચમના દિવસે પોતે શ્રી મોરલી મનોહર - કૃષ્ણ અને રાધિકાજીની મૂર્તિઓનો પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવી, મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ કરે છે.

આવો, આ ધોળકાની પાવન ભૂમિ પર શ્રી હરિએ સ્વહસ્તે પધરાવેલ **મોરલી મનોહર દેવ**ની દિવ્યતાનું દર્શન કરી પાવન થઈએ.

## ૯. શ્રીહરિ ધોળકામાં

શ્રીહરિએ નીલકંઠ નામ ધારણ કરી જન્મસ્થાન છપૈયાપુરથી નીકળી સાત વર્ષની કઠીન પદયાત્રા કરતાં કરતાં સંવત ૧૮૫૬માં ગુજરાતમાં મંગલ પ્રવેશ

કર્યો. આ સમયગાળામાં ધોલેરા જતાં ધોળકાના ધોરી માર્ગ પરથી પસાર થઈ, આ ભૂમિને પ્રથમવાર તેમની ચરણરજથી પાવન કરેલ હતી, ધોળકામાં શ્રીહરિ પાંચ વખત પધાર્યા હતા.

શ્રી હરિએ અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની સ્થાપના સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજને દિવસે સ્વહસ્તે કરી હતી. તે પછી ત્રીજા દિવસે સંવત ૧૮૭૮ના ફાગણ સુદ પાંચમના દિવસે ધોળકામાં મલાવ તળાવની બાજુમાં ચકલી તળાવને કાંઠે એક રાત રોકાયા હતા અને સ્નાન કરેલું છે. અહીં મહાનુભાવાનંદ સ્વામીએ પધરાવેલ હનુમાનજીની દેરી છે અને ચરણારવિંદ પ્રસાદીના છે. બીજા દિવસે કોઠ પાસે ગણેશ ધોળકાની રાયણોમાં ગુપ્તપણે રહ્યા.

ગઢડા મધ્યના બાવીસમાં વચનામૃતમાં તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે : અમે અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસનો મેળો ભરાયો હતો. પછી જ્યારે શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણ ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા. તે જેતલપુર જઈને રાત રહ્યા પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, (જેટલાં માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે, તેને ટાળી નાખવી,) પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશે દુઃખ થયું. તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા અને ધોળકાના ચાલ્યા અને એ વિચારમાં ગામ કોઠની પાસે ગણેશ ધોળકાની રાયણોમાં જઈને તે રહ્યા, તે વિચાર એવો કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી. પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી... તેવી રીતે સર્વે ઘાટ ટાળી નાખ્યા અને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે અંતર્દષ્ટિ રહેવા માંડી... એક શ્રી નરનારાયણ વિના બીજું કાંઈ ગમ્યું નહિં.

શ્રીહરિ એક વખત નાગનાથ મહાદેવના મંદિરમાં આવેલા છે. મંદિરની ઉત્તરબાજુમાં ઓરડી હતી, ત્યાં શ્રીજીમહારાજે નિવાસ કરેલ અહીં શ્રીજીમહારાજે વિશાળ સભા કરી બોધ આપેલો છે. ધોળકા ગામના લોકોએ સામૈયું કરીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા હતા. આમ આ નાગનાથ મહાદેવ - ચંદ્રમૌલીશ્વર મહાદેવનું મંદિર પ્રસાદીનું છે. મંદિરની ડાબી બાજુએ એક જૂની વાવ આવેલી છે. તેની અંદર ઉત્તરાણમાં ડાબી બાજુના ગોખલામાં શેષશાયી વિષ્ણુની પ્રતિમા છે.

એક વખત શ્રી રેવાશંકરભાઈએ શ્રીહરિને ધોળકા પધારી, પોતાનું ઘર પાવન કરવા કહ્યું. શ્રીહરિ ધોળકામાં આવતાં તેમનું ભાવપૂર્વક ધોળકાના ગામ લોકો અને હરિભક્તોએ સ્વાગત કર્યું, હરિભક્તોની વિનંતીથી તેમને ઘેર પણ શ્રીજી પધાર્યા હતા અને શ્રી રેવાશંકરભાઈને ત્યાં કેળા, રોટલી અને સાકર જમ્યા હતા અને પાર્ષદોને જમાડ્યા હતા.

**"ધોલકા ગનેશ ધોલકે, તિયાં રહે હરિ એકાંત ખોળકે ।**
**ચલોડા ગામ બાવલે બહુનામી, ત્યાં સે પીછે ચલે સમર્થ સ્વામી ॥"**

## ૧૦. ધોળકા મંદિર માટે ભૂમિદાન

શ્રીહરિએ વડતાલમાં સંવત ૧૮૮૧ ના કાર્તિક સુદ બારસના શુભદિને શ્રી લક્ષ્મીનારાયણ દેવની સ્વહસ્તે સ્થાપના કરી તે સમય પછી એક વખત, ચરોતરના હરિભક્તો શ્રીહરિના દર્શન કરવા વડતાલ આવ્યા અને ષોડશોપચારથી શ્રી હરિનું પૂજન કરી હાર પહેરાવી, આરતી ઉતારી અને સાથે લાવેલ મેવા મીઠાઈ તથા ફળફળાદિ અને વસ્ત્ર આભૂષણ ભેટ ધર્યા. એ જ સમયે ધોળકાના હરિભક્તો પણ આવ્યા હતા. તેમણે પણ ભક્તિભાવ પૂર્વક પૂજન કર્યું. વિપ્ર રેવાશંકરભાઈ કેળાનું ગાડું ભરીને લાવ્યા હતા. તે શ્રીજીને અર્પણ કર્યા. ધોળકાના હરિભક્તોની સેવાથી શ્રીહરિ પ્રસન્ન થયા.

આ સમયે શ્રી રેવાશંકરભાઈએ શ્રીહરિને ધોળકામાં મંદિર બનાવવા માટે પ્રાર્થના કરી અને તે માટે ધોળકામાં જમીન દાનમાં આપવાની તત્પરતા દાખવી અને સાથે આવેલ હરિભક્તોએ તન,મન અને ધનથી સેવા આપવાની ખાતરી આપી.

શ્રીહરિએ ધોળકાના હરિભક્તોની વિનંતી પ્રસન્નચિત્તે સ્વીકારી અને મંદિરમાં પધરાવવા માટે રાધાકૃષ્ણ દેવની મૂર્તિઓ આપી. રેવાશંકરભાઈ જે ગાડામાં કેળા લાવ્યા હતા તે જ ગાડામાં મૂર્તિઓ ધોળકા લાવ્યા અને પોતાના મકાનમાં આ મૂર્તિઓ પધરાવી.

શ્રી રેવાશંકરભાઈની ભાવના હતી કે જેમ બને તેમ જલદી ધોળકામાં મંદિર બને. તેથી આ તેમના મકાનની વિશાળ જમીન મંદિરને કૃષ્ણાર્પણ કરી અને તે

અંગેનો દસ્તાવેજ સંવત ૧૮૮૧ ની વિજયાદશમીને રોજ એક રૂપિયાના સ્ટેમ્પ પર કરી આપ્યો.

નોંધ : જે સ્થળે રાધાકૃષ્ણદેવની મૂર્તિ પધરાવી હતી. તે પ્રસાદીના સ્થળે હાલમાં છત્રી બનાવીને ત્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણાવિંદ પધરાવેલ છે.

## લેખની (દસ્તાવેજ) નકલ નીચે પ્રમાણે છે.

સંવત ૧૮૮૧ના વરખે આસો સુદી ૧૦ ને સામી સહેજાનંદજી મહારાજ જોગ લી. કસ્બે ધોળકાના હરીભગત સતસંગી રેવાશંકર પરજારામ રહેવાસી કસ્બે ઉંડા પાડાના ચકલામાં બે ફળીયાના લીમીડાની ઉગમણીકોરનું મંદિર તમામ ધરમસાળા વગેરે તમોને લખું છુ. તેહેના ખુંટની વીગત ઉગમણી કોરા પોળ મધ્યે છે. તે પોતાનું મધ્યનું બારણું છે. તે બારણાની ચાલ આથમણી છે. તેમાં રૂપ ભોગવતા ઉત્તર દિશા ભણીના ઘરોમાં ભાયલાલ ભટ્ટના કરા છે. તો પછમી દીશામાં બારણું - ઓટલા આ મંદિરના છે. ને ઓટલાની નીચે પાણી જવાનો ખાળ છે. ને ઉપર લખેલી એ જ દીસા ભણી મીઠાવાણીયાની પોળ અમારાથી થોડીક નદજીક હાડાની હાથ છે. ને એ મંદિરની જગામાં ધરમસાળા દખણાદી ભણી છે. તેમાં ઓરડીઓ બે છે. ઉગમણી દીસા ભણી બારણા છે. ને ઉપર લખેલી એ મંદિરમાં ધરમસાળાનો પછવાડો છે. તે મધે એ મંદિરને પેટે કૂવો છે. ને એ મંદિરની જગીયાને પેટે છે. આ મંદીરની તમામ જગ્યા છે. તે તમને શ્રી લખીનારા મંદિરની કષ્ણાર્પણ અમોએ આપી છે. તેમાં અમારો કાંઈ દરદાવો - અલાખો નથી. ને આ મંદિરની તમામ જગો આ કુવા સુધાંત અમો અમારી ખુશીથી - અકલહુશીયારીથી લખીનાર અમને શાનીધ કષણારપણ તમને આપું છું. તે સહી છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અતરે (અત્રે) મતું | ૧ | અતરે (અત્રે) | શાખ |
| ૧ | રેવાશંકર પરજારામ ધોળકાના | ૧ | શ્રી સુરજ | શાખ |
| | હરિભગત સત્સંગી મતું | ૧ | ભટ નારણજી ત્રિકમજી | શાખ |
| | ઉપર લખ્યું છે, તે સહી છે. | ૧ | અંદરજી પરજારામ | શાખ |
| | દ : પોતે હાથે સહી કરેલ છે. | ૧ | નરભેરામ જીવા | શાખ |
| | | | (આમ એકંદર આઠ શાખ છે) | |

**નોંધ :** આ મૂળ લેખની ઝેરોક્ષ નકલ મંદિરને મકાન-જમીન સમર્પિત કરનાર સત્સંગી શ્રી રેવાશંકર ભાઈના વંશજો પાસેથી મળેલ છે. તેમાં આવતા સામી(સ્વામી), વરખે (વરસે) કસ્બો(તાલુકો) દીસા (દિશા) અતરે (અત્રે) અલાખો ઈત્યાદિ તે વખતે જે રીતે લખાયેલ, તેમ જ આપેલ છે.

## ૧૧. મૂર્તિ - પ્રતિષ્ઠા માટે નિમંત્રણ

થોડા સમયમાં જ ધોળકામાં મંદિર બનાવવા માટે સ.ગુ. પૂર્ણાનંદ સ્વામીએ પાયા ખોદાવી ચણતર કામની શરૂઆત કરી હતી. પરંતુ તે કામ અધૂરું રહ્યું . (આજે પણ સભા મંડપના મુખ્ય પગથિયાની ડાબી બાજુએ દસેક ફૂટ દૂર જમીનને અંદર પાયાની ઈંટો જોઈ શકાય છે.)

ત્યારબાદ ધોળકામાં મંદિરના બાંધકામની સંપૂર્ણ જવાબદારી સ.ગુ મહાનુભાવાનંદ સ્વામીને સોંપાઈ હતી. સંપ્રદાયના અગાઉ તૈયાર થયેલ શિખરબદ્ધ મંદિરની બાંધણી અને સ્થાપત્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી અને સંતમંડળે કામગીરી આરંભી. મંદિરની જગ્યાના માપને ધ્યાનમાં રાખી અનુભવી સલાટોના સહકારથી સુયોગ્ય આયોજન કરી મંદિરના બાંધકામનો નવેસરથી હાલ જ્યાં મંદિર છે, ત્યાં પાયા ખોદાવી પ્રારંભ કર્યો. ધોળકાના હરિભક્તોનો આ કામમાં ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક સાથ મળતો રહ્યો. બહારના હરિભક્તોએ પણ સારી એવી સેવા કરી. ધોળકાનું મંદિર તૈયાર થતા સમય તો લાગ્યો. પણ સુંદર એક શિખરવાળું રમ્ય મંદિર તૈયાર થઈ ગયું.

મંદિર તૈયાર થઈ જતાં શ્રી રેવાશંકરભાઈ સહિત અગ્રણી હરિભક્તો શ્રી હરિને મળી, તેમની આજ્ઞાનુસાર મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. શ્રી હરિ હાલમાં વડતાલમાં બિરાજે છે, તેની ખાતરી કરી રેવાશંકરભાઈ તથા હરિભકતો શ્રીહરિના દર્શન કરવા વડતાલ આવ્યા. શ્રીહરિ વડતાલ મંદિરની સભામાં બિરાજમાન હતા, કથાવાર્તા ચાલતી હતી, તે પૂર્ણ થયે સૌ હરિભક્તો શ્રીહરિ પાસે આવ્યા. ધોળકાના આ ભક્ત સમુદાયને જોઈ શ્રીહરિ તેમના મનોભાવ પારખી ગયા અને રાજી થઈ અહીં દર્શને આવવાના પ્રયોજનની પૃચ્છા કરી.

શ્રી રેવાશંકરભાઈએ બે હાથ જોડી વાતની શરૂઆત કરી અને અંતમાં કહ્યું :

"ધોળકા મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. હવે આપ ત્યાં પધારો અને મૂર્તિ પ્રતિષ્ઠાની મિતિ નક્કી કરી અમદાવાદ, મૂળી મંદિરની જેમ આપના સ્વહસ્તે મૂર્તિ પધરાવો."

શ્રી હરિ તેમના વાર્તાલાપથી ખુશ થયા અને તરતજ સંતો અને હરિભક્તો સાથે ધોળકા આવવાનું સહર્ષ સ્વીકાર્યું.

શ્રી હરિ ધોળકા પધાર્યા. ભવ્ય નયનરમ્ય મંદિરની રચના જોઈ રાજી થયા અને આવું કલાત્મક મંદિર તૈયાર કરવા માટે સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીની પ્રશંસા કરી.

શ્રીહરિએ ધોળકા ગામમાંથી વિદ્વાન બ્રાહ્મણને બોલાવી મુહૂર્ત જોવડાવ્યું અને મૂર્તિ પ્રતિષ્ઠા માટે સંવત ૧૮૮૩ના વૈશાખ વદ પાંચમને બુધવારની તિથિ (તારીખ ૧૫ મે ૧૮૨૭) નક્કી થઈ.

શ્રી હરિની આજ્ઞાનુસાર પ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકાઓ ગામોગામ મોકલી. સંતો તથા હરિભક્તોને આ ઉત્સવ પર વહેલાસર આવવા આમંત્રણો પાઠવ્યા.

ધોળકા શહેરમાં પ્રતિષ્ઠા-મહોત્સવની તિથિ નક્કી થતાં આનંદ મંગલ પ્રવર્તવા લાગ્યા અને ઉત્સવ ધામધૂમથી ઉજવાય તે માટે તડામાર તૈયારીઓ થવા લાગી.

•

૧. સત્સંગિજીવન વગેરે ગ્રંથોમાં ધોળકા મંદિરની પ્રતિષ્ઠાવિધિની તિથિ શ્રી રેવાશંકરભાઈ અને હરિભક્તો ધોળકા મૂર્તિઓ લાવ્યા તે પછીની તિથિ સંવત ૧૮૮૧ ના કારતક વદી પાંચમની દર્શાવેલ છે. (તે વખતે દેવોની સામાન્ય પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવી હતી) પાછળની મંદિર પૂર્ણ થતાં સંવત ૧૮૮૩ ના વૈશાખ વદ પાંચમના રોજ ભવ્ય મહોત્સવ સાથે દેવોની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આથી સંપ્રદાયમાં આ પાછળની તિથિ મહોત્સવ વગેરે ઉત્સવો માટે સ્વીકારવામાં આવી છે.

*સંદર્ભ :- સ્વામિનારાયણ શિલ્પ સ્થાપત્ય કલા*

*પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.*

## ૧૨. શ્રી મોરલી મનોહર દેવનો પ્રતિષ્ઠા મહોત્સવ

ધોળકા મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાય, તે માટેની તૈયારીઓ પૂર્ણ થઈ. મંદિરના પ્રાંગણમાં વિશાળ મંડપ તૈયાર કરી, ધજા-પતાકા ઈત્યાદીથી સુશોભિત કરવામાં આવ્યો અને યજ્ઞશાળા તૈયાર કરવામાં આવી.

આમંત્રણ પત્રિકાઓ મળતાં ધોળકામાં દેશદેશથી સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો તથા હરિભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા. વૈદિક વિધિથી હોમ કરી, મૂર્તિ પ્રતિષ્ઠા નો સર્વ વિધિ કરવા મૂર્તિઓ સભામંડપમાં પધરાવવામાં આવી. યજ્ઞશાળામાં ધોળકાના વિદ્વાન બ્રાહ્મણો અને બહારગામથી આ પ્રસંગે નિમંત્રેલ વિદ્વાન બ્રાહ્મણોએ શ્રી મોરલી મનોહર દેવની પ્રતિષ્ઠાવિધિ કરાવી.

સંવત ૧૮૮૩ના વૈશાખ વદ પાંચમને બુધવારના મંગલ દિને શુભ મુહૂર્તમાં શ્રીહરિએ મોરલી મનોહર દેવ, રાધિકાજી અને નીલકંઠ મહાદેવને મંદિરના દેવઘરમાં સ્વહસ્તે પધરાવી, મૂર્તિનું પૂજન કરી આરતી ઉતારી.

શ્રીહરિ એક મુહૂર્ત પર્યંત મૂર્તિઓની સન્મુખ ઊભા રહી, તાકી રહ્યા. તે સમયે શ્રીહરિના સ્વરૂપમાંથી તેજપૂંજ દૃષ્ટિગોચર થયો. શાંત અને અમૃતમય પ્રકાશ સૌના આશ્ચર્ય વચ્ચે શ્રી મોરલી મનોહર દેવની મૂર્તિમાં સમાઈ ગયો.

મંદિરમાં ઉત્તરાભિમુખે પ્રવેશદ્વારમાં ગણેશ અને હનુમાનજીની સુંદર પ્રતિમાઓ પણ વેદમંત્રોના ઉચ્ચારણ સાથે પ્રતિષ્ઠા કરી, પધરાવવામાં આવી.

શ્રીહરિ આ પ્રસંગે પાંચ દિવસ ધોળકામાં રહ્યા. ચક્રવર્તી મહારાજાથી પણ અધિક રીતે યજ્ઞમાં ભાગ લેનાર બ્રાહ્મણોને દક્ષિણા આપી સંતુષ્ટ કર્યા. દેશ દેશથી આવેલ સંતો, પાર્ષદો અને હરિભક્તોને પ્રેમપૂર્વક જમાડી, દિવ્ય આનંદ આપ્યો, તે દરમિયાન સાતમને દિવસે ઉદ્ધવ સંપ્રદાયની રીતિ અનુસાર મંદિરના રોજિંદા પ્રતિમા પૂજનની વ્યવસ્થા કરી.

આ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન શ્રીજી મહારાજ ધોળકામાં રહ્યા. તે દિવસોની સભામાં પોતાની દિવ્ય વાણીથી સંતો અને હરિભક્તોને ભક્તિરસમાં તરબોળ કરતા રહ્યા. આ રીતે ધોળકામાં અદ્‌ભુત ઉત્સવ ઉજવાયો.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ધર્મવંશપ્રકાશના આઠમા પ્રકરણમાં શ્રીજીએ મંદિરોમાં સ્વહસ્તે મૂર્તિઓ પધરાવી તેનું સુંદર વર્ણન કરેલ છે. તેમાં ધોળકા મંદિર માટે નીચે પ્રમાણે ઉલ્લેખ છે :

*પ્રભુ આયે વૈરાટપુર, એક સમય અવિનાશ,*
*નૌતમ છબિ દિખી નગરકી, હરિ મન હોય હુલાસ ... ૧૨*
*નાગનાથ શિવ કે નિકટ, ઉતરે આપ અનંત,*
*પાર નહિ પાલન કો, સાથ ગૃહી અરુ સંત... ૧૩*
*રચ્યો ધામ રમણીય તહાં, અતિ હરષિત હોય આપ,*
*મૂર્તિ રાધા ક્રિષ્ન કી, સ્થાપી સહિત પ્રતાપ... ૧૪*
*નિજ કર સ્પર્શ કીન હરી, મૂર્તિન કું અતિ મોદ,*
*તહાં ગુન ગાવત આજ જુત, નિજ જન કરત વિનોદ ... ૧૫*

## શ્રીહરિએ મોરલીમનોહરદેવ નામ પાડ્યું.

ધોળકા મંદિર માટે સંત પરંપરાથી કર્ણોપકણે એક વાત સંભળાતી આવી છે કે ભગવાન સ્વામિનારાયણે રાધા-કૃષ્ણની આ યુગલ પ્રતિમાને મોરલી મનોહર દેવ નામાભિધાન કેવી રીતે આપ્યું. મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થઈ રહ્યો હતો, તે સમયે રાધા-કૃષ્ણની સુંદર પ્રતિમા પધરાવી ત્યારે કૃષ્ણના હાથમાં મોરલી આપવાની રહી ગઈ હતી. શ્રીજી મહારાજની દૃષ્ટિ ભગવાન કૃષ્ણની પ્રતિમા પર પડી અને હસતાં હસતાં શ્રી હરિ બોલ્યા, ‘‘મોરલી ક્યાં છે ? મોરલી વગર તો આ રાધાકૃષ્ણદેવ શોભે ?’’ સંતો ઉતાવળે ભુલાઈ ગયેલ મોરલી લઈ આવ્યા અને મોરલી ધારણ કરાવી.

કૃપાળુ શ્રીહરિ પ્રસન્ન ચિત્તે બોલી ઉઠ્યા ‘જુઓ હવે કેવા મનોહર લાગે છે ?’ અને ત્યારથી **શ્રી મોરલીમનોહર દેવ** નામ પડ્યું.

આમ, શ્રીહરિએ ધોળકામાં મોરલી મનોહર દેવની સ્થાપના સ્વહસ્તે કરી પ્રસન્ન થયા. ત્યાર બાદ શ્રીહરિ સંતો અને હરિભક્તો સાથે વડતાલ આવ્યા. ત્યાં સીંજીવાડે રાત રહી વરસડે અને ગાળિયાણા થઈ, ધોલેરા પધાર્યા અને ત્યાંથી ગઢપુર આવ્યા.

## ૧૩. ધોળકા મંદિર - દર્શન

આ ભવ્ય મંદિર સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર બંધાવ્યું છે. શ્રી મહાનુભાવાનંદ સ્વામી નંદ સંત-અગ્રણીઓમાંના એક હતા તેવો ઉલ્લેખ ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતના અંત ભાગમાં છે, તેમણે હરિકૃષ્ણલીલામૃત નામે ભક્તિશાસ્ત્રના ગ્રંથની રચના કરી છે.

આ શિખર બંધ મંદિર ઉત્તરાભિમુખે આવેલું છે મંદિરના દેવઘરના મધ્યભાગમાં શ્રીજી મહારાજે શ્રી મોરલી મનોહર દેવની મૂર્તિઓને જાતે પ્રાણપ્રતિષ્ઠા કરી, સ્વહસ્તે પધરાવી છે. શ્રીકૃષ્ણની આકર્ષક પ્રતિમા કાળા પત્થરમાંથી અને રાધિકાજીની પ્રતિમા આરસમાંથી બનાવેલી છે. હરિકૃષ્ણ મહારાજની પ્રતિમા ધાતુની બનેલી છે.

હરિકૃષ્ણ મહારાજની આ મૂર્તિ શ્રીજી મહારાજના સ્વધામ ગમન બાદ પધરાવેલ છે. સંપ્રદાયના નંદસંતોના મુખે કર્ણોપકર્ણ સાંભળેલ આ મૂર્તિનો ઈતિહાસ આવો છેઃ

હરિકૃષ્ણ મહારાજની આ મૂર્તિ બનાવવામાં પંચધાતુનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિચરણ દરમિયાન ગામોગામ હરિભક્તોને ત્યાં નિવાસ દરમિયાન વપરાયેલ ચાંદી, તાંબા-પિત્તળના પ્રસાદીના વાસણો એકત્ર કરી ગાળવામાં આવેલ અને તે પંચધાતુમાંથી હરિકૃષ્ણ મહારાજની ત્રણ મૂર્તિઓ વડનગર-વીસનગરમાં તૈયાર કરવામાં આવી. એ સમયમાં તાંબા પિત્તળના મૂર્તિઓ બનાવવામાં વડનગર-વિસનગરના કંસારાઓ આખાયે ગુજરાતમાં પ્રસિદ્ધ હતા. સારાયે ગુજરાતમાં આ ગામની મૂર્તિ વિધાનની કળા ખૂબ વખણાતી હતી.

આમાંની એક મૂર્તિ અમદાવાદ શ્રીનરનારાયણ દેવના મંદિરમાં પધરાવવામાં આવી. બીજી એક મૂર્તિ ધોળકામાં મોરલી મનોહરદેવની બાજુમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી. શ્રીકૃષ્ણદેવ-રાધિકાજી અને શ્રી હરિકૃષ્ણ મહારાજની આ ત્રણે મૂર્તિઓ સુવર્ણ અને ચાંદીથી મઢેલ અત્યંત કલાપૂર્ણ સિંહાસન પર બિરાજમાન છે. સિંહાસનની કોતરણી યુક્ત સુંદર થાંભલીઓ ઉપરના ભાગમાં કમાન વડે જોડાયેલી છે અને આ કમાન બંને બાજુએથી હાથીની સૂંઢમાંથી નીકળતા

સૂર્યમુખીના ફૂલોની માળાથી અલંકૃત કરેલ છે. ત્રણે દેદિપ્યમાન મૂર્તિઓની પાર્શ્વભૂમિકામાં દર્શાવેલ મંદિર તથા સૂર્ય-ચંદ્રના પ્રતીકો સિંહાસનની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. સિંહાસનની નીચે મધ્યભાગમાં વેદિકામાં ગોઠવેલા ગરુડજી તથા બંને છેડા પરના કેશવાળી યુક્ત સિંહમુખના પૂર્ણમૂર્ત શિલ્પો વગેરેથી સિંહાસન શોભી ઉઠે છે. આ કલામય સિંહાસનની ગુજરાતની કાષ્ટ કલા અને ધાતુ કલાના ઉત્તમ નમૂનારૂપ ગણના થાય છે.

દેવઘરના પશ્ચિમ તરફના ભાગમાં નીલકંઠ મહાદેવ અને ઉમાની મૂર્તિઓની સ્થાપના કરેલ છે. અર્ધપર્યંક આસને કાઠી દરબારની છટાથી બેઠેલા શિવજીની બાજુમાં નાજુક દેહવાળા પાર્વતીજીની લઘુપ્રતિમા કંડારાયેલ છે.

પાછળથી મંદિરના પૂર્વ તરફના પ્રદક્ષિણા માર્ગને વિસ્તૃત કરી, મૂળ પ્રદક્ષિણા માર્ગને દેવઘરમાં સમાવી લેવામાં આવેલ છે અને તેમાં ઘનશ્યામ મહારાજની કાષ્ઠની ૬૪ તસુની પુરા કદની દિવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ઘનશ્યામ મહારાજની આ મનોરમ્ય મૂર્તિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજે સંવત ૧૯૮૧ ના ચૈત્ર સુદ પુનમના પવિત્ર દિને પ્રતિષ્ઠિત કરી હતી. તે સમયે મહંતપદે શાસ્ત્રી સ્વામી શ્રી જ્ઞાનવલ્લભદાસજી સ્વામી હતા.

ઘનશ્યામ મહારાજ અને મોરલી મનોહર દેવની વચ્ચેના ભાગને આગળ વધારી, તેમાં સુખશય્યાની રચના કરવામાં આવી છે. તેમાં શ્રીજીની પટ પ્રતિમા પધરાવી છે.

ધોળકાનું આ શિખરબંધ મંદિર તે અગાઉ બંધાવેલ અમદાવાદ, ભૂજ અને ધોલેરાના સંપ્રદાયના મુખ્ય મંદિરો માફક ઉત્તરાભિમુખે આવેલું છે. આ મંદિર વિશાળ લંબચોરસ પડથાર(પીઠ) પર બાંધવામાં આવેલ છે. આ મંદિર એક શિખરનું મંદિર હતું. સંવત ૨૦૪૬ (ઈ.સ. ૧૯૮૯)માં આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા લઈ મુખ્ય શિખરની બંને બાજુએ બીજા બે શિખરોની રચના કરી, ત્રણ શિખરવાળું મંદિર બનાવવામાં આવેલ છે.

ઉત્તરાભિમુખે આવેલ આ મંદિરમાં ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ દિશામાં મંદિરમાં પ્રવેશ કરવા માટે હરિભક્તો માટે ત્રણ દરવાજા છે. આ દરવાજામાં દાખલ થઈ પગથિયાં ચઢતાં મંદિરની પડથાર પર ત્રણે દિશામાં એકસરખી લંબાઈ-પહોળાઈ ધરાવતી એક એક પ્રવેશ ચોકી-રૂપચોકી, ફરતો પ્રદક્ષિણા માર્ગ, વચ્ચે મંડપ અને

દક્ષિણ ભાગમાં દેવઘર આવેલાં છે. દેવઘરમાં બિરાજતા મોરલી મનોહર દેવ અને હરિકૃષ્ણ મહારાજના હરિભક્તો નજીકથી દર્શન કરી શકે તેવી રચના કરવામાં આવેલ છે દેવઘરની ઉપર એક મોટું ઉચ્ચ શિખર પટાંગણમાંથી જોઈ શકાય છે. મંદિરની વચ્ચેના ભાગમાં અષ્ટકોણાકાર મધ્ય મંડપ છે. આ મંડપ સાદા ચોરસ ઘાટના થાંભલા પર છે આ થાંભલા પરના નૃત્યાંગના શિલ્પો પ્રમાણબદ્ધ, કલામય અને મનોહર છે. આ સ્તંભોને જોડતી કમાનો સાદી અને મોગલઘાટની છે. મંડપ પર વિશાળ અર્ધવર્તુળાકાર ઘુમટ જોવા મળે છે.

મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી પટાંગણમાં પ્રવેશતાં શિખરબંધ સુરમ્ય મંદિરના દર્શન થાય છે. ઉત્તરાભિમુખે આવેલ મંદિરની ત્રણે દિશામાં નાના દરવાજા છે. ત્યાં થી ઉત્તર દિશાએથી દરવાજામાં પ્રવેશ કરી થોડાંક પગથિયાં ચઢતાં, ઉત્તર પ્રવેશ ચોકીની બંને બાજુએ ભક્તિભાવ જગાડતી સિદ્ધિદાયક ગણેશ અને કષ્ટભંજન હનુમાનજીની મૂર્તિઓના દર્શન થાય છે. ત્રણે દિશામાં આવેલી આ પ્રવેશ ચોકીઓ પર અર્ધગોળાકાર ઘુમટ જોવા મળે છે. દેવઘર ફરતાં પ્રદક્ષિણા માર્ગ પર ભાવિકો ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક મંદિર ફરતે પ્રદક્ષિણા કરી કૃતકૃત્યતા અનુભવે છે.

ધોળકા મંદિરના પ્રાંગણમાં મુખ્ય પ્રવેશની ચોકીની સામે ઈશાનખૂણામાં કલાત્મક છત્રી આવેલી છે. સફેદ આરસની આ છત્રીમાં શ્રીજી મહારાજના ચરણારવિંદની સ્થાપના કરવામાં આવી છે. આ સફેદ આરસની થાંભલીઓ પરની કોતરણી આકર્ષક છે. મંદિરમાં દર્શને આવતા જતાં સંતો અને હરિભક્તો ભક્તિભાવથી ચરણારવિંદનો સ્પર્શ કરી ધન્યતા અનુભવે છે.

મંદિરની પાછળ દક્ષિણ ભાગમાં વિશાળ સભામંડપ આવેલ છે અહીં સિંહાસનપર શ્રીજી મહારાજની જૂના સમયની ચિત્રાંકિત કરેલ પટ પ્રતિમાના દર્શન થાય છે. સ.ગુ. આધારાનંદ સ્વામીના શિષ્ય સ્વામીશ્રી હરિદાસજીએ ચિત્રાંકિત કરેલ શ્રીજીની મનોરમ્ય પ્રતિમા સંવત ૧૯૩૮માં સ્થાપિત કરાયેલ છે.

સંવત ૧૮૮૩માં શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવેલ મોરલી મનોહર દેવનું આ એક શિખરવાળું મંદિર હતું. ત્યારે આશરે એકસો વર્ષ પછી સંવત ૧૯૮૧ માં ઘનશ્યામ મહારાજની મનોરમ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. આજથી ૨૮ વર્ષ પહેલાં સંવત ૨૦૪૬માં એક શિખરવાળા આ મંદિરનું વિસ્તરણ કરી ત્રણ શિખરવાળું ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું.

આજે, આ મંદિરનાં મધ્યભાગમાં મોરલી મનોહરદેવની પૂર્વ બાજુએ ઘનશ્યામ મહારાજની દિવ્ય મૂર્તિ છે અને પશ્ચિમ બાજુએ નરનારાયણ દેવની ઉપાડની પ્રતિમા છે. મોરલી મનોહર દેવની બંને બાજુએ અડીને સહેજ આગળ પડતા ભાગમાં પૂર્વ બાજુએ સુખશૈય્યા અને પશ્ચિમ બાજુએ શિવજી-ઉમાની મૂર્તિઓ છે.

આ મંદિરને હાલ ૧૯૦ વર્ષ થયાં છે. શ્રી ઠાકોરજી ના ૧૯૧માં વાર્ષિક પાટોત્સવ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ દાયકામાં શ્રી મોરલીમનોહરદેવ શ્રીહરિકૃષ્ણમહારાજનો દ્વિશતાબ્દિ મહામહોત્સવ સંવત ૨૦૮૩ માં પૂજ્ય ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા સહ આશીર્વાદથી અભૂતપૂર્વ રીતે ધામધૂમથી ઉજવવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે.

આ મહોત્સવની પૂર્વ તૈયારી રૂપે શ્રી ધોળકાધામનો મહિમા દિનપ્રતિદિન વૃદ્ધિ પામે તથા સંપ્રદાયના નવ-નવ ધામોમાંનું એક આ ધોળકાધામ સંત હરિભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહે એવમ્ ગુજરાતનાં પ્રસિદ્ધ યાત્રાધામોની શ્રેણીમાં અગ્રતાક્રમે પરિચિત બને તેવા તમામ પ્રયાસો અત્રે ધોળકાધામના વિદ્યમાન મહંત સ્વામી સ.ગુ. જગદીશપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણા એવં માર્ગદર્શનથી કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજી, પૂજારી શ્રી રામેશ્વર ભગત તથા સંતમંડળ અવિરત પણે ઉત્સાહપૂર્વક કરી રહેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દૂર દેશાંતરથી આવતા યાત્રિકોની સગવડતામાં વધારો કરવા સારુ આધુનિક સુવિધાઓથી સજ્જ **શ્રી મોરલીમનોહરદેવ યાત્રિક ભવન** ના નિર્માણકાર્યનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આશીર્વાદત્મક આજ્ઞાથી ચાલુ વર્ષે જ પૂ. મહંત સ્વામી - પૂ. કોઠારી સ્વામી આરંભ કરવા જઈ રહ્યા છે.

**મંદિરમાં દર્શન અને આરતીનો કાર્યક્રમ સામાન્ય રીતે નીચે પ્રમાણે હોય છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) | સવારે | ૦૫:૪૫ | મંગળા આરતી દર્શન |
| (૨) | સવારે | ૦૭:૩૦ | શણગાર આરતી દર્શન |
| (૩) | સવારે | ૧૦:૧૦ | રાજભોગ આરતી દર્શન |
| (૪) | સાંજે | ૦૬:૪૫ | સંધ્યા આરતી દર્શન |
| (૫) | રાત્રે | ૦૮:૩૦ | શયન આરતી દર્શન |

સામાન્યતઃ સભામંડપમાં આરતી પછી કથા-વાર્તા થાય છે. વર્ષ દરમિયાન મંદિરમાં અન્નકૂટોત્સવ - શાકોત્સવ - ધનુર્માસ ધૂન્ય -જન્માષ્ટમી-રામનવમી ઈત્યાદી ઉત્સવો વિશિષ્ટ રીતે ઉજવાય છે અને ગામ તથા બહારગામના હરિભક્તો મોટા પ્રમાણમાં ભાગ લે છે. અને મંદિરમાં ભક્તિ સભર વાતાવરણ સર્જાય છે.

ગામના યુવકો, કિશોરો અને બાળકોમાં સંસ્કારનું સિંચન થાય તે માટે મંદિરમાં શ્રીનરનારાયણદેવ યુવક મંડળ અને શ્રીઘનશ્યામ બાળ મંડળની પ્રવૃત્તિઓ ચાલે છે. જેમાં સૌ રાત્રિ સભાઓ, અઠવાડિક સભાઓમાં સક્રિય ભાગ લે છે અને આવી અનેકવિધ પ્રવૃત્તિઓ માં સંતો પ્રેરણા એવં માર્ગદર્શન આપી હરિભક્તોને સામેલ કરે છે.

## ૧૪. ધોળકામાં પ્રસાદીના દર્શનીય સ્થાનો

સ્વામિનારાયણ મંદિરમાં મોરલી મનોહર દેવના નામે સુપ્રસિદ્ધ રાધાકૃષ્ણની યુગલ મૂર્તિ પ્રસાદીની છે. શ્રીજી મહારાજે સ્વહસ્તે જ પધરાવેલ છે. એ જ રીતે ઉમા-પાર્વતીની મૂર્તિ પણ પ્રસાદીની છે. આ ભૂમિ સતત શ્રીજી મહારાજના ચરણકમળથી પાવન થયેલ છે. ગામમાં આવેલ આવા પ્રસાદીના સ્થળોની માહિતી મેળવીએ.

**ચંદ્રેશ્વર કે નાગનાથ મહાદેવ :** ધોળકામાં આ પ્રાચીન મંદિર ઉત્તર દિશા તરફ આવેલ છે. ગામની બહાર શ્રીજી મહારાજના ચરણારવિંદની છત્રીથી એકસો મીટર દૂર આ મંદિર આવેલ છે. સૌ પ્રથમ શ્રીજી મહારાજ આ ગામમાં આવ્યા ત્યારે અહીં ઉતારો કરેલ.

બાર જ્યોતિર્લિંગની યાદ આપતું આ ભવ્ય મંદિર છે. મંદિરના ગર્ભગૃહમાં ભવ્ય અદ્‌ભુત સ્ફટિકના પરપોટાનું સુંદર લીંગ છે. જે આ વિસ્તારમાં 'પરપોટિયા' મહાદેવ તરીકે ઓળખાય છે. આ પારદર્શક લીંગની વિશિષ્ટતા એ છે કે શુકલ પક્ષમાં ચંદ્રની વધતી જતી કલા સાથે તેના મધ્યમાં આવેલ પારદર્શક નાના લીંગનું તેજ વધતું જાય છે. લીંગ પર ચંદ્રકલાની અસર થતી હોવાથી ચંદ્રેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત છે.

શ્રીજી મહારાજની આજ્ઞાથી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ સંપ્રદાયનું શ્રીજી સમયનું પાંચમું મંદિર અહીં - ધોળકામાં બંધાવ્યું. તેમણે રચેલ હરિકૃષ્ણ લીલામૃત નામના ભક્તિશાસ્ત્રના ગ્રંથના સોળમાં અધ્યાયમાં નાગનાથ મંદિરનો ભક્તિભાવપૂર્વક ઉલ્લેખ કરેલ છે.

*ધવલપુર માગચ્છત્સાયં શ્રી ભક્તિધર્મજ સ્તતઃ ।*
*તત્ર સ્વમંદિરે સદિ, ભતતાર સુખ પ્રભુઃ ॥ ૬૪ ॥*
*એવં ભુક્ત્વા, તતો ગત્વા પુરાદ્બહિ વૃષાત્મજઃ ।*
*પથિ નાગેશ્વરસ્ય ચકાર દર્શનં પ્રભુઃ ॥ ૬૬ ॥*

શ્રીજી મહારાજે સ્વહસ્તે નાગનાથ મહાદેવનું ચંદન-પુષ્પથી પૂજન કરી, પૂજારીને વસ્ત્રો અને અલંકાર આપ્યા હતા. અહીં ઈશાન ખૂણામાં આવેલ પીપળાના વૃક્ષ સાથે બીરાજી, હરિભક્તોને ઉપદેશ આપ્યો હતો.

ચંદ્રેશ્વર મંદિરની ડાબી બાજુએ એક જૂની વાવ આવેલી છે. તેની અંદરના ઉતરાણમાં ડાબી બાજુના ગોખલામાં શેષશાયી વિષ્ણુની પ્રતિમા છે. વિષ્ણુનું આ જલશાયી સ્વરૂપ જલાશયો સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે. આજે આ વાવનો મોટો ભાગ જિર્ણ થઈ જતાં, પૂરી દેવામાં આવેલ છે. માત્ર શેષશાયી વિષ્ણુ સ્વરૂપ જોઈ શકાય છે.

**પ્રસાદીની છત્રી :** શ્રી નાગનાથ મહાદેવની સામે કાંસ ઉપર પ્રસાદીના સ્થાને જ્યાં શ્રીહરિ બિરાજેલા, મુમુક્ષુજનોને વર્તમાન ધરાવી આશ્રિત બનાવેલા અને ઉપદેશ આપેલો તે પ્રસાદીના સ્થાને સં. ૨૦૨૬માં હાલના સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીના દાદા ગુરુ અ.નિ. શા.સ્વામી હરિસ્વરૂપદાસજીએ છત્રી કરાવી શ્રીહરિના ચરણાર્વિંદ પધરાવેલ છે. છત્રી નીચે શ્રી હનુમાનજી બિરાજે છે.

**ચકલી તળાવ :** સુપ્રસિદ્ધ મલાવ તળાવની બાજુમાં આવેલ ચકલી તળાવ પ્રસાદીનું છે. શ્રીજી મહારાજે અહીં ઘણીવાર સ્નાન કરેલ છે. શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ પધરાવેલ હનુમાનજી પણ પ્રસાદીનાં છે.

## ૧૫. શ્રી ધોળકા ધામ મહિમા (કાવ્ય)

ધન્ય ધરા ધોળકા ધામની રે,
ધન્ય મોરલીધર દેવ રે, ધર્મીજનો ! ધન્ય છે ધોળકા ધામને રે.. ૦૧
ધોળકા એ છે ધવલપુરી રે,
પ્રાચીન વિરાટપુરી રે, ધર્મીજનો, ધન્ય છે.... ૦૨
રહ્યા પાંડવ ગુપ્ત વાસમાં રે,
પૂરો કરવા વન વાસ રે, ધર્મીજનો, ધન્ય છે,..... ૦૩
ધન્ય વિરાટ નગર પતિ રે,
ભાગ્યમાં નહિ ખોટ રતિ રે, ધર્મીજનો ધન્ય છે,.... ૦૪
ઉત્તરા નામે નિજ સુતા રે,
પરણાવી પાર્થ સુત સાથ રે, ધર્મીજનો, ધન્ય છે,.... ૦૫
તેના પરિક્ષિત અવતર્યા રે,
ભાગવત સુણી ભવ તર્યા રે, ધર્મીજનો, ધન્ય છે,... ૦૬
ગોપાળાનંદ અક્ષર મુક્ત રે,
કર્યો બ્રહ્મરાક્ષસ મુક્ત રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૦૭
વૌઠા ધોળકાની સીમમાં રે,
સપ્તનદી સંગમ તીર્થ રે, ધર્મીજનો, ધન્ય છે,.... ૦૮
સંગમે જે સ્નાન અનુસરે રે,
સપ્ત નદી સંગમ તીર્થ રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૦૯
ઉત્તર દિશે નાગનાથ રે,
પ્રસાદીના મહાદેવ રે, ધર્મીજનો, ધન્ય છે.... ૧૦
ગણેશ ધોળકાના ગણપતિ રે,
પરચા પૂરે શુભ મતિ રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૧
કષ્ટ ભંજન છત્રી પાસમાંરે,
શ્રીજીનું વિશ્રામસ્થાન રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૨
રેવાશંકરાદિ હરિભક્ત રે,
સેવા કરે થઈ આસક્ત રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૩

*ઉત્તર દ્વારે મંદિર બાંધિયા રે,*
*ઊંચા શીખરે મઢિયા રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૪*
*અઢાર ત્યાંસીની સાલમાં રે,*
*વૈશાખ વદ દિન પાંચ રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૫*
*મોરલી મનોહર દેવને રે,*
*સ્થાપ્યા કરી અતિ ખેવરે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૬*
*વામ બાજુએ શોભે રાધિકા રે,*
*જમણે રહ્યા હરિકૃષ્ણ રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૭*
*પૂર્વ તરફના સિંહાસને રે,*
*બિરાજે વ્હાલા ઘનશ્યામ રે, ધર્મીજનો, ધન્ય છે, ... ૧૮*
*ઉમા શંભુ છે પશ્ચિમ દિશ રે,*
*સૌને અર્પે શુભાશીષરે, ધર્મીજનો, ધન્ય છે, .... ૧૯*
*ધોળકા ધામ છે દર્શનીય રે,*
*મહિમા છે અવર્ણનીય રે, ધર્મીજનો, ધન્ય છે, .... ૨૦*
*તીર્થધામ અતિ શ્રેયસ્કર રે,*
*અભ્યાસીને મન અતિ પ્રિયરે, ધર્મીજનો, ધન્ય છે, .. ૨૧*

– મણિલાલ ટી. પટેલ (અભ્યાસી)

## ૧૬. ધોળકાના પંડિત બ્રહ્મરાક્ષસનો ઈતિહાસ

કોઈક સમય ભુજનગરમાં સર્વે સંતહરિજનોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે તે સભામાં બેઠેલા બ્રહ્માનંદ સ્વામીને (નાના) આનંદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી ! ગામ ધોળકાના કાશીનાથ પંડિત તે બ્રહ્મરાક્ષસ ગતિને શી રીતે પામ્યો ? અને તેને ગોપાળાનંદ સ્વામીએ ફરીને સદ્‌ગતિને શી રીતે પમાડ્યો ? તે ઐશ્વર્યકથા સવિસ્તાર મને તમો કહી સંભળાવો."

પછી બ્રહ્માનંદ સ્વામી તે કથા વિસ્તારથી કહેવા લાગ્યા જે, "હે મુનિ ! કોઈક વખતે કાશીનાથ ભટ્ટ પાસે અધ્યયનની ઈચ્છાથી કોઈક બ્રહ્મકુમાર મનુષ્યોને ગામ ધોળકાની પૃછા કરતો કરતો ગામ ધોળકાની સમીપે આવ્યો અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે, 'હાશ વિશ્વંભર ! માંડ પૂગ્યા. અરે,

હવે આ સામું દેખાય છે તે ધોળકા લાગે છે. આ સામે તળાવનો બાંધેલો મીનળદેવીનો આરો દેખાય છે. માટે લાવ જરા સ્નાન તથા સંધ્યા કરી લઉં. અને સૂર્યોદય પણ થઈ ચૂકયો છે અને બીડેલા કમળો પણ ઉઘડવા માંડ્યા છે.'

એમ વિચારી બ્રહ્મકુમારે પોતાનો ખડિયો હતો તે ખભેથી નીચે ઉતાર્યો. પછી તળાવને આરે એક બાજુ તે ખડિયાને મૂક્યો અને માંહીથી દોરી-લોટો કાઢ્યો. ત્યાર પછી શૌચાદિ ક્રિયા કરીને કટિ સમાણા જળમાં ઊતરીને બ્રહ્મપુત્રે સ્નાન કર્યું. અને પછી પૂર્વ મુખે ઊભા રહી પાસે ઊભેલા કમળને તોડી સૂર્યદેવને અર્ઘ્ય આપ્યું.

કાનમાં રુદ્રાક્ષની કડી રહી છે જેને, ને કરમાં રુદ્રાક્ષનાં કંકણ, ને કંઠમાં રુદ્રાક્ષની મોટી માળા, ને કપાળમાં તાજી ચોપડેલી ભસ્મ, ને કટિ ભાગમાં મુંજની મેખળા, ને મુખમાં એકધારાએ ચાલતો અષ્ટાધ્યાયી રુદ્રીનો પાઠ એ બધું જોતા જણાણું જે, આ જરૂર કોઈ શ્રોત્રિય બ્રાહ્મણનો પુત્ર હશે, એમ જોનારને લાગતું. સ્નાન, સંધ્યા કરીને તે કુમારે વસ્ત્રો બદલાવ્યાં. પછી એક પહેર્યું, બીજાની ગાત્રી ભીડી. એક અંચળા જેવું આછું વસ્ત્ર માથે વીંટ્યું.

પછી કુમાર બે ઘડી મટકું માર્યા વગર ધોળકા તરફ જોઈ રહ્યો. અને મનમાં બોલ્યોઃ 'શું આ જ વૈરાટનગરી છે ? અહીંયા જ પાંડવોનો ગુપ્તનિવાસ હતો ? શું આ સ્થળે જ પાંડવો એ શસ્ત્રો સંતાડેલાં હશે ?' એવો વિચાર કરતો હતો. તે વખતે કોઈ અજાણ્યા મનુષ્યે કુમારના ખભા ઉપર હાથ મૂકીને કહ્યુંઃ "હા ભાઈ, એ જ આ ધોળકા નગરી છે. આ જ ભૂમિ, આ જ એ સ્થળ છે. કુમાર ! તું સામે દૃષ્ટિ કર. આ જે મસીદનો મિનારો દેખાય છે. ત્યાં પૂર્વે ઉત્તરાનું (વિરાટ રાજાની પુત્રીનું)" વિદ્યામંદિર હતું. ત્યાં જ અર્જુને બૃહન્નલાના વેષમાં ઉત્તરાકુમારીને નૃત્યકળા શીખવી હતી. બીજાં સ્થળો તો હવે નામમાત્ર રહ્યાં છે."

કુમાર કહે, "હા ભાઈ, સાચું કહો છો, કારણ કે કાળ કાળનું કામ કરે જાય છે, પણ હાલમાં અહીં રાજ હિંદુનું છે કે ?" ત્યારે તે મનુષ્યે કહ્યું કે, "ના રે ના. હિન્દુ રાજયનાં તો સપનાં વહી ગયાં. અત્યારે તો રાજમાં લાલ નેજાને બદલે લીલા નેજા ફરકી રહ્યા છે; વેદની ઘોષણાને ઠેકાણે કુરાનના કલમાઓ પઢાય છે. છતાં આ અમારી ધવલપુરીમાં વેદવિદ્યા નાશ નથી પામી. ભાઈ ! એટલું હજુ સારું છે. ભાંગ્યું તોય ભરુચ છે. બૃહસ્પતિ તો નહિ પણ બૃહસ્પતિ સમા કૈંક

વાચસ્પતિ પદવીધરો આ ભૂમિમાં પડ્યા છે. તેઓ આ વિરાટનગરીની વિશાળ કીર્તિમાં વૃદ્ધિ કરી રહ્યા છે. પણ અહોહો ! આપણે તો ભાઈ આડે માર્ગે બહુ ઊતરી પડ્યા. તમારું કુશળ અંતર પૂછવાનું તો ભૂલી ગયા, પણ તમે કોઈ પરદેશી જણાતા લાગો છો. શું નિમિત્તે આપનું આંહી સુધી આવું થયું છે ? તે જો તમને કહેવામાં હરકત ન હોય તો જાણાવો.''

''હે મહાભાગ્ય, અમારા ચારુતર પ્રદેશમાં ઘણા વેદવેત્તા પુરુષો વસે છે. તોપણ આ તમારા કંઠાળ દેશમાં એથી પણ ચડે એવા નિગમાગમના પારને પહોંચેલા આ ધોળકામાં પંડિતો વસે છે. એવું સાંભળીને હું (ભણવાની) તીવ્ર ઈચ્છાથી આ તમારા દેશમાં આવ્યો છું. ને સંભળાય છે કે કોઈ કાશીમાં ભણેલ પંડિતનો અહીંયાં નિવાસ છે અને તેઓ સરસ્વતીનું કંઠાભરણ ગણાય છે.''

ત્યારે તેણે કહ્યું : ''હા, કાશીનાથ પંડિત સાચા, પણ હતા...''

''એટલે ?''

''ભાઈ, હું આ ગામનો બરાબર ભોમિયો નથી કે જેથી તમોને પાકો નિર્ણય કહી શકું; પણ તમે આ સામેના દરવાજેથી પેસીને સીધા બ્રહ્મપોળમાં જજો અને ત્યાં જઈને કોઈને વાચસ્પતિ મિશ્રનો વાડો પૂછજો એટલે તમને ખબર પડશે. અમારે ગામ જવાનો રસ્તો આ છે. અને તમારે ગામમાં જવાનો આ સીધો રાજમાર્ગ છે.'' એમ કહીને તે બે જણા જુદા પડ્યા.

કુમારે હાથમાં દંડને લીધો અને રૂદ્રાક્ષના કંકણને ખખડાવતો થકો ધવલપુરીના દરવાજા સામો ચાલ્યો. કાશીનાથ પંડિતનું ઘર ગુજરાત આખીમાં પંકાતું. વિદ્વત્તા અને વિજયતા શ્રી અને સરસ્વતી આ બ્રાહ્મણને વર્યા હતાં. ઠેઠ દક્ષિણમાંથી વિદ્યાર્થીઓ કાશીનાથના સરસ્વતી મંદિરમાં આવી રહેતા હતા. ધોળકા નગરીના પંડિતજી સાક્ષાત મંડનમિશ્ર ગણાતા. તેમનાં ગૃહપત્ની સ્ત્રીસમાજમાં સરસ્વતીની પેઠે પૂજાતાં તે બ્રાહ્મણની રાજમાં પણ સારી આવજાવ હતી અને સારો પ્રશંસાપાત્ર હતો.

આંટીઘૂંટીવાળા અટપટા રાજ્યતંત્રના કૂટ પ્રશ્નઉત્તર કરી ઘડીભર ભગવાન કૌટિલ્યને પણ ભુલાવતા. વિદ્યાનિધિ હોવાથી પંડિતો પ્રસન્ન મુખે સભામાં વાચસ્પતિ કહી બોલાવતા. બહુ ઓછાબોલા હતા, ગરવા હતા. સાદાઈ અને નમ્રતા ગંગા-યમુના સંગમના જેવી એમની મુખમુદ્રા ઉપર દેખાતી. કાવ્ય પ્રબંધમાં

તથા રસશાસ્ત્રમાં તથા અલંકારશાસ્ત્રમાં પણ તેઓ એક્કો ગણાતા. શબ્દશાસ્ત્રમાં અને ન્યાયશાસ્ત્રમાં પણ એમની વાગ્ધારા મંદાકિનીના પ્રવાહનું કામ કરતી, ધર્મશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર, અર્થશાસ્ત્રમાં, વેદવેદાંગમાં, ઉપનિષદોમાં, અદ્વિતીય પ્રતિભાની પૂર્ણછાપ પાડતા. ટૂંકમાં પંડિતજીની મહાગુજરાતમાં સારી પ્રસિદ્ધિ હતી.

પંડિતજીને એક પુંડરિક સમો પનોતો પુત્ર હતો, પુત્રનું મુખડું દેખી ભવભૂતિનો એક સુંદર શ્લોક વારંવાર તેઓ બોલતા. એવો એ વહાલો પુત્ર હતો. પંડિતજીને રહેવાનું ઘર પણ સુંદર હતું. મોટા એક ઓસરિયે ચાર ચુનાબંધ આભલા જેવા ઓરડા રહેવાના હતા. ફળિયામાં ઉતારેલું એક રસોડું, ને નાનોશો ચોક, એક બાજુ આવેલો કૂવો, ને આસપાસ બીલીનું ઝાડ, તુલસીના છોડ, ને ફૂલ-છોડથી શોભતો નાનો બગીચો, સામી બાજુ આવેલી બજાર ને ગૌશાળા વિગેરે જોતાં જોનારને કોઈક ઋષિના આશ્રમ જેવું શાંતિનું સ્થાન લાગતું. પંડિતજીનો ગૃહસંસાર પણ સર્વે વાતે સુખે ચાલ્યો જતો હતો.

તેવા સમામાં એક દિવસની એક અભાગી ક્ષણે પંડિતજીનો નાનો બાળક તેલની ભરેલી લોઢાની કોઠીમાં બાળભાવથી ડોકવા જતાં, જોતાં જોતાંમાં પડી ગયો અને થોડી વારમાં રામશરણ થઈ ગયો. ગૃહપત્ની ઘરના કામકાજમાં તત્પર થયાં હતાં. કામથી પરવારી તે પુત્રની સંભાળ લેતાં, પુત્રને તેલની કોઠીમાં ડૂબેલો જોઈને માતા મોહવિવશ બની. 'હાય પુત્ર ! હાય પુત્ર !' કરતી કોઠીમાં તેણે પણ પડતું મેલ્યું. પુત્ર પ્રેમથી માતા પણ પ્રભુના દરબારમાં પહોંચી. પડિંતજીને પણ પુત્ર અને પત્ની પરલોક સિધાવતાં સર્વ જગત શૂન્ય ભાસવા લાગ્યું. બાળસાદ વિનાનું અને સ્ત્રી વિનાનું ઘર ગોજારા કૂવા જેવું જણાવા લાગ્યું. પંડિતજીનું પાંડિત્ય પણ કોરે મુકાણું અને પોતે પણ મોહવશ થઈને તેલની કોઠીમાં પડતું મેલ્યું.

આ પ્રમાણે આત્મહત્યા કરીને ત્રણે જણાં મરણ પામ્યાં. મરતાં મરતાં તેને ગૃહવાસના રહી જવાથી મરનાર પંડિત બ્રહ્મરાક્ષસ ગતિને પામ્યો. પોતાના મકાનમાં વિકરાળ બ્રહ્મરાક્ષસ થઈને રહ્યો. આ મકાનમાં કોઈને પણ રહેવા દે નહીં, ઊતરવા દે નહીં અને કોઈ રડ્યું ખડ્યું ભોગજોગે ઊતરવા આવે, તો સવારમાં તે જીવતો જવા પામે નહીં. આવી સ્થિતિ થતાં તે મકાનનું નામ ગામ લોકોએ ભૂતિયું મકાન પાડ્યું.

એ મકાનનું નામ પણ ભોગજોગે કોઈના લેવામાં આવતું તો તે સાંભળનારનું કાળજું ફફડતું. તેથી આસપાસનો ભાગ ઉજ્જડ વેરાન થઈ ગયો હતો. આસપાસ ભૂંડોનાં ટોળાંથી ભરેલા ખંડેરો વચ્ચે આ ભૂતિયું મકાન અણિશુદ્ધ ઊભું હતું. તેમાં રહેલા ઉપરોક્ત બ્રહ્મરાક્ષસે વિચાર કર્યો : 'ગામના અટકચાળા લોકોએ બ્રાહ્મણકુમારને મારી પાસે મોકલ્યો છે. સામેથી ચાલ્યો આવે છે, આશભર્યો ભણવા આવે છે. માટે મારું વિકૃતરૂપ જોશે તો બિચારો જોઈને ફાટી પડશે. વળી મને પાતક લાગશે. તે મારું નામ સાંભળીને ભણવા આવ્યો છે. માટે એને ભણાવું અને વિદ્યાર્થી બનાવું. સુપાત્ર સમજી વિદ્યાના ભંડાર આપું.'

એમ મનમાં નક્કી કરીને પોતાની પાસે જે સર્વે ભૂતો હતાં તેને કહ્યું : 'હે ભૂતો ! તમે સૌ સાંભળો. જુઓ સામેથી પેલો કુમાર ભણવા સારુ મારી પાસે આવે છે. માટે તમે સૌ વિદ્યાર્થી બની જાઓ, હું તમારો વિદ્યાગુરુ બનુ.' એટલી વાત કહેતાં ભૂતો સર્વે નાના-નાના વિદ્યાર્થી બની ગયાં. અને પોતે પણ માથે લાલ દક્ષિણી પાઘડી, અંગે અંગરખું ને ગળામાં સુંદર શાલ, ને પાની સુધી ઢળકતું ચાર આંગળ પાટલી પાડેલું ધોતિયું પહેરી ગાદી તકિયા ઉપર બેસી ગયો. પંડિતે સૂચના કીધી : "જો કોઈ પણ ભૂત આ બ્રહ્મકુમારને બીરવરાવશો કે પોતાનું મૂળ સ્વરૂપ તેને બતાવશો કે કોઈ તેને દુઃખ આપશો તો તેનો હું જાન લઈશ." આવી કઠણ આજ્ઞા બ્રહ્મરાક્ષસે ભૂતોને આપી દીધી.

## ● બ્રહ્મરાક્ષસે બ્રહ્મકુમારને વિદ્યા ભણાવવા રાખ્યો.

આથી તે મકાન બે ઘડી વારમાં નાનું સરખું શારદાનું મંદિર બની ગયું. વેદની ઘોષણાઓ થવા લાગી. ઉપનિષદ તથા વેદની ઋચાઓ વિદ્યાર્થીઓના ગળામાં ગાજવા લાગી. પાણિનીના સૂત્રો અને પતંજલિ ભાષ્યની પ્રક્રિયાઓની રેલમછેલ થવા માંડી. જાણે સરસ્વતી નદીના ઓસરતાં નીર પાછાં ઊભરાવા લાગ્યાં કે શું ! એમ સાક્ષાત્ જોનાર મનુષ્યને અનુભવ થાય.

ત્યાં તો કુમારે આવીને ડેલીની સાંકળ ખખડાવી અને "ઉઘાડજો બારણું..!" એમ મોટેથી બૂમ પાડી. એક ભૂત વિદ્યાર્થી હસતો હસતો ને સૂત્રો ગોખતો ગોખતો કમાડ ઉઘાડવા આવ્યો, 'કડડડ...' અવાજ કરતું કમાડ ઉઘાડયું. બ્રાહ્મણકુમાર અંદર આવતાં પાછું તરત જ દેવાણું. અંદર જોતાં કુમારને જણાણું : "આ હા

હા, આવું વિદ્યાપીઠ આખા ગુજરાતમાં નથી. હું કૃતાર્થ થયો. મને આ વિદ્યાશીલ ગુરુદેવ મળ્યા તે મારાં મોટા ભાગ્ય.' એમ વિચાર કરતો કરતો સીધો ગુરુદેવ પાસે જઈ તેમને નમ્યો અને આચાર્યના અંકમાં (ખોળામાં) પડ્યો.

પંડિતના વેશમાં બેઠેલા બ્રહ્મરાક્ષસે કુમારને ઉઠાડ્યો, કુશળતા પૂછી. અને આવવાનું કારણ પૂછ્યું. કુમારે વિનંતીપૂર્વક જવાબ દીધો અને કહ્યું : "ભગવાન પરશુરામ પાસે કર્ણ, મૈત્રાવરુણી પાસે યાજ્ઞવલ્કય, વિશ્વામિત્ર મુનિ પાસે ગાલવ વિદ્યા ભણવા ગયા હતા તેમ હું પણ આપની પાસે વિદ્યા ભણવા આવ્યો છું. તો હે ગુરુદેવ ! મને વિદ્યાનું દાન આપો."

"વિદ્યાદાન દેવામાં અમારી ના નથી. પણ કુમાર ! અમારા આ વિદ્યાપીઠના નિયમો બહુ કડક છે. તે તારાથી પળાશે ? સાંભળ, જો તારે ભણવું હશે તો આ મકાન બારૂં તારાથી ક્યાંય જવાશે નહીં. અમારું નામ, ઠામ, જાતિ, ગૌત્ર કોઈ દિવસ પૂછાશે નહિં. અને 'ક્યાં ભણ્યો ?' એમ કોઈ કહે તો અમારું સ્થળ બતાવાશે નહીં. અને અમારી સાથે ભણવા વિના અન્ય વાતો પણ થશે નહીં. પડથારનાં પગથિયાં નીચે ઊતરાશે નહીં. અમારા સરસ્વતી મંદિરમાં વિદ્યાર્થી વર્ગને તમામ ખાનપાન, આરામ, વસ્ત્રદાન, પુસ્તકદાન વગેરે અપાય છે. એટલે તારે બહાર જવાની જરૂર રહેતી નથી.

કુમાર ! આ અમારી વેદપુરી છે. એ વેદપુરી બહાર જે દિવસ પગ મૂક્યો તે દિવસ અમે તારા નથી અને તું અમારો નથી. આંહી તો અસીધારાવ્રત છે આ ધોળકામાં આટલી મુંજની ધારાનગરી છે, સમજ્યો ? બોલ, જો તારી ઇચ્છામાં આવે તો અમે રાખીએ. આ બધા વિદ્યાર્થીઓ આવાં કઠણ વ્રત લઈને અમારી વિદ્યાપીઠમાં દાખલ થયા છે. હવે તું કહે ભાઈ ! તારો શો વિચાર છે ?" જેમ પિતા હેતનાં વચન બોલે તેમ વિદ્યાગુરુ બોલ્યા.

કુમાર પુનઃ ગુરુના ખોળામાં પડ્યો અને મૃદુ વચન બોલ્યો : "હે ગુરુદેવ ! હું તમારો છું, તમારે શરણે આવ્યો છું. મને વિદ્યાદાન આપો. હું તમારી વિદ્યાપીઠના સર્વે કઠણ નિયમોનું પાલન અવશ્ય કરીશ." આમ તરત હા કહેતાં તેને તમામ સગવડ કરી આપવામાં આવી. સીધાં-સામાનનો પણ બંદોબસ્ત વિદ્યાગુરુએ કરી આપ્યો. કુમાર ભણવા લાગ્યો. હૈયાને હેતે સુપાત્ર

શિષ્ય મળતાં બ્રહ્મરાક્ષસે વિદ્યા ઠાલવવા માંડી. ભણાવી ભણાવીને ટૂંક સમયમાં મહાનિષ્ણાત કર્યો. કુશાગ્ર બુદ્ધિશાળી કુમારે પણ વિદ્યાનું પોતાની શક્તિ પ્રમાણે પાન કરવા માંડ્યું. દિવસે દિવસે કુમારનું બ્રહ્મતેજ ઝળકવા લાગ્યું કુમાર લાગટ ત્રણ વર્ષ ભણ્યો.

એક દિવસ પ્રભાતમાં ભણીગણી કુશળ બનેલો કુમાર ઘર તરફ જવા તૈયાર થયો. ગુરુદેવે તેને આશિષ આપી. કુમાર આશિષ માથે ચઢાવીને નીચે ઊતર્યો. ત્યારે ગુરુએ આશીર્વાદ આપ્યો : ‘‘ભાઈ ! તારી વિદ્યા ફળીભૂત થજો. દિગ્મંડળમાં તારી ખ્યાતિ ખૂબ વધજો. જા ભાઈ, સુખી થા. હવે આ ભુવનમાં ફરી વખત તું આવતો નહીં. આ સ્થળ સામું પણ ફરીથી કોઈ દિવસ જોઈશ નહીં.’’

‘તું ક્યાં ભણ્યો’ એમ કોઈ પૂછે તો અમારું આ ગુપ્ત વિદ્યાપીઠ બતાવીશ નહીં. અમે કીર્તિના ભૂખ્યા નથી, પણ કર્તવ્યભોગી છીએ. તેવો અમારો પાકો મુદ્રાલેખ છે. વિશેષ તને શું કહું ? જાવ બેટા ! સુખેથી રહો અને ભણેલી વિદ્યાનો વિસ્તાર કરો.’’ કુમાર વંદન કરીને ચાલ્યો. ત્યારે એક હેતાળ વિદ્યાર્થી ડેલી સુધી વળાવવા આવ્યો. જેવો કુમાર બહાર નીકળ્યો એવું જ પાછું દ્વાર બંધ થયું. કુમાર ચાલી નીકળ્યો.

તેને જોઈને એક જણ બોલ્યો : ‘‘અલ્યા ! આ તો પેલા બ્રાહ્મણનો છોકરો ! આપણે ભૂતિયા મકાનમાં મોકલ્યો હતો તે.’’

એમ કહીને તે પૂછવા લાગ્યો : ‘‘અલ્યા, તું ભૂતખાનામાં જીવતો રહ્યો... ?

ચાલો જરા આડુંઅવળું પૂછી મૂળ મુદ્દો પકડી લેશું, ચાલો...’’

એમ કહી સૌ સામા ઉતાવળા ચાલ્યા. અને ભૂદેવને જોઈને ‘રામ રામ’ કહીને ઊભા રહ્યા.

‘‘ભાઈ, ક્યાંથી આવો છો ?’’ એકે કહ્યું.

‘‘ક્યાંથી શું ? આ તમારા ગામની ગુપ્ત વિદ્યાપીઠમાંથી, તમે મને ચીંધી હતી ત્યાંથી. ભાઈ ! હું તમારો ઉપકાર માનું છું. કારણ કે મને વિદ્યા પ્રાપ્ત કરવામાં તમે સહાયકારી થયા.’’

આ સાંભળીને પૂછનારાઓ એકબીજાની સામે જોવા લાગ્યા અને હોઠમાં હસવા લાગ્યા.

"મહારાજની ડગળી ખસી તો નથી ગઈ ને ?"

બીજો હળવે રહીને બોલ્યો : "ના, ના, ખસે શું ? મરનારો મહાવિદ્વાન હતો. માટે આને જરૂર એણે ભણાવ્યો હશે. એમાં શંકાને સ્થાન નથી." એમ કહીને પૂછવા લાગ્યો, "ભાઈ ! તમે ભણ્યા ખરા, તમારા ગુરુદેવ કોણ ? કોની પાસેથી આવું અમૂલ્ય વિદ્યારત્ન મેળવ્યું ? એમ જ્યારે કોઈ પૂછશે, ત્યારે શો ઉત્તર દેશો ?"

"મને એ બાબત પૂછવાની તેઓએ ના પાડી છે."

"એનું નામ જ મોટાઓની મોટાઈ જે પોતાનું નામ બહાર ન આપે. તોપણ આપણે જાણવા ખાતર જાણવું જોઈએ."

બ્રહ્મકુમારે કહ્યું : "તમે કહો તો હું પાછો વળીને પૂછી આવું."

"ભલે પૂછી આવો. અને ભેગાભેગું તેનું ગોત્ર, શાખા અને પ્રવરની ખબર પણ લેતા આવજો. એટલે પાછલે દિવસે મનમાં ઇચ્છા રહી જાય નહીં."

"ભલે." કહી કુમાર પાછો વળ્યો. આમ ડુંભાણું મૂકી આળવેતરાઓ આડાઅવળા થઈ ગયા.

આ તરફ બ્રહ્મરાક્ષસે વિચાર્યું : 'આ ભૂંડો કામો થયો ! કાચી વયનો ભોળો કુરંગ સરખો કુમાર, લુચ્ચાઓની મૃગજાળમાં ઝપટાણો. મેં ના પાડ્યા છતાં પાછો આવ્યો. અમારા નામ, જાતિ, ગોત્ર તે સાંભળશે તો કેળના ગર્ભ જેવો કુમાર ઝડપાઈ જશે. મને બ્રહ્મહત્યાનું વૃથા પાતક લાગશે.' આમ વિચારીને બ્રહ્મરાક્ષસે પાછું વાત વાતમાં વિદ્યાપીઠ શરૂ કર્યું. ભૂતાવળ ને પાછા વિદ્યાર્થી બનાવી દીધા, અને પોતે આચાર્ય બનીને બેઠા. ત્યાં તો કુમારે આવીને કમાડ ખખડાવ્યું . કમાડ ઊઘડ્યું.

કુમાર ગુરુ પાસે ગયો, ગુરુને ક્રોધ ચડ્યો અને હાક મારી :

"કુમાર ! કેમ આવ્યો ?"

"ગુરુદેવ ! આપનું નામ, ઠામ અને જાતિ પૂછવા આવ્યો."

"તારે તારી વિદ્યા સાથે કામ ! તારે જાતિ, ગોત્રનું શું કામ ? માટે હજુ મારું માન, અને પાછો આવ્યો તેમ ચાલ્યો જા."

# ૧૭. બ્રાહ્મણકુમારનું હઠને કારણે મોત અને બ્રહ્મરાક્ષસનો પસ્તાવો

"ના ના, પ્રથમ તમે કોણ ? તમારું નામ શું ? એ ઉત્તર આપો. ત્યારે જ હું અહીંથી જવાનો છું."

એમ કહી પોતાનો ખડિયો ખભેથી ઉતારી નીચે મૂકી ને કુમાર હઠે ચડ્યો.

ગુરુએ તેને બહુ સમજાવ્યો, પણ બાળક એકનો બે ન થયો. હાથમાંથી બાજી જતાં ગુરુ છેવટે બોલ્યા : "બસ કુમાર ! અમારાં કુળ, ગોત્ર તારે જાણવાં જ છે ?"

"હા ચોક્કસ જરૂર" આચાર્યની આંખ ફરી અને ભભૂકીને બોલ્યો.

"વિદ્યાર્થીઓ ! તમારાં કુળ ગોત્ર જે હોય તે કહો. હું પણ મારાં કુળ, ગોત્ર પ્રકાશું છું."

આમ સર્વે વિદ્યાર્થીઓ ભૂતો બની જઈ હાકલા પડકારા કરવા લાગી ગયા. ગુરુ ભયંકર બ્રહ્મરાક્ષસ બનીને આગળ ઊભા રહ્યા.

કુમાર આવું દૃશ્ય નીરખતાં એકદમ ફાટી પડ્યો. જોતજોતામાં આંખના ડોળા બહાર નીકળી પડ્યા. અને તેના પ્રાણ પળવારમાં પરલોકમાં ચાલ્યા ગયા. વાતવાતમાં ભૂતાવળે કુમારને ભરખી લીધો. આંખમાં કણું ખૂંચે તેમ કુમાર બ્રહ્મરાક્ષસને ખૂંચવા લાગ્યો. પોતાને લમણે હાથ દઈ રુદન કરવા લાગ્યો..

"અ ર ર ર, એકનો એક લાડકવાયો, નમાયો આ બાળક આજ મારી ક્રોધની અગ્નિઝાળમાં હોમાયો. અરે, અરે, આજે પારકી થાપણ-આજે પારકું પુત્ર ધન મારી ભુતાવળમાં લૂંટાયું. અરે, મેં હાથે કરી લૂટાવ્યું. આજ બ્રહ્મહત્યાનું કલંક મારે શિરે પાછું સ્વાર થયું. ભણાવી ગણાવી પઢાવીને તૈયાર કરેલો હંસ મેં જ પારધીએ આજ હાથેથી હણ્યો : હર ! હર ! હર ! શી મારી ગતિ થશે ? ક્યારે આ પાતક જશે ? ક્યારે આ બળતું અંતર ઠરશે ? આ બનાવ જ્યારે એનો પિતા સાંભળશે ત્યારે જરૂર એની છાતીએ શારડી મુકાશે; પણ શો ઉપાય ? ભાવિ પ્રબળ, થનારું તે થયું !"

સંધ્યા આરતિનો સમય છે : ગામમાં રામજીમંદિરની ઝાલરોનો ઝણઝણાટ, અને ઘંટાઓનો ઘણઘણાટ થઈ રહ્યો છે : રામજી મંદિરના બાવાએ ઝટદેતી બે ચાર કુંડાળા ફેરવી લબડધક આરતી ઉતારી : આરતી બાદ, 'રઘુપતિ રાઘવ રાજા

રામ, પતિત પાવન સીતારામ' ની ધુન બાદ પુજારીએ છુટે હાથે પ્રસાદી વહેંચી, ભાવિક લોકોએ હાથ લાંબો કરી કરીને પ્રેમથી લીધીઃ ત્યાર બાદ 'સીયાવર રામચંદ્રકી જય' 'પવનસુત હનુમાન કી જય' સબ સંતન કી જય' બોલતા લોકો મંદિરમાંથી બહાર નીકળ્યા અને નોખા વિખરાવા લાગ્યા.

સામું માણસ મળે તો પણ ન સુઝે, એવું અંધારૂં ગામમાં ધીમે ધીમે જામ્યું હતું. કોઈ કોઈ ઘરના દીવાનો પ્રકાશ બંધ કરેલા બારણાની તરડ વાટે બહાર આવતો હતો. એક બાજુ ઉંચા ઉકરડાઓ અને તુટલ ભીંતડાવાળા ઉભેલ ઉજ્જડ ખંડેરોનો દેખાવ ભયાનક હતો : શિયાળાનો વખત હતો. બે ચાર જણાઓ ટાઢના સંકોડાતા સંકોડાતા ટુટીયા વાળીને ચોરાની કોર ઉપર પછેડીભર પડ્યા હતા. કોઈ બાજુ બે ચાર ઠોળી ભેળા થઈ તાપણી તાપતા કોઈની ઠઠ્ઠા મશ્કરી કરી રહ્યા હતા. ત્યાં તો કોઈએ આવી તેઓને પૂછ્યું.

'ભાઈ રામજી મંદિરમાં રાતના રાત પડ્યા રહેવાય એવી જગ્યા અમારે માટે હશે કે ?'

સાંભળતાં જ તાપણીમાંનો ચીપીયા વતી દેવતા સંકોરતો સંકોરતો એક જણ બોલ્યો :

"ક્યાંથી આવો છો ભાઈ ?"

"અમે આવીએ છીએ, આઘે આમ કાઠિયાવાડમાંથી."

" પણ ગામ ક્યું ગામ ?"

"ગઢડું."

"કેવા છો ?"

"સાધુ"

"કેવા સાધુ ?"

"સ્વામિનારાયણના"

"ત્યારે કહોને જીવન મુક્તાના પંથના !"

"કેટલી મૂર્તિ છો ?"

"છીએ આશરે પચાસ."

"આમાં તમારામાં કોઈ મોટેરા છે. ?"

"હા, "

"શું નામ ?"

"ગોપાળાનંદ સ્વામી."

"હવે આપણે બધું પૂછીને શું કામ છે ? મૂકને નકામી પંચાત. સીધો જવાબ દઈ દેને, નકામો ડાપણ ઠાલો ડોળ મા. જુઓ બાપજી સાંભળો. રામજી મંદિરનો બાવો તો બરછીએ મારવા જેવો છે. કોઈને ઉંબરે પણ ઊભા રહેવા દેતો નથી. તો ઊતરવાની ક્યાં વાત કહેવી ! તેમાં પણ જો જીવનમુક્તાના સાધુનું નામ સાંભળશે તો બમણો બળી ઊઠશે, અને નાહકનો ઠાલો તમારી સાથે લોહી ઉકાળો (ઝગડો) કરશે. માટે ત્યાં જવાનું રહેવા દ્યો. અને જો તમારી છાતી કબૂલતી હોય તો આ બહાર ડેલાવાળું નવે કાંઠે માળેલું ખાસું આ મકાન રહ્યું, તેમાં જઈને ઊતરો." એક ડાહ્યા જણે કહ્યું.

"પણ એમા મકાન ધણીની રજા સિવાય અમારાથી ઊતરાય નહીં. અમારા ગુરુની પણ એવી આજ્ઞા છે." સાધુ એ કહ્યું.

"ઓય તમારું ભલું થાય.. ! પણ બાપજી એ મકાનનું તો કોઈ ધણીધોરી પણ નથી. અને એના સામું કોઈ જોતુંયે નથી. એ મકાન તો પડતર રહે છે. તો તમારે રાતની રાત ગાળવી છે એમાં શું ? જાવ તમ તમારે સુખેથી સુઈ રહો."

## ૧૮. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્મરાક્ષસનો સંવાદ

આવું સાંભળીને સાધુ "સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...." નામ લેતાં તે ડેલા ભણી ચાલ્યા અને તે ઉઘાડી અંદર પેઠા. એક ઓસરીએ હારબંધ ઓરડાઓ દેખતાં સદ્‌ગુરુ ગોપાળાનંદમુનિ અતિ પ્રસન્ન થયા અને મુખેથી બોલી ઊઠ્યા :

"વાહ વાહ ! જેવી એકાંતની આપણે જગ્યા જોઈએ, તેવી જ આપણને મળી ચૂકી. ચાલો સંતો, વાળી નાંખો."

સાધુઓ કોઈ વાળવા, કોઈ સાફસૂફ કરવા, કોઈ સ્નાન કરવા, તો કોઈ દિવેલ માગી લાવી કોડિયામાં દીવો પ્રગટાવવા મંડ્યા. ખીંટીએ ખીંટીએ ભગવી ઝોળી અને સૂતરની દોરીથી બાંધેલા તુંબડાં લટકાવી દીધાં. અને દીપકની આસપાસ વીંટાઈવળી સંતો સ્વામિનારાયણના નામની ધૂન મચાવવા લાગી પડ્યા.

પછી સાયંકાળ સમયની નિત્યવિધિ કરી સાધુઓ ભૂખ્યા-દુઃખ્યા, થાક્યાપાક્યા પડ્યા રહ્યા. તે સમે તે ગામમાં કોઈ સત્સંગી નહોતું. મધ્યરાત્રિના બાર વાગ્યા. યોગીન્દ્ર ગોપાળાનંદમુનિ ભીંતને ઓથે ભણનારા સાધુઓને પાઠ આપી રહ્યા છે. ત્યાં તો મૂર્તિમાન બ્રહ્મરાક્ષસ પ્રગટ થયો અને સામેના તાટ ઉપર આવીને સહુ દેખતાં ચડપ બેઠો. અને ધબોધબ ગીર્વાણની ધારા મુખમાંથી બોલવા લાગ્યો. તે બ્રહ્મરાક્ષસને જોતાં જ નાના નાના સાધુઓ થરથરવા લાગ્યા.

સ્વામીએ સાધુઓને પોતાની પાછળ બેસાડ્યા. અને બ્રહ્મરાક્ષસની સાથે સંવાદ શરૂ કર્યો. એક ધારાએ ઉભયનો શાસ્ત્રાર્થ ગંગાના વહેણની પેઠે થવા લાગ્યો. અજાતશત્રુ ધર્મનો અને યક્ષનો સંવાદ પૂર્વે થયો હતો, તેવો સંવાદનો સાક્ષાત્કાર જોનારને થાય એવી એ વખતની ધન્ય ક્ષણ હતી. બ્રાહ્મમુહૂર્ત થતાં જ બ્રહ્મરાક્ષસ ચાલ્યો ગયો. સાધુઓના ખોળિયામાં પ્રાણ પાછો આવ્યો.

સવાર થયું. દૂર દૂરના આડોશી-પાડોશી વાટ જોઈ રહ્યા હતાં કે સવારમાં આ બધા સાધુઓ કાળનો કોળિયો થઈ જવાના ! પણ જ્યારે સૌ જીવતા જણાયા ત્યારે તેઓ બધા ધા ખાઈ ગયા.

આ ઉપરથી કોઈ ખત્રીએ આવી પ્રસન્ન થઈ સ.ગુ. ગોપાળાનંદમુનિ બેઠા હતા ત્યાં જઈને પગે લાગ્યા. અને બે હાથ જોડી વિનંતી કરી :

''સ્વામી ! આજ ની મારી રસોઈ લો અને મને કૃતાર્થ કરો.''

સ્વામીએ હસિત વદને વચન માન્યું અને સુંદર સાદી રસોઈ બનાવી, થાળ તૈયાર કરીને મહારાજની મૂર્તિને ધરાવીને સાધુઓ જમ્યા. પછી યોગાભ્યાસી સાધુઓ સહજ સૂતા. દિવસ નમતાં સાધુઓ ટપોટપ કેડ બાંધી કે ચાલવા સાબદા થઈ ગયા. ત્યાં તો યોગીવર ગોપાળાનંદસ્વામી બોલ્યા : ''સંતો ! બ્રહ્મરાક્ષસની મુક્તિ કર્યા વિના આપણાથી એમ ને એમ કાંઈ જવાય ? આજે એનો ઉદ્ધાર કરશું અને કાલે વહેલા વહાણામાં આપણે ચાલી નીકળશું. સાધુજનોનાં વિચરણ અધમ જનના ઉદ્ધારાર્થે જ હોય છે.''

''પણ દયાળુ ! રાક્ષસની વિકરાળ મૂર્તિ દેખતાં અમારા હાજા ગગડી જાય છે. અને શરીર પરસેવે રેબઝેબ થઈ જાય છે.'' તોપણ ગોપાળાનંદ સ્વામીનો આગ્રહ હોઈ સાધુએ વિચાર કર્યો કે, 'આપણે ચાલી નીકળીશું એટલે સ્વામી ચાલી નીકળશે.' એમ પ્રયાણની બધી તૈયારી કરી, છતાં સ્વામીની આજ્ઞાથી બાંધેલી

પોતાની ભેટું છોડવી પડી. અને ભયથી ફફડતાં પંખીડાં સ્વામીના હાથની શીતળ છાયા તળે છેવટ જઈને નિર્ભય બનીને રહ્યાં. અંધારી ઘનઘોર રાત્રી પડી.

દીપક ઝાંખો ઝાંખો ઝબૂકે છે. ત્યાં તો એક ભયંકર ગેબી અવાજ થયો. નાના નાના સાધુઓ ભયના માર્યા સ્વામીના પડખામાં જઈ ભરાણા. કોઈએ દીવાની વાટને સંકોરી પ્રકાશને વધુ પ્રગટ કર્યો. ત્યાં તો વાતવાતમાં વાજોવાજ બ્રહ્મરાક્ષસ આવીને ઊભો રહ્યો. અને આ વખતે જાતિ સ્વભાવને અનુસરીને એકાદ ઝાડની તીરખી લાવીને (ગોપાળાનંદ) સ્વામીના ઉપર ઝાપટી. સ્વામીએ યોગબળે ફેંકેલ તીરખીને અધરને અધર ત્રિશંકુની જેમ લટકાવી રાખી. અને હાક મારી :

"મહાપાપના યોગે તું આવી અધોગતિને પામ્યો છો, આવો વિદ્વાન છો, કુલિન છો. કુલિનતા, વિદ્વત્તા પામ્યાનું શું આ ફળ ? અને ભણી ભણીને ભણ્યો પણ અંતે ઈશાવાસ્ય શ્રુતિને ભૂલ્યો ? દેખી પેખીને દીવો ઝાલીને કૂવામાં ઊતર્યો ?"

"હે પાપાત્મા ! તેં કૈંક નિર્દોષોના પ્રાણ હર્યા. છેવટે આશાભર્યા અભ્રવર્ણા બ્રાહ્મણ બાળકને પણ ભરખ્યો. ફિટકાર છે તને ! ધિક્કાર છે તારી કુળ જાતિને ! આ ઝાડની ડાળી તેં ફેંકીને સંતનો પણ દ્રોહ કર્યો. હજુ આ ને આ જાતિમાં તારે સડવું છે કે ઊગરવું છે ? પાપના કીચડમાં આમ ને આમ રગદોળાવું છે કે ઊગરવું છે ? બોલ જલદી બોલ..! ઉત્તમ બ્રહ્મકુળમાં જન્મીને શું કમાણી કીધી ? તારી વિદ્યા અને તારું બ્રહ્મજ્ઞાન તારા મોક્ષના સાધનમાં ખપ ન લાગ્યાં, તો તે વિદ્યાથી શું ? અને જ્ઞાનથી પણ શું ?" લાલચોળ બની જઈ યોગીવરે હિતસ્વી વેણની ઝડી વરસાવી.

ત્યાં તો બ્રહ્મરાક્ષસ મોટો સાદ કાઢી નાનો બાળક રડે તેમ રડવા લાગ્યો. રાક્ષસની બંને આંખમાંથી શ્રાવણ ભાદરવાનાં સરવડાં વરસે તેમ વરસવા લાગ્યાં. જાણે સ્વામીના દર્શનમાત્રથી રાક્ષસનું પાપ અશ્રુરૂપ બની ચાલી નીકળતું હોય નહીં શું !

"બ્રહ્મરાક્ષસ ! તું રો મા, રો મા. હોય મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે, પણ એ ભૂલને સુધારવીએ માનવજીવનનું પરમ કર્તવ્ય છે. હવે કહે જોઉં ! આ સ્થિતિમાં શી રીતે તું આવ્યો ?"

"હે મહાભાગ્ય ! સાંભળો, મારી ગૃહિણી અને મારો પુત્ર આ સામેની

તેલની કોઠીમાં પડીને મુઆ, મોહવશ બનીને હું પણ પાછળ પડીને મુઓ, આથી મારી આવી સ્થિતિ છે. હવે દયાળુ ! કરુણા કરો અને મારો ઉદ્ધાર કરો. હું આ ગતિમાં બહુ રિબાઉ છું, મૂંઝાઉ છું. મારે નથી ખાવાનું સુખ, નથી પીવાનું સુખ. મેં કંઈક નિર્દોષોના પ્રાણ લીધા છે. એ બધું મને કાંટાની જેમ શરીરમાં ખૂંચ્યા કરે છે.''

''મૂર્ખા ! જેટલો જેને સ્નેહ, તેટલું તેને દુઃખ. તેં સાંભળ્યું છે કે હોલી અને હોલીનાં બચ્ચામાં સ્નેહ રાખવાથી હોલો પણ પારધીની જાળમાં બંધાણો. એ શું તું પંડિત થઈને ભૂલી ગયો ? એ અવધૂતગીતા અને એકાદશસ્કંધ આચરણમાં જરા પણ ન મૂકી શક્યો ? પંડિતાઈ જ પંડિતને બેડીરૂપ બને છે. જેટલો સ્નેહ તેટલું દુઃખ. જુઓ આ દીપકમાં સ્નેહ છે ત્યાં સુધી એ દીપક બળે છે, પણ એ દીપક નિઃસ્નેહ થતાં આપોઆપ ઓલવાઈ જશે. સંસારમાં પણ નિઃસ્નેહ થવાથી સુખી થવાય છે. આ મકાનમાં તારી વાસના છે કે ? આમ દબડાવીને સ્વામીએ તેને કહ્યું.

''હા મહામુનિ ! આ બધાં મકાનો મેં જાતે માથે ઊભા રહીને ચણાવ્યાં છે, જુઓ, આ ઠેકાણે ઠેકાણે મેં જાતે ભૂમિમાં દ્રવ્ય દાટ્યું છે. તે દ્રવ્ય મારે કામ ન આવ્યું. કેમ કે તે મેં બીજાને કામ ન આવવા દીધું. અને હવે એ દ્રવ્યનો તમે ગમે ત્યાં સદુપયોગ કરો. હે મહાભાગ ! મારો ઝટ ઉદ્ધાર કરો. મારા ગુના માફ કરો. હું એમ માનું છું કે આપ કોઈ મોટા યોગીન્દ્ર છો અને મારો ઉદ્ધાર કરવા ખાતર જ તમે આંહી મારા ભૂતિયા મકાનમાં પધાર્યા છો.''

## ૧૯. ગઢપુર મોકલી ત્રણસો ભૂતો સાથે બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર

સ્વામીએ તેને પૂછ્યું ''તું એકલો છો ?''

''ના, ના, મારી સંગાથે બીજાં ત્રણસે ભૂતોની સેના છે. એ સર્વ ભૂતોનો હું રાજા છું.''

''ઠીક, ત્યારે એ બધાંને તું સાથે લઈને ઉન્મત્ત ગંગાને તીરે આવેલ સુંદર દુર્ગપુર છે, ત્યાં તું જા. ત્યાં એક સ્વામી છે. સ્વામીને તું કહેજે કે, મને ગોપાળાનંદમુનિએ તમારી પાસે મોકલ્યો છે. એટલે તારો એ જરૂર ઉદ્ધાર કરશે.''

"હું જાઉં તો ખરો, પણ હે દયાળુ ! દેવદૂતોની આડી ચોકી આવે છે. મારાથી ત્યાં કેમ જવાશે ?"

"અમારી આજ્ઞાથી દેવના દૂતો દુર્ગપુર જતાં અટકાવશે નહીં. તું જા, અમારું વચન છે."

"કેટલાંય વર્ષોથી હું તરસ્યો છું. વરુણના દૂતો ક્યાંય પાણી પીવા દેતા નથી."

ત્યારે સ્વામીએ કહ્યું : "દરેક જળાશયમાં વરુણના દૂતોની ચોકી હશે, પણ ઉન્મત્ત ગંગાના તીરે કોઈનો ચોકી-પહેરો રહેતો નથી. ત્યાં તો પ્રગટ પુરુષોત્તમ પ્રભુ સ્વયં વિચરે છે. માટે તું ત્યાં જઈ ખૂબ પાણી પીજે."

"ત્યારે કૃપાસાગર હું જાઉં છું"

"હા, જા." એમ કહેતાં જ સ્વામીના દર્શનમાત્રથી શાંતિ અનુભવતો ત્રણસો ભૂતોની ભયંકર સેના સાથે બ્રહ્મરાક્ષસ ગગનમાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' નામનું સ્મરણ કરતો કરતો દુર્ગપુરની દિશા ભણી ચાલ્યો ગયો. ત્યાર પછી સદ્. યતિકુળમણિ ગોપાળાનંદસ્વામીએ પણ વહેલા ઊઠીને સાધુઓને લઈ વડતાલના માર્ગ ભણી ચાલવા પ્રયાણ કર્યું.

આ બાજુ ગઢપુરમાં ગોપીનાથજીના મંદિરના પાયાનું કામ ધમધોકાર ચાલતું હોવાથી સૌના કામ ઉપર સૌ લાગી ગયા જણાય છે. કોઈ ચૂના ઉપર અને કોઈ પથ્થર ઉપર અને કોઈ પાણીની ટાંકી ઉપર કામ કરવા ટપોટપ લાગી ગયા છે. એક મોટા ધૂળના ટીંબા ઉપર મહારાજને બેસવાનું આસન શોભી રહ્યું છે. કોઈ કોઈ વખત ત્યાં મહાપ્રભુ બિરાજી મંદિરના કામકાજમાં રસ લઈ રહ્યા છે. આ પ્રમાણે સૌ સંતો દર્શન કરીને ચાલ્યા ગયા.

તેવામાં એક વૃદ્ધ સાધુ ધીમે ધીમે લાકડીને ટેકે ટેકે ચાલ્યા આવે છે મુખમાં સર્વમંગલનો પાઠ ચાલ્યા કરે છે. અંગે કરચલી પડી ગઈ છે, છતાં અંગની કાંતિ આકર્ષણ કરે એવી છે. જોતાં નયન ઠરે, છાતી શીતળ થાય, અંતરનો આત્મા જાગ્રત થાય, એવા એ સમર્થ ત્યાગી છે. એમનાથી કાંઈક દૂર દૂર એકાદ ઓળો (ભૂતનો પડછાયો) અંધારામાં ચાલ્યો આવે છે. વૃદ્ધ તપોમૂર્તિ આગળ વધે છે, તો એ આગળ વધે છે, ઊભા રહે છે તો એ ઓળો પણ સહજ દૂર દૂર ઊભો રહે છે.

છેવટે તપોમૂર્તિ વાસુદેવનારાયણના ઓરડામાં પેઠા. ઓળો બહાર જ ઊભો રહ્યો. જેવી એ વૃદ્ધ મૂર્તિ ઓસરીની કોરે આવેલાં પગથિયાં ઊતરી કે તરત ઓળો ધીમે ધીમે પાછળ પાછળ ચાલવા માંડ્યો. અને સમય મળતાં ઝબ દેતો મુનિની પાસે ખડો થયો.

“કોણ એ ?” મુનિએ પૂછ્યું.

“શાંતસ્વરૂપ, હે મુનિ ! હું ધોળકાનો ભૂતગતિને પામેલો મહાપાપી બ્રહ્મરાક્ષસ છું. તે હું આપને વંદન કરું છું. દયાળુ ! મારો ઉદ્ધાર કરો... ! ઉદ્ધાર કરો... !” એમ કહી દૂર દૂરથી પાછો પુનઃ પુનઃ નમ્યો, “તને કોણે આંહી મોકલ્યો ?”

“યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ.”

“એમ કે!”- કહીને વૃદ્ધ તાપસ હોઠમાં સહજ હસ્યા અને મનોમન વદ્યા : “વાહ, વાહ, મુનિવર, વાહ !”

ક્યાં સુધી અમને મોટેરા કરશો ? અને માહાત્મ્ય વધારશો ? (મોટેથી) પણ મોક્ષ દેવાવાળા તો એ અક્ષરમૂર્તિ પોતે હતા. તમને નાહક મારી પાસે શા સારુ મોકલ્યા ?

(મનમાં) પણ હા... હા... આને મોકલવામાં કાંઈક હેતુ હશે ? હા.. હેતુ બીજો શો હોય ? આ મંદિરના મોટા પાયા પૂરવા છે, તે આ ભૂત વિના શે પુરાય ? એમ સમજીને એ યતિવરે અહીં કદાચ મારી કને મોકલ્યો લાગે છે.’ એમ વિચારીને કહ્યું :

“સાંભળો, પ્રથમ સેવા-ધર્મ સ્વીકારો, સ્વામિનારાયણના નામની સ્મરણ ભક્તિ કરો. અને ઉન્મત્ત ગંગાના મોટા મોટા પાણાઓ લાવી લાવી અહીં ગંજી કરો. **“સેવા મુક્તિશ્ચ ગમ્યાતામ્”** એ સૂત્રને સાંગોપાંગ અનુસરો એટલે બસ તમારું કલ્યાણ થઈ ચૂક્યું.” એમ કહી વૃદ્ધ તપસ્વી ચાલી નીકળ્યા. અને બ્રહ્મરાક્ષસ પણ ઉપરોક્ત મહાવાક્યને હૃદયમાં ધારી દર્શન કરી, અહર્નિશ ગઢપુર મંદિરના પાયાની પૂરણી પૂરી સદ્‌ગતિને પામ્યો.

•

# પરિશિષ્ટ-૧

## સ.ગુ. મૂળ અક્ષરમૂર્તિ યોગીવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામી

### (સંક્ષિપ્ત જીવન ચરિત્ર)

### જન્મ અને જન્મભોમકા

ગુજરાતમાં અરવલ્લીની સોહામણી ગિરીમાળાથી છવાયેલા ઈડરનો ડુંગરાળ પ્રદેશ હાલના સાબરકાંઠા જિલ્લામાં આવે છે. આ જિલ્લાના ભિલોડા તાલુકાના મુખ્ય મથક ભિલોડા ગામની તદ્દન નજીક, બુઢેલી નદીની કાંઠે વસેલું ટોરડા નામનું નાનકડું ગામ. આ ટોરડા ગામને ભગવાન શ્રી સ્વામિનારાયણના અગ્રણી શિષ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની જન્મ ભોમકા બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમનો જન્મ બ્રાહ્મણ કુળમાં પિતા શ્રી મોતીરામ રાજેશ્વર ઠાકર અને માતા કુશળબાની કુખે આજથી સવા બસો વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૮૩૭ના મહા સુદ આઠમના દિને થયો હતો.

જોતાં જ સૌ કોઈના મન હરી લે, ખુશ કરી દે તેવું અદ્‌ભુત રૂપ. તેથી તે બાળકનું નામ ખુશાલ પાડ્યું. તેમનું દુબળું પાતળું ગૌર શરીર, તેજસ્વી નેત્રો, અણીદાર નાસિકા તથા આજાનબાહુ હાથપગ. આ બધા ચિહ્નો તેમનું અલૌકિકપણું છતું કરતાં. પૂર્વના આવા મહાન યોગી હોવાથી બાળપણમાં જ અષ્ટાંગ યોગના અભ્યાસથી સિદ્ધદશાને પામ્યા અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને અખંડ દેખતા.

### બાળ-ખુશાલના ચમત્કાર

બાળ ખુશાલ નાના-નાના બાળકોમાં ખૂબ પ્રિય. ખુશાલ આ બાળકો સાથે આનંદ કરે- રમે. એક વખત રમતાં-રમતાં બાળ મિત્રોને ઘરમાં કોઠી બતાવી અને કહ્યું, 'તમને ગોળ ભાવે ને ! આ કોઠીમાં માટલું છે. આજે આનંદનો પ્રસંગ છે. માટલું બહાર કાઢી ગોળ વહેંચીને ખાઈએ અને ઉત્સવ ઉજવીએ.' પણ સાત-આઠ ફૂટ ઊંચી કોઠીમાંથી માટલું બહાર કાઢવું કઈ રીતે ? પણ ચાર વરસના ખુશાલે તેના હાથ લંબાવી, બધા બાળ મિત્રોના આશ્ચર્ય વચ્ચે ગોળનું માટલું બહાર કાઢ્યું અને ગોળ વહેંચ્યો. આમ, ખુશાલે છપૈયામાં જન્મધારણ કરેલ બાળ-

ઘનશ્યામનો જન્મોત્સવ ઉજવ્યો. આ કોઠી આજે પણ તેમના ઘરમાં દર્શનાર્થે મોજૂદ છે.

આવો જ બીજો એક પ્રસંગ સત્સંગમાં ખૂબ પ્રસિદ્ધ છે. ટોરડાથી નજીકમાં આવેલ તીર્થધામ શામળાજીમાં ઠાકોરજી બીરાજે. તેને બાળખુશાલ સાથે ગાઢ ભાઈબંધી. તે અવારનવાર ખુશાલ પાસે ટોરડા આવે.

એક વખત શરદ પૂર્ણિમાને બીજે દિવસે - વદ ૫ડવાની વહેલી સવારે મંદિરના પૂજારીએ ઠાકોરજીના સોનાના આભૂષણો ચોરાયાની ફરિયાદ કરી. સામાન્ય રીતે ચોરીની શંકા તો પૂજારી પર જ જાય. તેના પર ચોરીનો આક્ષેપ મૂકાયો. ત્યાં ગેબી અવાજ સંભળાયો : 'આ તો મારો વાંક છે.' ટોરડામાં મારા સખા ખુશાલને ત્યાં રમવા ગયો હતો, અચાનક મંગળા-આરતીનો ઘંટારવ સંભળાયો અને મારે ત્યાંથી ઉતાવળે દોડીને આવવું પડ્યું. તેમાં ત્યાં ઘરની નવેળીમાં કુંડળ અને ઝાંઝર પડી ગયા છે અને દોડતાં દોડતાં આવવું પડ્યું. તેથી ઉપરણી અને શાલ ડુંગરની ખીણમાં ઝાડની ડાળી પર ભરાઈ ગયેલ છે. તથા મેશ્વો નદીના નાગધરામાં ચાખડી પડી ગઈ છે. આ બધી વસ્તુઓ ત્યાંથી લેતા આવજો. પૂજારીને દોષ દેતાં નહીં.

બીજી બાજુએ ટોરડામાં કુશળબા વહેલી સવારે કચરો-પૂંજો વાળી ઘર સાફ કરતાં ત્યારે શામળાજીના પગનાં સોનાના ઝાંઝર અને કાનના કુંડળ ઘરની નવેળીમાંથી હાથમાં આવ્યા. આ બધા આભૂષણો શામળાજીના મંદિરને પાછા મળી ગયા.

બાળ-ખુશાલના અલૌકિકપણાની સાક્ષી પૂરતો આ અનોખો પ્રસંગ શામળાજીના મંદિરના ચોપડે નોંધાયેલો જોવા મળે છે બાળ-ખુશાલના આવા ઘણા ચમત્કારિક પ્રસંગો સત્સંગમાં સાંભળવા મળે છે.

## વિદ્યાભ્યાસ

પિતા મોતીરામભાઈએ ખુશાલને આઠમે વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર કરવાનો નિર્ણય કર્યો અને મુડેટી ગામના કર્મકાંડી પુરોહિત ભોળાનાથ શુકલ પાસે વિધિ કરાવી. આ પ્રસંગે બનેલ બનાવ નોંધવા જેવો છે.

પુરોહિતે ખુશાલને હું યજ્ઞોપવીત પહેરું છું. (यज्ञोपवींत पह्नयामि) બોલવા

કહ્યું. પોતાનો શ્રીજી પ્રત્યેનો ભાવ પ્રગટ કરતાં બોલ્યો, “ઘનશ્યામ પ્રભુની પ્રીતિ અર્થે હું યજ્ઞોપવીત ધારણ કરું છું. (घनश्याम प्रभुप्रीत्यर्थं यज्ञोपवींत धारयामि) આથી શુકલજી રોષે ભરાયા. ખુશાલનો આ મંગલ ફેરફાર તેમનાથી સહન ન થયો અને ગુસ્સામાં ગમે તેમ બોલવા લાગ્યા.

ખુશાલે શુકલજી સામે તરત ત્રાટક કર્યું અને શુકલજી મુર્છિત થઈ ગયા. બે ઘટિકા પછી જાગ્રત થયા અને કહ્યું, ‘મારી ભૂલ થઈ છે, આ બાળકની દૈવી શક્તિને હું ઓળખી ન શક્યો. મને કૈલાસમાં મહાદેવજીના પ્રત્યક્ષ દર્શન થયા અને તેમણે મને આજ્ઞા આપી કે તારો આ શિષ્ય ગોલોક વિહારી મુક્ત છે. આ બીલ્વપત્ર મારી આશીષ તરીકે તેના મસ્તક ઉપર મુકજે, તારું કલ્યાણ થશે.” આટલું કહી હાથમાં બીલ્વપત્ર લઈ, ખુશાલના મસ્તક પર મૂક્યું. શુકલજી તેમના આ બાળ શિષ્યને ભગવાન સ્વરૂપ માનીને પગે લાગવા ગયા. પણ ત્યારે તેમને અટકાવીને કહ્યું, “ગુરુદેવ ! અક્ષરાધિપતિ ભગવાને છપૈયામાં આઠ વર્ષ પહેલાં જ જન્મ ધારણ કર્યો છે, હું તો એમની રજ માત્ર છું.”

આ પ્રસંગથી ભોળાનાથ શુકલને મનોમન ‘આ દિવ્ય આત્મા છે’ તેની પ્રતીતિ થઈ અને આવા તેજસ્વી શિષ્યના ગુરુ થવાનો ભાવ પેદા થયો. ભોળાનાથ શુકલની વિનંતીથી મોતીરામભાઈએ ખુશાલને વિદ્યાભ્યાસ માટે મુડેટી મોકલવાનું સ્વીકાર્યું.

ખુશાલે વિદ્વાન પિતા પાસેથી શિક્ષણ અને સંસ્કારનો ઉચ્ચ વારસો તો મેળવ્યો જ હતો. તેમણે થોડાં સમયમાં જ વ્યાકરણ શાસ્ત્ર, ન્યાય, મીમાંસા, જ્યોતિષ આદિક અંગો સહિત વેદાદિક શાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કરી લીધો અને તેમાં પારંગત થઈ, ગુરુનો રાજીપો મેળવ્યો. સંવત ૧૮૪૯ના વસંતપંચમીને દિવસે પોતાના વતન પાછા ફર્યા બાદ, ત્યાં થોડાક દિવસ રોકાઈ, ગુરુ પાસેથી મેળવેલ વિદ્યાની પરીક્ષા આપવા કાશી ગયા. કાશીમાં પરીક્ષા આપી વેદ-વેદાંત પારંગત અને વ્યાકરણ કેસરીની પદવી પ્રાપ્ત કરી, ત્યાં વીસ માસ જેટલો સમય રોકાયા. ત્યારબાદ વિદ્યાભ્યાસની પૂર્તતા કરવા સંવત ૧૮૫૧માં તીર્થયાત્રા આરંભી. જગન્નાથપુરી, પક્ષીતીર્થ, શિવકાંચી, વિષ્ણુકાંચી, રામેશ્વર, તિરુપતિ - બાલાજી અને હરિદ્વાર થઈ બદ્રિનારાયણ આવ્યા. અહીં ૧૮૫૫ના જેઠ સુદ-૧૧ને રોજ વનવિચરણ માટે નીકળેલ નીલકંઠવર્ણી સાથે મેળાપ થયો. જેમની

ઘણા વરસોથી પ્રતિક્ષા કરતા હતા તેવા શ્રી હરિના દર્શનથી ખુશાલે કૃતકૃત્યતા અનુભવી અને તેમની આજ્ઞા થતા વતન ટોરડા પાછા આવ્યા અને નીલકંઠવર્ણીએ વચન આપેલ કે સંવત ૧૮૫૯ના કારતક સુદ અગિયારસે તેમને ટોરડા અચલેશ્વર મહાદેવના મંદિરમાં વિપ્ર વેશે તેડવા આવીશ. તે દિવસની પ્રતિક્ષા કરવા લાગ્યા.

## બ્રહ્મચારીનું ગર્વખંડન

ખુશાલભાઈ સાત વર્ષ બાદ કાશીમાં વિદ્યાભ્યાસ પૂર્ણ કરી, તીર્થયાત્રા દ્વારા જ્ઞાનની પૂર્તિ કરી, સંવત ૧૮૫૬માં વતન પાછા ફર્યા. હવે, તે ખુશાલભટ્ટ તરીકે ઓળખાવા લાગ્યા. પિતા મોતીરામભાઈ સંનિષ્ઠ શિક્ષક હતા. શાળા ચલાવતા હતા, તે જ શાળા ખુશાલ ભટ્ટે સંભાળી લીધી. આ શાળામાં વ્યાકરણ, જ્યોતિષ અને કર્મકાંડનો અભ્યાસ કરતાં બાળકોને એ વિદ્યા શીખવતા. એમણે તો અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. વિદ્યાર્થીને સહજભાવે યોગક્રિયા શીખવે, સમાધિ કરાવે, સમાધિમાંથી જાગૃત થયેલ વિદ્યાર્થીના અનુભવો વર્ગમાં કહેવા પ્રેરણા આપે, વિદ્યાર્થીને નામું, લેખાં અને હિસાબી જ્ઞાન પણ શીખવે. આમ બાળકોમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે અને બ્રહ્મ વિદ્યાનો પ્રચાર કરે. અહીં ગામ લોકોને ઠગતાં એક બ્રહ્મચારીનો પ્રસંગ જાણીએ.

એક સમયે ટોરડાના રાધાકૃષ્ણ મંદિરમાં ચાતુર્માસ ગાળવા એક બ્રહ્મચારી આવ્યો. એ બ્રહ્મચારી મંત્રવિદ્યાથી પોતાને સિદ્ધ મનાવી, ભોળા લોકોને ઠગવાનો પ્રયાસ કરતો હતો. તેની પાસે એક શાલિગ્રામ હતો. બ્રાહ્મણો અને સોની કુટુંબોમાં આમંત્રણ મળે, ત્યાં તે જમવા જાય. સાથે પૂજાના સિંહાસન પર શાલિગ્રામ રાખી સાથે લઈ જાય. ભોજન લીધા પછી, શાલીગ્રામને યજમાનને ઘેર મૂકી, એકલો પાછો આવે અને રાત્રી સમયમાં મંત્રના પ્રયોગથી તે શાલિગ્રામને પોતાની સમીપે બોલાવી લે. આ ચમત્કારથી ભોળા લોકો અંજાઈ જવા લાગ્યા. લોકોને તેના તરફનો પૂજ્યભાવ દિનપ્રતિદિન વધવા લાગ્યો, તેનું અભિમાન વધવા લાગ્યું. લોકો તેને સિદ્ધ પુરુષ માનવા લાગ્યા.

થોડા સમય પછી ખુશાલ ભટ્ટે તેનું અભિમાન ટાળવા તેના ગર્વનું ખંડન કરવા પોતાના ઘેર જમવા માટે નિમંત્રણ આપ્યું. જમ્યા પછી દરરોજના નિયમ પ્રમાણે તે શાલિગ્રામ મૂકી પોતાના ઉતારે પાછો જવા લાગ્યો ત્યારે કુશળબાએ

શાલિગ્રામ લઈ જવાની ટકોર કરી, ત્યારે તેણે ગર્વથી કહ્યું કે, ‘હમારા ઠાકોરજી સંધ્યા આરતીકું આપમેળે ચલે આયેંગે’ તેણે સંધ્યા સમયે શાલિગ્રામને પાછા બોલાવવા ઘણા જંત્ર-મંત્રના પ્રયોગ કર્યા પણ ખુશાલ ભટ્ટના દિવ્ય પ્રભાવ પાસે તેનું કાંઈ સામર્થ્ય ચાલ્યું નહિ. પોતાના ગર્વનું ખંડન થયેલ છે, તે જાણ્યું અને ગામ લોકોને હવે કેવી રીતે મોં બતાવીશ, તે ભયના ઓથાર નીચે શાલિગ્રામ ત્યાં જ મૂકી, વહેલી સવારે ગામ છોડીને નાસી ગયો. આ પ્રમાણે તેના ગર્વનું ખંડન કર્યું.

ખુશાલ ભટ્ટથી આવા અનેક પ્રસંગો લોક-કલ્યાણ અર્થે સર્જાતા હતા, પરંતુ તેમનું ધ્યાન તો નીલકંઠ વર્ણીએ આપેલ વચન મુજબ તેને મળવા માટે તલસતું હતું. તે માતાપિતા અને કુટુંબીઓની ઈચ્છાને માન આપી. ગૃહસ્થાશ્રમમાં જોડાયા ખરા. પણ તેમનું મન સંસારમાં ચોંટતું ન હતું. તે તો હરિ-દર્શનના પ્યાસી હતા.

## શ્રીહરિ દર્શન

ખુશાલ ભટ્ટ જે દિવસની રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવ્યો. ૧૮૫૮ના કારતક સુદ અગિયારને દિવસે તેમને સમાચાર મળ્યા કે અચલેશ્વર મહાદેવના મંદિરમાં બહારગામથી આવેલ એક વિપ્ર તેમને મળવા માટે બોલાવે છે. સાંભળતાં વેંત જ ખુશાલ ભટ્ટ દોડતાં દોડતાં અચલેશ્વર મહાદેવના મંદિરમાં આવ્યા અને વરસો જૂની ઓળખાણ હોય એમ મળ્યા. ગૃહનો ત્યાગ કરી તે વિપ્ર સાથે જેતલપુર તરફ ખુશાલ ભટ્ટ ચાલી નીકળ્યા.

આ સમયે શ્રીહરિ જેતલપુર પધાર્યા હતા અને બ્રાહ્મણવેશે ખુશાલ ભટ્ટને તેડવા ટોરડા આવ્યા હતા. જેતલપુર નજીક આવતાં, માર્ગ બતાવી વિપ્ર અદૃશ્ય થયો. શ્રીજી મહારાજ જેતલપુરમાં દેવ સરોવરના કાંઠે આસોપાલવના વૃક્ષ નીચે સભામાં બેઠા હતા. ખુશાલ ભટ્ટને દૂરથી જોતાં પાટ પરથી ઊતરીને બાથ ભરી ભેટ્યા. ખુશાલ ભટ્ટે સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને સભા પૂરી થયે ગંગામાના ઘેર ખુશાલ ભટ્ટ સાથે આવ્યા અને તેમની સાથે જમવા બેસાડ્યા. આથી ગંગામાને પ્રથમ નજરે આ બ્રાહ્મણ જડ જેવો લાગ્યો એટલે શ્રીહરિએ કહ્યું : ‘એ જડ નથી એ તો જડને ચેતન કરે તેવા, અનંત જીવને મુક્ત કરે એવી ચૈતન્યમૂર્તિ છે.’ એ રીતે ખુશાલ ભટ્ટનો મહિમા સમજાવ્યો.

બીજે દિવસે શ્રીજી મહારાજ ખુશાલ ભટ્ટને સાથે લઈને જેતલપુરથી ગઢડા જવા નીકળ્યા. થોડા સમય પછી તેમને એકલા વડોદરા જવા આજ્ઞા આપી. ત્યાં સદાશિવ પાઠકને ત્યાં એક માસ રહ્યા અને ભોજન પણ ત્યાં જ કરતા અને શ્રીહરિ પણ તેમની પ્રેમભક્તિથી પ્રેરાઈ દિવ્યરૂપે તેની સાથે પ્રસાદ લેતા, જે તેમના થાળમાંથી પ્રસાદ ઓછો થતો, તે સૌ કોઈ જોઈ શકતા. નિષ્કુળાનંદ સ્વામીએ આ વાત ભક્ત ચિંતામણિ (પ્ર. ૧૪૨)માં ટાંકી છે :

**"જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગ લાલ."**

આધારાનંદસ્વામીએ હરિચરિત્રામૃત સાગર (ભાગ-૨, પૂર ૨૦, તરંગ ૨૨)માં ખુશાલ ભટ્ટની વિદ્વતા, આધ્યાત્મિક સામર્થ્ય અને અનન્ય ભક્તિભાવ વિશે વર્ણન કરતાં નોંધ્યું છે કે તેઓ જ્યોતિશશાસ્ત્રમાં બૃહસ્પતિ જેવા અને પુરાણમાં શુકદેવ જેવા વક્તા હતા. ભાગવતી દીક્ષા તો તેમણે ૧૭૬૪માં લીધી પણ તે પહેલાં સંતના બધા લક્ષણો તેમનામાં સ્પષ્ટ જોઈ શકાતા હતા. શ્રીહરિ તેમની સલાહ પ્રમાણે કામ કરતા પણ તેનો લેશ માત્ર ગર્વ તેને ન હતો. ખુશાલ ભટ્ટ તો પોતાને સંત અને હરિભક્તોના દાસ જ માનતા હતા.

## મહાભારતના પુસ્તકની પ્રાપ્તિ

ખુશાલ ભટ્ટને ભાગવતી દીક્ષા આપી, તે પહેલાંનો સંવત ૧૮૬૩નો આ પ્રસંગ સત્સંગમાં ખૂબ પ્રસિદ્ધ છે.

એક વખત શ્રીજી મહારાજને મહાભારતના પુસ્તકની જરૂર પડી. તેમને સમાચાર મળ્યા કે આ પુસ્તકની એક સંપૂર્ણ પ્રત ભાવનગરમાં કાશીરામ નામે બ્રાહ્મણ પાસે છે. તે પ્રત મેળવવા લક્ષ્મીરામ દેરાસરીને ભાવનગર મોકલ્યા અને તે પુસ્તક બરાબર છે કે નહિ તે જોવા પ્રાગજીભાઈ દવે સાથે ગયા. પુસ્તક જોઈ રૂ. ૩૦૦માં સાટું કર્યું. પરંતુ તે વિપ્ર પાછળથી ફરી ગયો અને તેને પુસ્તક ન આપ્યું. ફરીથી અન્ય બે ત્રણ માણસોને તે પુસ્તક મેળવવા મોકલ્યા પણ વિપ્રે તે પુસ્તક ન આપ્યું.

થોડા સમય પછી, ખુશાલ ભટ્ટ વડોદરાથી ગઢપુર આવ્યા ત્યારે શ્રીજી મહારાજે તેમને મહાભારતનું આ પુસ્તક લાવવા આજ્ઞા કરી : 'અમારે મહાભારતનું પુસ્તક સંતો માટે જોઈએ છે. અમે બે ત્રણ વખત માણસો મોકલ્યા

પણ મેળવી ન શક્યા. હવે તમે જઈને લઈ આવો'' પુસ્તક મેળવવા ખુશાલ ભટ્ટની સાથે લક્ષ્મીરામને પણ સામથે મોકલ્યા.

તેઓ બંને ભાવનગરમાં ઝીણાભાઈ નામે શ્રીમાળી બ્રાહ્મણને ત્યાં ઉતર્યા. બીજે દિવસે તે વિપ્રને ઘેર પુસ્તક લેવા માટે ગયા, ત્યારે તે વિપ્ર લાલજીનીપૂજા કરતો હતો. ખુશાલ ભટ્ટ બરાબર તેની સામે બેઠા, કે તરત જ સિંહાસનમાં બિરાજેલ લાલજીની મૂર્તિ તેમની સન્મુખ ફરી ગઈ. બ્રાહ્મણે ફરીથી તે મૂર્તિ પોતાની તરફ પધરાવી. તો પણ ફરીથી મૂર્તિ ખુશાલ ભટ્ટ સન્મુખ થઈ ગઈ. આમ બે ત્રણ વખત બન્યું. તેથી ગુસ્સે ભરાયેલા વિપ્રે ખુશાલ ભટ્ટને તિરસ્કાર કરી કાઢી મૂક્યા.

તે જ રાત્રે વિપ્રના ઘરમાં ચમત્કાર સર્જાયો. મધ્યરાત્રિએ બે યમદૂતો તેમના ઘરમાં આવ્યા અને તેને મારવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ખુશાલ ભટ્ટ જેવા યોગી પુરુષને પુસ્તક આપવાની કેમ ના પાડે છે ? સાટું કરીને કેમ ફરી ગયા ? આમ કહી યમપુરીમાં લઈ જવાની ધમકી આપી. તેથી તે બ્રાહ્મણે ડરી જઈ, માફી માગી અને પુસ્તક આપવા તૈયાર થયો. તેથી યમદૂતો પાછા ચાલ્યા ગયા.

બીજે દિવસે તે વિપ્રે ખુશાલ ભટ્ટનો આદર સત્કાર કર્યો અને મહાભારતના એ પુસ્તકની દોઢ ફૂટ લાંબી, એક ફૂટ પહોળી અને એક ફૂટ જાડી પ્રત ખુશાલ ભટ્ટને સુપ્રદ કરી.

ખુશાલ ભટ્ટે ગઢપુરમાં સભા મધ્યે શ્રીજી મહારાજને તે પ્રત આપી. તેથી શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને લહિયા સંતો પાસે શુદ્ધ સુંદર પ્રત તૈયાર કરાવી. મૂળ પ્રત તે વિપ્રને પાછી મોકલાવી.

આ સંતો પાસે તૈયાર કરાવેલ પ્રત, આજે ગઢપુરના મંદિરના કબાટમાં સચવાયેલી જોવા મળે છે.

## ભાગવતી દીક્ષા

ખુશાલ ભટ્ટ શ્રી હરિને વિપ્ર વેશે ટોરડાના અચલેશ્વર મહાદેવના મંદિરમાં મળ્યા અને ત્યારબાદ પાંચ વર્ષ સત્સંગમાં રહી, શ્રીજીની આજ્ઞા મુજબ સેવા કાર્ય કર્યું. અનેક આશ્ચર્યો સજર્યા અને શ્રીજીનો રાજીપો મેળવ્યો. જ્યારે કોઈકે શ્રીહરિને પૂછ્યું કે : ખુશાલ ભટ્ટ ભગવત્ પરાયણ છે. તેમને પરમહંસની દીક્ષા

ક્યારે આપશો ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે 'ખુશાલ ભટ્ટને પરમહંસપણું તો સ્વયંસિદ્ધ છે, દીક્ષા લેવી એ તો એક અનુકરણ માત્ર છે. તેમને થોડા સમયમાં દીક્ષા આપીશું.' આવો ઉલ્લેખ સંસ્કૃતગ્રંથ ઈશાવાસ્યોપનિષદ ભાષ્યની ભૂમિકામાં મળે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ખુશાલ ભટ્ટને સંવત ૧૮૬૪ના કારતક વદ આઠમના રોજ ગઢપુર મુકામે દાદા ખાચરના દરબારમાં આવેલ અક્ષર ઓરડીમાં ભાગવતી દીક્ષા આપી અને ''ગોપાળાનંદ સ્વામી'' નામ ધારણ કરાવ્યું અને મંડળ બાંધીને તેમને વડોદરા સત્સંગ કરાવવા મોકલ્યા. તેઓ શ્રીજી મહારાજની આજ્ઞાથી ઘણે ભાગે વડોદરા રહેતા.

વડોદરામાં તેમણે અનેક પ્રકારના ઐશ્વર્યો તથા પરચા બતાવી વિદ્વાનો અને રાજ્યના અધિકારીઓની શંકાનું સમાધાન કરી, શ્રીજી મહારાજના અનન્ય આશ્રિતો બનાવ્યા. મહારાજા સયાજીરાવને પણ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા સમજાવ્યો.

ગોપાળાનંદ સ્વામી મુમુક્ષુઓને સમાધિ કરાવીને અક્ષરધામના દર્શન કરાવતા. આટલું ઐશ્વર્ય અને સામર્થ્ય હોવા છતાં સ્વમુખે કહેતા કે 'ભગવાન તો સ્વામિનારાયણ છે અને હું તો એમનો દાસ છું' તેમણે પીડાતા જનોને તથા ભૂતપ્રેતોને વશ કરી મોક્ષ-ભાગી કર્યા હતા, અનુકંપાથી પ્રેરાઈ લોકોના દુઃખ દર્દ મિટાવ્યા હતા.

નિષ્કુળાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીનો મહિમા ભક્તિચિંતામણિમાં આ પ્રમાણે વર્ણવ્યો છે.

*'અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોરડા ગામ,*
*ધન્ય ધન્ય દ્વિજનીજાતિને, જ્યાં ઉપન્યા ભક્ત અકામ,*
*યોગી પૂર્વજન્મના, જેને વહાલા સંગાથે અતિ વહાલ.*
*પ્રભુ સાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ,*
*શમદમાદિ સાધને પૂરા, તપસી, ત્યાગી જન.*
*જાણે યોગ અષ્ટાંગને, પૂરણ પ્રસિદ્ધ પાવન.'*

સત્સંગમાં શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગ યોગ સાધેલો. સંત-પરમહંસોમાં તેઓ એકલાજ અષ્ટાંગ યોગી હતા. તેથી તેઓ

યોગબળથી ઘણી અશક્ય અને અકલ્પ્ય વસ્તુઓ સિદ્ધ કરી શક્તા હતા. યોગનો ઉપયોગ તેઓ લોક કલ્યાણ માટે કરતા, તેમણે શ્રીજી મહારાજની આજ્ઞામાં રહી અનેક ઐશ્વર્યો બતાવ્યા છે. તેના અનેક દૃષ્ટાંતો સંપ્રદાયના ગ્રંથોમાં આલેખાયેલ જોવા મળે છે.

## અલૌકિક ઐશ્વર્ય દર્શાવતા પ્રસંગો

ગોપાળાનંદ સ્વામીએ સત્સંગમાં અનેક અલૌકિક ઐશ્વર્યો બતાવ્યા છે. તેના ઘણા દૃષ્ટાંતો સંપ્રદાયના ગ્રંથો - ભક્તચિંતામણિ, શ્રીહરિચરિત્રામૃત સાગર, સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ ઈત્યાદિમાં આલેખાયેલાં જોવા મળે છે.

- વડોદરામાં સ્વામીએ નાથભક્તને રાજ્યની આજ્ઞા અનુસાર કેદખાનામાં મોકલી કેદીઓને છોડાવવા ઘણા ચમત્કારો સર્જ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના કટ્ટર વિરોધીઓ દીવાન બાબાજી અને તેના પુત્ર વિઠ્ઠલરાવના કરતુકો અલૌકિક ઐશ્વર્ય બતાવી ખુલ્લા પાડ્યા અને એકવીસ વર્ષના યુવાન રાજવી મહારાજા સયાજીરાવ બીજાને સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત બનાવ્યા. વડોદરાના આવા ઘણા પ્રસંગો ભક્તિચિંતામણિના પ્રકરણ ૧૪૨ થી ૧૪૯માં છે.
- ધોલેરા - ધંધુકા પાસે આવેલ સુંદરિયાણા ગામના શેઠ હિમરાજ શાહ ચુસ્ત વૈષ્ણવ હતા તે સારા વૈદ હતા. તેમને નાડી-પરીક્ષણને બહાને એક વખત બોલાવી, તેમની સાંપ્રદાયિક જડતા નષ્ટ કરી અને સ્વામિનારાયણના આશ્રિત બનાવવા. શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૫૯માં વચનામૃતમાં નિષ્ઠાવાન ભક્ત તરીકે તેમને ગણાવ્યા છે. તેમને અંતકાળે શ્રીજીમહારાજે તેડવા આવવાનું વચન આપ્યું હતું.
- સુરતના એક પારસી વૃદ્ધ ગૃહસ્થના એકના એક મૂંગા પુત્રને પોતાની ઐશ્વર્ય શક્તિથી બોલતો કર્યો.
- સ્વામીએ બોટાદના ભગા દોશીને તેમના પર આવેલી ઉપાધિમાંથી છોડાવ્યા હતા.
- લોધિકાના અભેસિંહજી દરબારને શિકારીમાંથી સત્સંગી બનાવ્યા હતા.
- વસો પાસે પલાણા ગામના પટેલ દિવંગત થયા બાદ, વૈકુંઠલોકમાંથી બોલાવી,

લાકડાના પાટડા (પોલાણ)માંથી લેખનો પત્તો મેળવી આપ્યો. આવોજ પ્રસંગ ઉમરેઠના બ્રાહ્મણનો પણ છે.

અહીં ગોપાળાનંદ સ્વામીએ ધોળકામાં બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યો. તે ચમત્કારિક પ્રસંગ ટાંકીશું.

## ધોળકામાં બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર

શ્રીજી મહારાજે સૌરાષ્ટ્ર અને ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી. ગઢડા એમનું મુખ્ય નિવાસ સ્થાન. તેમને અને સંપ્રદાયના સાધુઓને ગઢડાથી વડતાલ જવું હોય ત્યારે ધોરી માર્ગ પર આવેલ ધોળકાના પાદરમાંથી પસાર થવું પડે.

સંપ્રદાય દિન-પ્રતિદિન વૃદ્ધિ પામે અને આશ્રિતોમાં ભક્તિ રસની સરવાણી સતત વિસ્તરતી રહે તે હેતુથી, પૃથ્વી પર મોટા મંદિરોનું નિર્માણ કરી ભગવત્ સ્વરૂપોની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો. ત્યારે ધોળકામાં પણ મંદિર તૈયાર કરવાનો સંકલ્પ કર્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અધોગતિને પામેલા જગતના અધમ જીવોનો ઉદ્ધાર કરવા અને લોકોનું આત્યંતિક કલ્યાણ કરવા અવતાર ધારણ કર્યો હતો. આ કાર્યમાં સહાયરૂપ થવા અનેક મુક્તાત્માઓને પણ કામે લગાડ્યા હતા. તેમાં ગોપાળાનંદ સ્વામી અગ્રેસર હતા.

આજથી સાતસો-આઠસો વર્ષ પહેલાં ધોળકા વિદ્યાધામ તરીકે પ્રસિદ્ધ હતું. સંજોગોવશાત્ કર્મકાંડી મહાપંડિત કાશીનાથનો પુત્ર તેલના ટાંકામાં પડી જવાથી મૃત્યું પામ્યો. તેની પાછળ પંડિત કાશીનાથની પત્નીએ અને કાશીનાથે પુત્ર પ્રેમને વશ થઈ આત્મહત્યા કરી. અધોગતિને પામી ભૂતયોનીની માં જન્મ લીધો. અને તેના આ મકાનમાં રાતવાસો કરવા આવતાં વટેમાર્ગુઓ, વિદ્યાવાંચ્છું વિદ્વાનોને ભરખી લેતો.

એક સમય ગોપાળાનંદ સ્વામી સંતમંડળ સાથે ગઢડાથી વડતાલ જતા હતા. ત્યારે ધોળકા આવતા, સંધ્યા સમય થઈ ગયો અને રાતવાસો ધોળકામાં કરવાનો નિર્ણય કર્યો. બ્રહ્મરાક્ષસ રહેતો હતો તેજ મકાનમાં સંતમંડળ સાથે રાત્રે રહ્યા અને ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીની સહાયથી તે બ્રહ્મરાક્ષસનો અને સાથેની ભૂતાવળનો ઉદ્ધાર કર્યો.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યો. તે પછી થોડાંક વરસોમાં જ ધોળકામાં શિખરબંધ મંદિરનું નિર્માણ થયું.

આજે પણ તે મકાનમાં ટાંકો જે સ્થળે હતો, ત્યાં હનુમાનજીની સ્થાપના કરેલ છે અને સ.ગુ. ગોપાળાનંદ સ્વામી આજે પણ સત્સંગીઓને મનવાંચ્છિત ફળ આપવામાં સહાયરૂપ થાય છે.

## સંપ્રદાયના સુકાની ગોપાળાનંદ સ્વામીની મહાનતા

શ્રીજીમહારાજે સંવત ૧૮૮૨માં જૂનાગઢ મંદિરનું મહંતપદ ગુણાતીતાનંદ સ્વામીને આપવા માંડ્યું, ત્યારે તેમણે કહ્યું કે જો ગોપાળાનંદ સ્વામી દર વરસે એક માસ જુનાગઢ કથા-વાર્તા માટે આવે તો મહંતાઈનો હાર પહેરું અને શ્રીજીમહરાજની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામીએ હા પાડી. અને તેઓ પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી આ નિયમ પાળ્યો. શ્રીજીમહારાજે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ને અમદાવાદની ગાદી અને શ્રી રઘુવીરજી મહારાજ ને વડતાલની ગાદી પર આચાર્ય તરીકે નક્કી કરી સંવત ૧૮૮૩માં દેશવિભાગનો લેખ તૈયાર કરાવ્યો અને સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને વડતાલ દેશમાં રહેવા આજ્ઞા આપી. પરંતુ બંને આચાર્યોના મધ્યસ્થી તરીકે જવાબદારી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ઉપર નાંખી અને તેમની આજ્ઞામાં રહેવા આચાર્યો, સંતો અને સત્સંગીઓને ભલામણ કરી.

**"સાધુવર્ણી પાળા સુણી લેજો રે, ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહેજો રે."**

- ભક્ત ચિંતામણિ પ્ર. ૧૬૦ ચોપાઈ ૪૯

સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ ઘડવામાં અને સત્સંગની વ્યવસ્થા અને પ્રણાલિકાઓ પ્રસ્થાપિત કરવામાં સ્વામીનો ફાળો મહત્વનો હતો.

વચનામૃત અને શિક્ષાપત્રી એ સ્વામિનારાયણ સંપ્રદાયના મહત્ત્વના ગ્રંથો છે. વચનામૃત ગ્રંથનો સંગ્રહ અને સંશોધન કરનાર પાંચ સદ્‌ગુરુઓમાં સર્વશ્રી મુક્તાનંદ, નિત્યાનંદ, બ્રહ્માનંદ અને શુકાનંદ સ્વામી સાથે ગોપાળાનંદ સ્વામી પણ હતા. વચનામૃતનુ હાર્દ સમજાવવામાં ગોપાળાનંદ સ્વામીનો મોટો ફાળો છે.

સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું પ્રદાન નોંધપાત્ર છે. તેમણે સંસ્કૃત ભાષામાં ૧૯ રચના કરી છે. જે નીચે પ્રમાણે છે.

(૧) શ્રી ધર્મદેવ પૂજાવિધિ (૨) શ્રી ભક્તિદેવી પૂજાવિધિ (૩) હનુમંત પૂજાવિધિ (૪) શ્રી કૃષ્ણ પૂજાવિધિ (૫) શ્રી વિષ્ણુ પૂજાવિધિ (૬) ષોડશોપચાર પૂજા (૭) વિષ્ણુયાગ પધ્ધતિ (૮) વિવેકદીપ (૯) ભક્તિસિદ્ધિ (૧૦) ઈશાવાસ્યોપનિષદ ભાષ્ય (૧૧) શ્રીમદ્ ભગવદ્ ગીતા ભાષ્ય (૧૨) શ્રીમદ્ ભાગવત્ એકાદશસ્કંધશ્રી કૃષ્ણાભિપ્રાય બોધિની ટીકા (૧૩) શ્રીમદ્ભાગવત્ દ્વિતીય સ્કંધની શુકાભિપ્રાય બોધિની ટીકા (૧૪) શાંડિલ્ય સૂત્ર ભક્તિ તત્વ પ્રકાશિકા ટીકા (૧૫) હરિભક્તનામા રત્નાવલ્યમ્ (નામ પાસા) (૧૬) વેદસ્તુતિ અન્વયાર્થ પ્રકાશિકા ટીકા (૧૭) વેદ સ્તુતિ શ્રૃત્વાર્થ દીપિકા ટીકા (૧૮) દ્વૈપાયનીય સૂત્રાર્થ દીપ

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ ગુજરાતી પ્રાકૃતભાષામાં પણ પુસ્તકોની રચના કરી છે, જે નીચે પ્રમાણે છે.

(૧) ગોપાળાનંદ સ્વામીની વાતો (૨) વાર્તા વિવેક (૩) ભક્તિ સિદ્ધિ (૪) અદ્વૈત ખંડન (૫) સંપ્રદાય દીપ (૬) શિક્ષાપત્રી (મરાઠી ભાષાંતર)

## કાંટા વગરની બોરડી

શ્રીજી મહારાજ સ્વધામ સીધાવ્યા, તે પહેલાં બે માસ અગાઉનો આ દિવ્ય પ્રસંગ છે. અંગ્રેજ સરકારના પ્રતિનિધિ મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમે સહજાનંદ સ્વામીના અલૌકિક કાર્યોની જાણ થતાં, તેમને મળવાની ઈચ્છા પ્રદર્શિત કરી અને તેમની સાથે આ ઐતિહાસિક મુલાકાત રાજકોટમાં સંવત ૧૮૮૬ના ફાગણ સુદ પાંચમના દિવસે યોજાઈ. સર જ્હોન માલ્કમ સ્વામી સહજાનંદના સમાજ જીવનને સ્પર્શતા વિચારો અને તેમની દિવ્ય વાણીથી ખૂબ પ્રભાવિત થયા અને અહોભાવ પ્રગટ કરતાં, શાલ-દુશાલાથી સન્માન કર્યું અને 'તમે તો આ જગત પર અશક્ય કામ કરી બતાવ્યું છે.' તેવી લાગણી વ્યક્ત કરી.

આ સમયે શ્રીજી મહારાજનો ઉતારો રાજકોટની મધ્યમાં જે સ્થળે બોરડી છે, તે સ્થાને હતો. સાથે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી સહિત ઘણા પરમહંસો અને પાર્ષદો હતા. આ સ્થળે એક સભા ભરાઈ હતી. તેમાં રાજકોટના રાજવી સહિત અનેક શહેરી જનો અને ભક્તો હાજર હતા. આ સ્થળે સભા પૂરી થતાં, બોરડી

નીચેથી પસાર થતાં શ્રીજી મહારાજ અચાનક અટકી ગયા. ગોપાળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજ તરફ ઊંચે નજર કરી. શ્રીજી મહારાજની પાઘમાં બોરડીની નીચી નમેલી ડાળીમાંથી કાંટા ભરાઈ ગયા હતા. આ સમયે ગોપાળાનંદ સ્વામીએ રોષ વ્યક્ત કરતાં મીઠો ઠપકો આપ્યો, “અરે બોરડી, અક્ષરધામના અધિપતિ સ્વયં પ્રગટ પ્રભુએ તને પાવન કરી. છતાં તેં તારો મૂળ કાંટાળો સ્વભાવ ન બદલ્યો !” આ સાંભળતાં જ બદ્રીકાશ્રમની યાદ તાજી કરાવતા આ બોરડીના વૃક્ષને હાડોહાડ લાગી આવ્યું અને સૌના આશ્ચર્ય વચ્ચે કાંટા ટપોટપ ખરી પડ્યાં.

આજે તો ભૂપેન્દ્ર રોડ પર આવેલ આ સ્થળે શિખરબંધ વિશાળ મંદિર શોભી રહ્યું છે અને તેના પટાંગણમાં આવેલ આ કાંટા વગરની બોરડી આજે પણ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્યની ગાથા ગાઈ, સત્સંગીઓએ દર્શનનું સુખ આપી રહી છે. અને આ સમયે નિષ્કુળાનંદ સ્વામીથી પંક્તિઓ રચાઈ ગઈ.

‘બોરડી, બોરડી રે, આ તો કાંટા વગરની બોરડી’ રાજકોટ દેવ યુવક મંડળની કેસેટમાં કંડારાયેલ. આ કીર્તનના સૂરો મંદિરરના વાતવરણને ભક્તિભીનું બનાવે છે.

## સાળંગપુરના કષ્ટભંજન દેવ

સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રણી સંત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી એટલે યોગવિદ્યાના જ્ઞાતા. તેમણે યોગવિદ્યાનો ઉપયોગ લોક કલ્યાણ અર્થે કર્યાનાં અનેક દૃષ્ટાંતો સત્સંગના ગ્રંથોમાં જોવા મળે છે. ત્રિવિધ તાપથી પિડાતા દુઃખિયા લોકોના દુઃખ દર્દ સત્વરે દૂર કરવા સદાય તેઓ પ્રયત્નશીલ રહ્યા છે. ભૂત-પ્રેતાદિથી પિડાતા લોકોને મુક્તિ અપાવી મોક્ષને માર્ગે વાળ્યા છે. તેમણે ધોળકામાં હનુમાનજીની સહાયથી સદીઓ પહેલાં બ્રહ્મરાક્ષસ થઈ, લોકોને રંજાડતા ભુદેવનો તેમના સાથેની ભૂતાવળ સાથે ઉદ્ધાર કર્યો છે. આવું જ એક ભગીરથ કાર્ય અનેક લોકોને ચિરઃકાળ ઉપયોગી થાય તેવું કર્યું છે. આ કાર્ય એટલે સારંગપુરમાં કષ્ટભંજનદેવ હનુમાનજીની સ્થાપના અને તેમના થકી ભૂત-પ્રેતાદિ યોનિ દ્વારા દુઃખી થતા લોકોની સત્વરે મુક્તિ.

એક સમયે સારંગપુરના દરબાર વાઘા ખાચરે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે આવી, પોતાના ગામના દુઃખ દર્દની અને દરિદ્રતાની વાત કરી. સારંગપુર એટલે શ્રીજી મહારાજના ચરણરજથી અનેકવાર પાવન થયેલ પવિત્ર ભૂમિ. શ્રીજી મહારાજે અહીં જીવા ખાચરના દરબારમાં વહેવડાવેલ અમૃતવાણીને સદ્‌ગુરુઓ એ અઢાર જેટલા વચનામૃતમાં સંગ્રહિત કરેલ છે. શ્રીજીના સ્વધામગમન બાદ પ્રસાદીના આ ધામની આવી દુર્દશા જાણી, સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનું દિલ દ્રવી ઊઠ્યું અને ઊંડા વિચારમાં ડૂબી ગયા. થોડીવાર પછી ગંભીર અવાજે કહ્યું, ‘‘અહીંની આર્થિક સ્થિતિમાં સુધારો કરે એવો એક કમાઉ ભાઈ તમને આપું છું.’’ આમ કહી એક વિશાળ પથ્થરમાંથી બોટાદના કુશળ શિલ્પી કાનજીભાઈ કડિયાને હનુમાનજીની સુંદર પ્રતિમા તૈયાર કરવા સૂચના આપી અને કાગળ પર સ્વામીને મૂર્તિ ચીતરી આપી. તેવી જ આબેહૂબ મૂર્તિ ટૂંક સમયમાં કાનજીભાઈએ કંડારી આપી.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ વેદોક્ત વિધિથી સ્વહસ્તે સંવત ૧૯૦૫ના આસો વદ પાંચમના શુભ દિને પ્રાણ પ્રતિષ્ઠા કરાવી. તેમની આજ્ઞાથી નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી શુકાનંદ સ્વામી અને ગોવિંદાનંદ સ્વામીએ આરતી ઉતારી. ત્યાર બાદ ગોપાળાનંદ સ્વામી હનુમાનજીની સમક્ષ આવીને ઉભા રહ્યા અને પોતાના હાથામાં દંડને પોતાની દાઢી નીચે ટેકવી, દૃષ્ટિ સ્થિર કરી અને ઊંડી યોગસમાધિમાં ઉતરી ગયા. ધીરે ધીરે હનુમાનજીના અંગોઅંગમાં ચેતના પ્રગટવા લાગી. મૂર્તિ થરથર કંપવા લાગી. સ્વામી યોગવિદ્યાના બળે પોતાનું ઐશ્વર્ય મૂર્તિમાં રેડતા ગયા. હમણાં જ હનુમાનજીની મૂર્તિ બોલી ઊઠશે, તેવો ભાવ પ્રગટ થયો. ત્યાં અવાજ સંભળાયો ‘સ્વામી હવે બસ કરો’ અને સ્વામીનો દૃષ્ટિભંગ થયો અને સ્વામીએ પોતાની ઐશ્વર્ય-દૃષ્ટિ પાછી ખેંચી લીધી.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તો હનુમાનજી હાજરા હજૂર પ્રગટ થઈ, તેમની સાથે પ્રત્યક્ષ વાત કરે તેવું ઐશ્વર્ય મૂકવા માગતા હતા. પરંતુ આ સમયે હાજર રહેલ કેટલાક સત્સંગીઓને લાગ્યું કે આમ થશે તો શ્રીજી મહારાજે

સ્વહસ્તે પધરાવેલ ગઢડામાં ગોપીનાથજી મહારાજ અને ધોલેરાના મદનમોહનજી મહારાજનું માહાત્મ્ય ઘટી જશે. તેથી સ્વામીને હનુમાનજીમાં વધુ ચેતના ન મૂકવા વિનંતી કરી.

સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું કે આ કષ્ટભંજન દેવ હાજરાહજૂર છે. એમનો પ્રતાપ દિનપ્રતિદિન વધતો જશે. લોકોના કષ્ટો હરશે.

આજે ચોતરફ ભવ્ય ઈમારતથી ઘેરાયેલા નાનકડા પણ મજાના ભવ્ય મંદિરમાં કષ્ટભંજનદેવ હનુમાનજી બિરાજે છે. તેમની એક બાજુએ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની પ્રભાવશાળી પટ-પ્રતિમાં છે અને બીજી બાજુએ સ્વામીના પ્રસાદીના વસ્ત્રો છે અને હનુમાનજીના સાનિધ્યમાં પ્રાણપ્રતિષ્ઠા વેળાએ સ્વામીએ રાખેલ પ્રસાદીનો દંડ શોભી રહ્યો છે. આજે દોઢસો વર્ષ પછી પણ સ્વામીએ મૂકેલ એ ઐશ્વર્યની અનુભૂતિ આજે પ્રત્યક્ષ જોઈ શકાય છે. મૂર્તિમાં હનુમાનજી સ્વયં સાક્ષાત બિરાજે છે. અને દુઃખગ્રસ્ત લોકોને ભૂત-પ્રેતાદિ વળગાડ સામે સહાયરૂપ બને છે. અને તેમના ભેરૂ બની કષ્ટોનું નિવારણ કરે છે.

આ રીતે સ.ગુ ગોપાળાનંદ સ્વામીએ સ્થાપન કરેલ કષ્ટભંજનદેવ હનુમાનજી લોકોના દુઃખ દૂર કરે છે અને સ્વામિનારાયણની જવલંત ધર્મ-પતાકા સારાયે વિશ્વમાં વિસ્તારે છે.

## અંતિમ વિદાય

સ.ગુ. ગોપાળાનંદ સ્વામી શ્રીજીના સાનિધ્યમાં બાવીસ વર્ષ રહી સત્સંગની અભૂતપૂર્વ સેવા કરી અને શ્રીજીના અંતર્ધાન પછી બાવીસ વર્ષ રહી સત્સંસગનું પોષણ કર્યું. તેમણે સંવત ૧૯૦૮ના વૈશાખ વદ પાંચમના દિને વડતાલમાં આ નશ્વર ભૌતિક દેહનો ત્યાગ કરી, પૂર્વની જેમ મૂળ અક્ષરબ્રહ્મ પ્રાપ્ત કરી પુરુષોત્તમનારાયણની સેવામાં અખંડ રહ્યા. વડતાલ જ્ઞાનબાગમાં જે સ્થાને તેમનો અગ્નિ સંસ્કાર થયેલ હતો. ત્યાં તેમની સ્મૃતિમાં ઓટો કરી, તેમાં શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી છત્રી બનાવેલ છે.

# ભક્તચિંતામણિ ૧૪૨

## સ.ગુ. ગોપાળાનંદસ્વામી જીવન કવન

### રાગ : પૂર્વછાયો

અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ ॥
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઉપન્યા ભક્ત અકામ ॥૧॥
યોગી પૂર્વ જન્મના, જેને વાલા સંગે અતિ વા'લ ॥
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ ॥૨॥
શમદમાદિ સાધને પૂરા, તપસી ત્યાગી તન ॥
જાણે યોગ અષ્ટાંગને, પૂરણસિદ્ધ પાવન ॥૩॥
બાળપણામાં વાત બીજી, રુચિ નહિ જેને રંચ ॥
અતિ અભાવ અંગ વર્તે, પેખીને વિષય પંચ ॥૪॥

### રાગ : ચોપાઇ :-

એવા ભક્ત તે ખરા ખુશાલ, જેને ન ગમી સંસારી ચાલ્ય ॥
બાળપણામાં રાચ્યા ભજને, બીજું કાંઈ ગમ્યું નહિ મને ॥૫॥
એમ કરતાં થયો સત્સંગ, ચડ્યો અતિ ચિત્તે તેનો રંગ ॥
આવી અંગમાં ખરી ખુમારી, ઊતરે નહિ કેની ઉતારી ॥૬॥
કરે ધ્યાન મહારાજનું નિત્ય, અતિ પ્રકટ પ્રભુમાં પ્રીત્ય ॥
એમ કરતાં કાંઈક દન, થયો પ્રકાશ પોતાને તન ॥૭॥
કોટિ કોટિ સૂરજ સમાન, છાયો તેજ ભૂમિ આસમાન ॥
તેમાં કડાકા થયા છે ત્રણ, માન્યું લોકે આવ્યું આજ મરણ ॥૮॥
આ તો પ્રલય થાવાની પેર, એમ કહેવા લાગ્યા ઘેર ઘેર ॥
તેહ કડાકા ને તેજ તેહ, ષટ જોજને જણાયું એહ ॥૯॥
જોઈ આશ્ચર્ય પામિયાં લોક, વધ્યો આનંદ થયાં અશોક ॥
તે પ્રતાપ શ્રીમહારાજ તણો, શું કહીએ મુખથી ઘણો ઘણો ॥૧૦॥
વળી એક દિવસની વાત, કહું વર્ણવી વળી વિખ્યાત ॥
કરતાં ભજન મહારાજ તણું, તનભાન ભૂલ્યા છે આપણું ॥૧૧॥

થઈ નિરાવરણ નિજવૃત્તિ, દીઠા રાત્યમાં રાંદલપતિ ॥
થયો તેનો અતિશે પ્રકાશ, હુવો અંતરતમનો નાશ ॥૧૨॥
તે પણ પ્રભુ તણો પરતાપ, એમ ખુશાલે માન્યું છે આપ ॥
પછી જેવું ચિંતવે જે વારે, થાય તેવાનું તેવું જ ત્યારે ॥૧૩॥
તેતો જાણે લોક પરસિધ્ધ, કહે આતો મહા મોટા સિદ્ધ ॥
એમ જને મન જયારે જાણ્યું, તેવા સમામાં વર્ષાતે તાણ્યું ॥૧૪॥
ત્યારે સર્વે આવી લાગ્યા પાય, કહે કરો વૃષ્ટિ દુઃખ જાય ॥
મનુષ્ય પશુ પીડાય અત્યંત, આવ્યા અરજે અમે પીડાવંત ॥૧૫॥
માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાત તો જાયે ઘેર ॥
એવી સાંભળી લોકની વાણી, સમર્યા ખુશાલે સારંગ પાણી ॥૧૬॥
કરે સ્તવન મનના દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ ॥
વૂઠો ત્રણ દન લગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ ॥૧૭॥
લોક આવી લાગ્યા પછી પાય, કહે ધન્ય ધન્ય દ્વિજરાય ॥
તમ જેવો નહિ જગમાંય, તમારે સહજાનંદ સહાય ॥૧૮॥
માન્યો પરચો મનુષ્યે મળી, વળી વાત બીજી લ્યો સાંભળી ॥
પોત્યે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાં'તાં ભણવા નાનાં બાળ ॥૧૯॥
તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિતણું ॥
કરતાં બાળક સ્વામીનું ધ્યાન, સર્વે થયાં છે સમાધિવાન ॥૨૦॥
કરે અલૌકિક આવી વાત, સુણી સહુ થયા રળિયાત ॥
પછી ખુશાલ કહે સુણો બાળ, મારે જાવું જયાં હોય દયાળ ॥૨૧॥
ત્યારે બાળકે જોડિયા હાથ, તમને તેડવા આવે છે નાથ ॥
ધરી દ્વિજનું રૂપ મહારાજ, તે તો આવે છે તમારે કાજ ॥૨૨॥
પછી આવ્યા નાથ સાથે ચાલ્યા, વાટે અન્ન જળ વાલે આલ્યાં ॥
આવ્યા જેતલપુર લગી સાથ, પછી અદ્રશ્ય થયા છે નાથ ॥૨૩॥
હતા જેતલપુરમાં સ્વામી, નીર્ખ્યા ખુશાલે અંતરજામી ॥
કહી વાટની વાત ખુશાલે, હસી સાંભળી સરવે વાલે ॥૨૪॥
કહે નાથ બ્રાહ્મણને ભાળી, ભાઈ તું છો મોટો ભાગ્યશાળી ॥
થયો પરચો તને એ જાણ્ય, બીજી વાત મનમાં ન આણ્ય ॥૨૫॥

ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ, હું તો આવ્યો છું ભણવા કાજ ॥
ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં ગમતું ઘણું અમારું ॥૨૬॥
પછી ખુશાલ સંતમાં રહ્યા, એક સમે વડોદરે ગયા ॥
તિયાં સત્સંગી રહે બહુ, કરે સ્વામીનું ભજન સહુ ॥૨૭॥
એક દ્વિજ સદાશિવ નામે, નિત્ય ખુશાલને કર ભામે ॥
આવી નિત્ય જમો મારે ઘેર, મારે છે શ્રીમહારાજની મહેર ॥૨૮॥
જિયાં લગી રહો તમે આંઇ, બીજે જમવા ન જાવું ક્યાંઇ ॥
પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં ॥૨૯॥
ત્યારે સદાશિવ લાગ્યો પાય, નીરખી નાથને તૃપ્ત ન થાય ॥
પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ ॥૩૦॥
સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર ॥
પણ જમતાં જાણે સહુ જન, થાય અર્ધું જે હોય ભોજન ॥૩૧॥
શાક પાક ધર્યું હોય થાળે, થાય ઓછું તે સરવે ભાળે ॥
જળનો હોય જે આબખોરો, પીવે નાથ તે થાય અધૂરો ॥૩૨॥
હોય મુખવાસ આગે મેલ્યો, આપે નાથ તે પાછો જમેલો ॥
આપે જમેલ પાછી સોપારી, જોઇ આશ્ચર્ય થાય નરનારી ॥૩૩॥
એમ માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હમેશ ॥
જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગે લાલ ॥૩૪॥
જમે જન હાથે નાથ નિત્યે, તે તો ખુશાલ ભક્તની પ્રીત્યે ॥
એમ ખુશાલ વિપ્રને વળી, પૂર્યા પર્ચા બહુ નાથ મળી ॥૩૫॥
હતા આપે તે વૈરાગ્યવંત, સંસારથી ઉદાસી અત્યંત ॥
પછી ધાર્યો છે ધાર્મિક યોગ, તજી ભવ તણા વઇભોગ ॥૩૬॥
ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ ॥
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ ॥૩૭॥
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ ॥
એક દિવસ લઇ મંડળી, આવ્યા વડોદરામાંહિ વળી ॥૩૮॥
તિયાં સત્સંગી આવ્યા સાંભળી, લાગ્યા પાય સહુ લળીલળી ॥
મોટાં ભાગ્ય જાય નહિ કહીએ, આવ્યા તમે અષ્ટમી સમૈયે ॥૩૯॥
કરો ઉત્સવ આણી હુલાસ, બાંધો હિંડોળો કહે એમ દાસ ॥
ત્યારે ગોપાળ સ્વામી કહે સારું, કરશે હરિ ગમતું તમારું ॥૪૦॥

ત્યાં તો આવ્યો અષ્ટમીનો દન, કર્યું વ્રત સહુ મળી જન ॥
બાંધ્યો હિંડોળો હરિને કાજ, આવી ઝૂલ્યા પ્રકટ મહારાજ ॥૪૧॥
સારી સુંદર મૂરતિ શોભે, જોઇ જોઇ જન મન લોભે ॥
નીર્ખી હરખિયાં સહુ જન, કરે સહુ સાથ ધન્ય ધન્ય ॥૪૨॥
આજ અલૌકિક દર્શન દીધાં, તમે અમને કૃતાર્થ કીધાં ॥
તિયાં સતસંગી કુસંગી હતા, દીઠા પ્રકટ સહુએ ઝૂલતા ॥૪૩॥
ઝૂલ્યા હિંડોળે ઘડી બે ચ્યાર, પછી ન દીઠા તે નિરધાર ॥
સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી, કહે ધન્ય સહજાનંદ સ્વામી ॥૪૪॥
આપ્યો પરચો પ્રભુજી આપે, સ્વામી ગોપાળાનંદને પ્રતાપે ॥
વળી ગોપાળાનંદ સ્વામીને, પૂર્યો પરચો કહું કરભામિને ॥૪૫॥
એક સમે ના'વે વરસાત, મરે મનુષ્ય થાય ઉતપાત ॥
શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડ્યો કાળ કહે સહુ જન ॥૪૬॥
પછી સતસંગી સર્વે મળી, આવ્યા જયાં હતી મુનિમંડળી ॥
બેઠા ગોપાળ સ્વામીને પાસ, કહે નથી જીવવાની આશ ॥૪૭॥
મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ ॥
દેતાં દામ મળે નહિ અન્ન, કહો કેમ કરી જીવે જન ॥૪૮॥
માટે સ્તુતિ પ્રભુ પાસે કરિયે, થાય મેઘ તો અમે ઊગરિયે ॥
કહે ગોપાળ સ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ ॥૪૯॥
બેઠા ભજને ઘડી બે ચાર, આવ્યો મેઘ થયો જેજેકાર ॥
વુઠો ત્રણ દન લગી ઘન, કાળા ઉનાળામાં રાતદન ॥૫૦॥
સત્સંગી કુસંગીએ જાણ્યું, થયો પરચો સહુએ પ્રમાણ્યું ॥
લાગ્યા ગોપાળ સ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય ॥૫૧॥
બોલ્યા ગોપાળસ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે ॥
બીજા થકી તે કાંઇ ન થાય, ઠાલો ભૂલો ફોગટ ફૂલાય ॥૫૨॥
એમ પરચા હું કેટલા કહું, થયા ગોપાળ સ્વામીને બહુ ॥
કહેતાં લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૩॥

**ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસો ને બેતાળીસમું પ્રકરણમ્ ॥૧૪૨॥**

## પરિશિષ્ટ ૨

# નિષ્કામ સેવાભાવનું પ્રતીક શ્રી હનુમાનજી

રામાવતારમાં શ્રી હનુમાનજીની નિષ્કામ સેવાથી પ્રસન્ન થઈ ભગવાન શ્રીરામચંદ્રજીએ હનુમાનજીને આજીવન સેવક તરીકેનું બિરૂદ આપ્યું અને પ્રત્યેક અવતારમાં તેમની સેવા અંગીકાર કરવાનું સ્વીકાર્યું. આજે આપણે તેમને સૌ 'રામભક્ત હનુમાન' તરીકે ઓળખીએ છીએ.

દ્વાપુરયુગમાં શ્રીહનુમાનજીને પ્રસંગોપાત ભગવાન શ્રી કૃષ્ણચંદ્રની યત્કિંચિત્ સેવા કરવાની પણ ઘણી તક મળી હતી.

કળિયુગમાં શ્રી હનુમાનજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના માતાપિતાની આપત્તિકાળમાં ઘણી સેવા બજાવી.આપણે તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણ ના કુળદેવતા તરીકે ઓળખીએ છીએ. બાલઘનશ્યામના બચપણના ઘણા પ્રસંગોએ આ આજીવન સેવકે તેમને સહાય કરી છે. વનવિચરણ સમયે નીલકંઠવર્ણીની સતત સાથે રહી ઘણા પ્રસંગોએ તેમને તત્કાળ મદદ પહોંચાડી છે.

ભગવાન સ્વામિનારાયણે સત્સંગની વૃદ્ધિ માટે ત્રણ મહત્વના સંકલ્પો કર્યા. તેમાંનો એક સંકલ્પ મંદિર-નિર્માણનો હતો. પૃથ્વી પર મોટા મંદિર તૈયાર કરાવી તેમાં ભગવત્ સ્વરૂપોની સ્થાપના કરવી. તેમના સમયમાં આવા નવ મંદિરો તૈયાર થયા. તે સમયે આ અવતારના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજીવન સેવક હનુમાનજીને ભૂલ્યા નથી. મંદિરમાં પ્રવેશતાં જ પ્રથમ વિઘ્નવિનાયક ગણપતિ સાથે નિષ્કામ સેવાધારી હનુમાનજીના દર્શન કર્યા પછી સત્સંગઓ મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં બિરાજતા દેવના દર્શન કરી શકે, તેવી મંદિરની રચના પ્રસ્થાપિત કરી છે. જે પ્રણાલિ આજે પણ અનેક શિખરબદ્ધ મંદિરો અને હરિમંદિરોમાં પ્રવર્તે છે.

શ્રીજી મહારાજે સર્વજીવહિતાવહાય સંવત ૧૮૮૨માં સ્વહસ્તે સંસ્કૃતમાં

શિક્ષાપત્રી લખી છે. તેમણે શિક્ષાપત્રીને પોતાની જ વાણી અને પોતાનું સ્વરૂપ કહ્યું છે. શ્રીજીએ ૨૧૨ શ્લોકમાં સર્વ શાસ્ત્રોનો નિષ્કર્ષ શિક્ષાપત્રીની ગાગરમાં સાગર રૂપે સમાવી દીધો છે. શ્રીજીએ શિક્ષાપત્રીના ૮૫માં શ્લોકમાં ભૂત-પ્રેતાદિના ઉપદ્રવ વેળાએ હનુમાનજીના મંત્રનો જપ કરવા નિર્દેશ કરેલ છે.

**भूता द्युपद्रवे वापि वर्म नारायणात्मकम् ।**
**जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥ ८५ ॥**

અમારા આશ્રિતને ક્યારેય ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય, ત્યારે શ્રી હનુમાનજીના મંત્રનો જપ કરવો અથવા નારાયણ કવચનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. (૮૫)

આ વિજ્ઞાન અને ભૌતિકવાદના યુગમાં ભૂત-પ્રેતના ઉપદ્રવની વાત સ્વાનુભાવ વિના સમજાય તેવી નથી. એ નિર્વિવાદ છે કે જેમના પર ભગવાનની કૃપા હોય અને તેમનામાં શ્રદ્ધા હોય તો ભૂત-પ્રેત કંઈ કરવાને સમર્થ નથી.

અનાદિ મુક્તરાજ ગોપાળાનંદ સ્વામીએ યોગવિદ્યાના બળે ધોળકાના બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યો અને સાળંગપુરમાં હનુમાનજીની મૂર્તિમાં ચેતના પ્રગટાવી, તે સત્સંગમાં સુવિદિત છે. સંસ્કૃતમાં લખેલ અનેક રચનાઓમાં શ્રીહનુમંત વિધિનો પણ સમાવેશ થાય છે.

સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શતાનંદ સ્વામી, સ.ગુ.પ્રેમાનંદ સ્વામી, ઈત્યાદિ નંદ સંતોએ હનુમાનજીની વીરતા, મહત્તા અને સેવાપરાયણતા દર્શાવતા અષ્ટકો, સ્તોત્રો આરતીઓ, પૂજન ઈત્યાદિ ઘણી કૃતિઓની રચના કરી છે. અહીં તેમાંની કેટલીક કૃતિઓ આપી છે.

**ધોળકાના મુખ્ય મંદિરની બાજુમાં જ જમણી તરફ જ્યાં અગાઉ તેલનો ટાંકો હતો, તે સ્થળે હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવેલ છે. બાજુમાં જ સ.ગુ. ગોપાળાનંદસ્વામીની પટપ્રતિમા છે. તે સ્થળે શ્રદ્ધાળુ સત્સંગીઓ જનમંગલના પાઠો તથા આ સ્તોત્રોનું ભક્તિભાવપૂર્વક સ્તવન કરતાં જોવા મળે છે. દિન-પ્રતિદિન આ સ્થળનું માહાત્મ્ય વધતું જાય છે.**

## હનુમાનજીની આરતી

*જય કપિ બલવંતા, જય કપિ બલવંતા*
*સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા... જય૦ ૧*
*પ્રૌઢ પ્રતાપ પવનસુત, ત્રિભુવન જયકારી,*
*અસુરરિપુ મદગંજન, ભય સંકટહારી... જય૦ ૨*
*ભૂત પિશાચ વિકટગ્રહ પીડત નહિ જંપે,*
*હનુમંત હાક સુણીને, થર થર થર કંપે.. જય૦ ૩*
*રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિભારી,*
*સીતા શોધ લે આયે, કપિલંકા જારી.. જય૦ ૪*
*રામચરણ રતિદાયક, શરણાગત ત્રાતા,*
*પ્રેમાનંદ કહે હનુમંત વાંછિત ફળદાતા...જય૦ ૫*

## શ્રી હનુમત્સ્તોત્રમ્

ભગવાન શ્રી સ્વામિનારાયણના પિતા શ્રી ધર્મદેવને, છપૈયામાં જ્યારે અસુર લોકો તરફથી અત્યંત ઉપદ્રવ થયો, ત્યારે તેમણે અયોધ્યામાં આવીને

### પોતાના કુળદેવ શ્રી હનુમાનજીની કરેલી સ્તુતિ

**નીતિ પ્રવીણ નિગમાગમ શાસ્ત્રબુદ્ધે, રાજાધિરાજ રઘુનાયક મંત્રિવર્યઃ**
**સિંદૂર ચર્ચિત કલેવર નૈષ્ઠિકેન્દ્ર, શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મેં ... ૧**

**અર્થ :** રાજનીતિમાં પ્રવીણ, વેદાદિક શાસ્ત્રોમાં પારંગત રઘુકુળનાયક શ્રી રામચંદ્રજીના મંત્રી, સિંદૂર ચર્ચેલા શરીરવાળા અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો..... ॥ ૧ ॥

**સીતા નિમિત્તજ રઘુત્તમ ભૂરિ કષ્ટ, પ્રોત્સારણૈક સહાય હતાસ્ત્રપૌધ,**
**નિર્ધગ્ધયાતુપતિહાટકરાજધાને, શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે... ૨**

**અર્થ :** સીતાહરણથી શ્રી રામચંદ્રને ઊપજેલા મહાન કષ્ટને દૂર કરવામાં મુખ્ય સહાયક; અનેક અસુરોનો નાશ કરનારા અને સોનાની રાજધાની લંકાને બાળી દેનારા, એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો...॥ ૨ ॥

**દુર્વાર્ય રાવણ વિસર્જિત શક્તિઘાત, કંઠાસુ લક્ષ્મણ સુખાહ્રત જીવવલ્લે,**
**દ્રોણાચલાનયન નંદિત રામપક્ષ; શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે... ૩**

**અર્થ :** રાવણે છોડેલી ભયંકર મારણશક્તિથી, મૂર્છિત થયેલા લક્ષ્મણજીને સુખી કરવા, દ્રોણાચળ સહિત સંજીવની વેલ લાવી આપી, રામચંદ્રજીના પક્ષવાળા સહુને આનંદ પમાડનારા, હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. ॥ ૩ ॥

**રામાગમોક્તિ તરિતારિત બંધ્વયોગ, દુઃખાબ્ધિ મગ્ન ભરતાર્પિત પારિબર્હ,**
**રામાંધ્રિ પદ્મ મધુપી ભવદન્તરાત્મન્, શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે.. ૪**

**અર્થ :** રામચંદ્રજીના આગમનના સમાચાર કહેવા રૂપી નૌકા દ્વારા, બંધુ વિયોગના દુઃખદરિયામાંથી ભરતજીનો ઉદ્ધાર કરી, પહેરામણી મેળવનાર અને રામચંદ્રજીના ચરણકમળમાં જ ભમરાની માફક આસક્ત રહેનારા, એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો... ॥ ૪ ॥

**વાતાત્મ કેસરિ મહાકપિરાટ્ તદીય, ભાર્યાજની પુરુ તપઃફલ પુત્રભાવ,**
**તાર્ક્ષ્યો પમોચિત વપુર્બલતીવ્ર વેગ, શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે... ૫**

**અર્થ :** મહાકપિરાજ કેસરી અને તેમનાં પત્ની અંજનીના દેહ દમન તથા તીવ્ર તપના ફળરૂપે, પુત્રભાવને પામેલા અને શરીરબળ તથા તીવ્ર વેગમાં ગરુડ જેવા, હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો... ॥ ૫ ॥

**નાનાભિચારીકવિસૃષ્ટ સવીર કૃત્યા, વિદ્રાવણારુણ સમીક્ષણ દુઃપ્રાધર્ષ્ય,**
**રોગઘ્ન સત્સુદ વિત્તદ મંત્રજાપ શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે.. ૬**

**અર્થ :** બહુ પ્રકાના અભિચારકોએ પ્રેરેલી, વીર સહિત ભંયકર કૃત્યાઓને લાલ નેત્રોની દૃષ્ટિ માત્રથી જ નસાડી મૂકનારા અને જેનો મંત્ર જપવાથી દર્દ દૂર થાય છે, સુપુત્રની પ્રાપ્તિ થાય છે. તેમજ ધનસંપત્તિ મળે છે, એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો... ॥ ૬ ॥

**યન્નામધેય પદક શ્રુતિ માત્રતોપિ; યે બ્રહ્મરાક્ષસ પિશાચ ગણાશ્ચ ભૂતાઃ,**
**તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં, શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે.. ૭**

**અર્થ :** જેમના નામનો એક અક્ષર માત્ર સાંભળવાથી બ્રહ્મરાક્ષસ, પિશાચગણો, ભૂતો અને મરકી,ભય પામીને પલાયન થઈ જાય છે. એવા આપ હે શ્રી રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો... ॥ ૭ ॥

**ત્વં ભક્ત માનસ સમીપ્સિત પૂર્તિ શક્તો, દીનસ્ય દુર્મદ સપત્ન ભયાર્તિ ભાજઃ,**
**ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ, શ્રી રામદૂત હનુમન્ હર સંકટં મે... ૮**

**અર્થ :** તમે ભક્તોના મનોરથો પૂર્ણ કરવા સમર્થ છો, માટે દુષ્ટ મદવાળા, શત્રુઓના ભયથકી મુકાવારૂપ, દીન એવા મારું પણ ઈચ્છિત શુભ પૂર્ણ કરી, પૂર્ણકામ એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારું કષ્ટ દૂર કરો... ॥ ૮ ॥

**ઈતિ શ્રી શતાનંદ મુનિ વિરચિતં શ્રી હનુમત્સ્તોત્રં સમાપ્તમ્**
**(આ સ્તોત્ર સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણના ૧૧માં અધ્યાયમાં છે.)**

## હનુમત્સ્તોત્રમ્

આ સ્તોત્રના દરેક શ્લોકમાંથી અનુક્રમે પહેલો બીજો ત્રીજો એમ એક એક અક્ષર લેતાં નીચે મુજબનો મંત્ર થાય છે.

**ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા**

*નમસ્તે આંજનેયાય વાયુપુત્રાય ધીમતે, રામદૂતાય મહતે સુગ્રીવસચિવાય ચ (૧)*
*નમોઽસ્તુ તે મહાવીર ! મહાબલપરાક્રમ ! વૈરિભીષણરૂપાય રાવણત્રાસદાયિને (૨)*
*નમો હરાવતારાય શિલાવૃક્ષાયુધાય ચ, રક્ષઃ સૈન્યવિમર્દાય નમસ્તુભ્યં યશસ્વિ (૩)*
*નમો હનુમતે તુભ્યં લંકાનગરદાહિને, દશગ્રીવસુતઘ્નાય સીતાશોકવિનાશિને (૪)*
*નમોઽસ્તુ તે મહાયોગિન્ ! સદા શુદ્ધાન્તરાત્મને, સીતારામાતિહૃદ્યાય નમસ્તે ચિરજીવિને (૫)*
*નમઃ કપીન્દ્ર ! તે નિત્યં સર્વરોગવિનાશિને, ભૂતપ્રેતપિશાચાદિભયવિદ્રાવણાભિધ ! (૬)*
*નમસ્તુભ્યં રામભદ્રપુરુપ્રેષ્ઠાય ભૂયસે, નમોઽતિસ્થૂલરૂપાય સૂક્ષ્મરૂપધરાય ચ. (૭)*
*નમોઽખિલભયઘ્નાય નિર્ભયાય મહાત્મને, બાલાર્કદ્યુતિદેહાય મુષ્ટિપ્રહરણાય ચ. (૮)*
*નમો લંકેશ્વરોદ્યાન ભંગવિભાસિતાસ્રપ, રામનામાનુરક્તાય લક્ષ્મણપ્રાણદાયતે. (૯)*
*નમસ્તે વિશ્વવન્દ્યાય વિજયાય વરીયસે, ભક્તસંકચસંહત્રે ધર્મનિષ્ઠાય જીષ્ણવે. (૧૦)*
*નમો નૈષ્ઠિકવર્યાય વિજનારણ્યવાસિને, ભક્તાભીષ્ટપ્રદાત્રે ચ પાંડવપ્રિયકારિણે. (૧૧)*
*મનોધર્મારિનાશાય વિમલાય ચ ભાસ્વતેઃ નિત્યં રામાયણકથા શ્રવણોત્સુકચેતસે. (૧૨)*
*નમોધાર્મિકસેવ્યાય બ્રહ્મણ્યાય સુરાર્ચિત, તુભ્યં બ્રહદવ્રતપ્રેષ્ઠ ! સર્વપાપહારિણે. (૧૩)*
*નમો દારિદ્રયદુઃખઘ્ન ! માસ્તે ! બંધખંડન, સુખદાય શરણ્યાય નમસ્તે ઋષિવૃત્તયે. (૧૪)*
*નમો વરદ ! તે નિત્યં રામધ્યાનાધનાકુલ ! સુખારાધ્ય ! દુરારાધ્ય ! નમસ્તે દિવ્યરૂપિણે. (૧૫)*
*નમોઽર્કપુષ્પહારાય તુભ્યં મામભયંકુરુ, દર્શનં દેહિ સાક્ષાતે નમસ્તે સર્વદર્શિને. (૧૬)*

**॥ ૐ નમો હનુમતે ભય ભજનાય સુખં કુરુ ફટ સ્વાહા ॥**

(જ્યારે કોઈપણ આધ્યાત્મિક પીડા આવી પડે ત્યારે શ્રી હનુમાનજીનું પ્રથમ યથાવિધિ પૂજન કરી પછી ધ્યાન કરી, પછી એકાગ્ર મનથી અર્થાનુસંધાન પૂર્વક ઉપરના સ્તોત્રનો પાઠ કરવો. પછી સ્તોત્રમાંથી કાઢેલ ષોડશાક્ષર મંત્રનો દશ હજાર વાર જપ કરવો અને પછી હનુમત્સ્તોત્રનો એક પગે ઊભા રહીને પાઠ કરવો. એ પ્રમાણે એક માસ કરવાથી ગમે તે કષ્ટ હોય તો નિવૃત થાય છે) અને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.)

## શ્રી હનુમાન ચાલીસા

### દોહા

શ્રી ગુરુ ચરન સરોજ રજ, નિજ મન મુકુર સુધારિ
બરનઉં રઘુબર બિમલ જસુ, જો જાયક ફલ ચારિ.
બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌ પવનકુમાર,
બલબુદ્ધિવિદ્યા દેહું મોહિ, હરહું કલેસ બિકાર.

### ચોપાઈ

જય હનુમાન જ્ઞાનગુન સાગર, જય કપીશ તિહું લોક ઉજાગર,
રામદૂત અતુલિત બલધામા, અંજનિપુત્ર પવનસુત નામા,

મહાવીર બિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિકે સંગી,
કંચન બરન બિરાજ સુવેશા, કાનન કુંડલ કુંઠિત કેશા,

હાથ બ્રજ ઔર ધજા બિરાજૈ, કાંધે મુંજ જને઼ ઉ છાજૈ,
શંકર સુવન કેસરીનંદન, તેજ પ્રતાપ મહા જગ બંદન,

વિદ્યાવાન ગુનિ અતિ ચાતુર, રામ કાજ કરીબે કો આતુર,
પ્રભુ ચરિત સુનીબે કો રસિયા, રામલખન સીતા મન બસિયા.

સૂક્ષ્મરૂપ ધરી સિયહી દિખાવા, બિકટ રૂપ ધરી લંક જલાવા,
ભીમરૂપ ધરી અસુર સંહારે, રામચંદ્રકે કાજ સંવારે.

લાય સંજીવન લખન જિયાયે, શ્રીરઘુવીર હરસી ઉર લાયે,
રઘુપતિ કિન્હી બહુત બડાઈ, તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ.

સહસ્ત્ર બદન તુમ્હારૌ જસ ગાવૈ, અસ કહી શ્રીપત કંઠ લગાવૈ,
સનકાદિક બ્રહ્માદિ મુનીશા, નારદ શારદ સહિત અહીંસા

જમ કુબેર દિલપાલ જહાં તે, કવિ કોબિદ કહી સકૈ કહાં તે,
તુમ ઉપકાર સુગ્રીવ હી કીન્હા, રામમિલાય રાજપદ દિન્હા.

તુમ્હારો મંત્ર બિભીષણ માના, લંકેશ્વર ભયે સબ જગ જાના,
જુગ સહસ્ત્ર જોજન પર ભાનું લીલ્યો તાહિ મધુર ફલ જાનૂં.

પ્રભુમુદ્રિકા મેલી મુખં માહી, જલધિ લાંધી ગયે અચરજ નાહીં,
દુર્ગમ કાજ જગત કે જે તે, સુગમ અનુગ્રહ તુમ્હરે તે તે.

રામદુલારે તુમ રખવારે, હોત ન આજ્ઞા બિન પૈસારે,
સબ સુખલહૈ તુમ્હરી શરના, તુમ રક્ષક કાહુકો ડરના.

આપન તેજ સમ્હારો આપૈ, તીનોં લોક હાંક તે કાંપૈ,
ભૂતપિશાચ નિકટ નહિ આવૈ, મહાવીર જબ નામ સુનાવૈ.

નાસૈ રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત વીરા,
સંકટતે હનુમાન છુડાવૈ, મન ક્રમ વચન ધ્યાન જો લાવૈ.

સબ પર રામ તપસ્વી રાજા, તિન કે કાજ સકલ તુમ સાજા,
ઔર મનોરથ જો કોઈ લાવૈ, સોઈ અમિત જીવનફલ પાવૈ.

ચારોં જુગ પરતાપ તુમ્હારા, હૈ પરસિદ્ધ જગત ઉજિયારા,
સાધુસંત કે તુમ રખવારે, અસુરનિકંદન રામદુલારે.

અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા, અસ વર દિન જાનકી માતા,
રામરસાયન તુમ્હારે પાસા, સદા રહો તુમ રઘુપતિ કે દાસા.

તુમ્હારે ભજન રામકો ભાવૈ, જનમ જનમ કે દુઃખ બિસરાવૈ,
અંતકાળ રઘુબર પુર જાઈ, જહાં જનમ હરિભક્ત કહાઈ.

ઔર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમંત સેઈ સર્વ સુખ કરઈ,
સંકટ કટૈ મિટૈ સબ પીરા, જો સુમરે હનુમંત બલવીરા.

જય જય હનુમંત ગોસાઈ કૃપા કરૌ ગુરુદેવકી નાઈ,
યે શતબાર પાઠ કર જોઈ, છૂટે બંદી મહાસુખ હોઈ.

જોય યહ પઢૈ હનુમાન ચાલીસા, હોય સિદ્ધિ સાખી ગૌરીસા,
તુલસીદાસ સદા હરિ ચેરા, કીજૈ નાથ હૃદય મહીં ડેરા.

**દોહા**

પવનતાનય સંકટહરન, મંગલ મૂર્તિ રૂપ
રામલખન સીતા સહિત, હૃદય બસહુ સુર ભૂપ.

**ઈતિ શ્રી હનુમાન ચાલીસા સંપૂર્ણ**

# પરિશિષ્ટ - ૩

## શ્રી મોરલી મનોહર દેવ- સ્વામિનારાયણ મંદિર ધોળકા દેશનાં ગામોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. બાવળા | ૨. ચલોડા | ૩. કોઠ | ૪. ગાંગડ |
| ૫. જવારજ | ૬. ભાયલા | ૭. સરોડા | ૮. સાકોદરા |
| ૯. ધનવાડા | ૧૦. બલદાણા | ૧૧. રાણેસર | ૧૨. બગોદરા |
| ૧૩. ચિયાડા | ૧૪. ચંડીસર | ૧૫. સાથળ | ૧૬. કોચરીયા |
| ૧૭. કેશરડી | ૧૮. દેવધોલેરા | ૧૯. કાળીવેજી | ૨૦. સીમેજ |

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણસ્પર્શથી પાવન થયેલ ધોળકાની આ તીર્થભૂમિ છે . શ્રીહરિએ વૌઠા, ચલોડા, વારણા, ભોળાદ, મોડાસર, જવારજ, શિયાળ-કાણોતરમાં વિચરણ કરેલ છે. નંદ સંતોએ તેમની વાતોમાં આ લીલા વણી લીધી છે.

| ગ્રંથનું નામ | વાર્તાક્રમ | ગામ |
|---|---|---|
| ● શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાત | ૫૪૪ અને ૫૪૫ | ધોળકા |
| | ૨૮૫ | મોડાસર |
| ● શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો | ૨૫૦ | ધોળકા |
| ● શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો | ૭૩૪ | ભોળાદ |
| | ૭૩૫ | વારણા |
| ● શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર | પાનું ૪૩૭ | જવારજ |
| | પાનું ૪૬૫ | વૈઠા |

શ્રી હરિ ચરિત્રામૃત સાગર , ભક્ત ચિંતામણિ, સત્સંગિજીવન ઈત્યાદિ ધર્મગ્રંથોમાં ધોળકા દેશની વિગતો છે. આ ઉપરાંત નંદ સંતોએ લખેલ અનેક વાતોમાં પણ આ વાતો વણાયેલી જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે :

**ચલોડા :** મંદિરના પાછળના ભાગે જીતબાનો માઢ છે. તેના ઉપર મહારાજ બિરાજેલા અને થાળ જમ્યા હતા અને વરદાન આપેલ કે આ માઢ નીચેથી જે પસાર થશે તેનું કલ્યાણ કરીશ. માઢ દર્શનીય છે.

**કાણોતર :** શ્રીજી મહારાજ ગઢડાથી મૂળજી બ્રહ્મચારી સાથે છાનામાના શિયાળ ગામની બાજુમાં કાણોતર પધાર્યા હતા. સત્સંગમાં મોજડીની આ લીલા પ્રસિદ્ધ છે. હાલ આ મોજડીઓનાં દર્શન કરી શકાય છે. અહીં શ્રીહરિની લીલાઓની સ્મૃતિમાં છત્રી બનાવી ચરણાર્વિંદ પધરાવેલ છે.

**મખિયાવ :** અહીં મહારાજ એક વાર પધાર્યા હતા. અહીં ફઈબાએ તેમની પુત્રવધૂ સાથે અણબનાવ થતાં તેમને પિયર મોકલી આપેલ, શ્રીજી મહારાજનો આગ્રહ છતાં તેમણે શ્રીહરિની સૂચના ન માની. આથી શ્રીજી મહારાજે સંતોને અહીંથી જમ્યા વિના જ નીકળી જવા આજ્ઞા આપી અને ત્યાંથી સંતો સાથે નીકળી ગયા. શ્રીજી મહારાજ ફરીથી કોઈવાર મખિયાવ પધાર્યા નથી. આ ઘર પ્રસાદીનું છે.

**વૌઠા :** એક વખત શ્રીજી મહારાજ વૌઠા કારતક સુદ પૂનમને દિવસે પધાર્યા હતા. નદીમાં સવારે સ્નાન કરી જમ્યા હતા અને રાત્રિ રોકાણ કર્યું હતું. શ્રી હરિએ મહાદેવનું પૂજન કર્યું હતું. મહાદેવના પૂજારીને શિરપાવ આપ્યાં હતાં. આ શિવાલય પ્રસાદીનું દર્શનીય છે.

**ભાયલા :** સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી કૂવાનું પાણી પીવા જતા હતા ત્યારે રાજપૂત અને લોહાણા પરિવારે તેમને આ ખારું પાણી ન પીવા વિનંતી કરી. પણ ખારું પાણી બધાંને ચખાડતાં મીઠું લાગ્યું. તેથી સંતોની ગામમાં પધરામણી કરી વર્તમાન ધરાવી સત્સંગ થયા.મહાનુભાવાનંદ સ્વામીએ ગામમાં મોટું મંદિર બંધાવ્યુ. બાજુમાં જ ચમત્કારી હનુમાનજી પધરાવ્યા, જે આજે પણ બધાના સંકલ્પો પૂરા કરે છે. પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદ મહારાજે આ મંદિરમાં પટપ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરેલ છે.

## શ્રી સ્વામિનારાયણ ભગવાન ધોળકામાં પધારેલા તેની તિથિ-વાર-તારીખ સાથેની તવારીખ

**(સ્વામિનારાયણ પુસ્તકમાંથી ઉતારો લેખક : સ.ગુ. શા. નિર્ગુણદાસજી સ્વામી)**

| | | | |
|---|---|---|---|
| તા.૧૯-૦૭-૧૭૯૯ | જેઠ વદ ૨ | (૧૮૫૫) | ચલોડા રાત્રી રોકાણ |
| તા.૨૦-૦૭-૧૭૯૯ | જેઠ વદ ૩ | (૧૮૫૫) | ધોળકા |
| તા.૨૧-૦૭-૧૭૯૯ | જેઠ વદ ૪ | (૧૮૫૫) | ધોળકા |
| તા.૨૨-૦૭-૧૭૯૯ | જેઠ વદ ૫ | (૧૮૫૫) | ધોળકા |
| તા.૨૩-૦૭-૧૭૯૯ | જેઠ વદ ૬ | (૧૮૫૫) | વૌઠા સપ્ત નદીસંગમ સ્નાન |
| તા.૦૬-૦૨-૧૮૦૪ | જેઠ વદ ૧૪ | (૧૮૬૦) | ચીકલી તળાવ રોકાણા |
| તા.૩૦-૧૦-૧૮૦૫ | કારતક સુદ ૮ | (૧૮૬૧) | ધોળકા |
| તા.૩૧-૧૦-૧૮૦૫ | કારતક સુદ ૯ | (૧૮૬૧) | ધોળકા થી ગઢપુર |
| તા.૨૭-૦૪-૧૮૦૮ | વૈશાખ સુદ ૨ | (૧૮૬૪) | જવારજ નથુ ચારણને ત્યાં |
| તા.૨૮-૦૪-૧૮૦૮ | વૈશાખ સુદ ૩ | (૧૮૬૪) | સીમેજ |
| તા.૦૨-૦૫-૧૮૦૮ | વૈશાખ સુદ ૬ | (૧૮૬૪) | ચલોડા જીતબાના ઘરે |
| તા.૧૫-૦૨-૧૮૦૯ | ફાગણ સુદ ૧ | (૧૮૬૫) | કાણોતર રોકાણ |
| તા.૦૬-૦૭-૧૮૦૯ | અસાઢ વદ ૯ | (૧૮૬૫) | રેવાશંકરભાઈને ત્યાં ધોળકા |

| | | | |
|---|---|---|---|
| તા.૨૩-૦૧-૧૮૧૦ | પોષ વદ ૩ | (૧૮૬૬) | રેવાશંકરભાઈને ત્યાં ધોળકા |
| તા.૨૪-૧૧-૧૮૧૦ | કારતક વદ ૧૩ | (૧૮૬૭) | રેવાશંકરભાઈને ત્યાં ધોળકા |
| તા.૦૧-૦૨-૧૮૧૧ | મહા સુદ ૮ | (૧૮૬૭) | ચલોડા નથુ ભેક્તને ઘેર |
| તા.૦૨-૦૨-૧૮૧૧ | મહા સુદ ૯ | (૧૮૬૭) | કાણોતર કેશીયાજી વાઘેલાને ત્યાં |
| તા.૧૮-૦૩-૧૮૧૧ | ફાગણ વદ ૮ | (૧૮૬૭) | જવારજ આધાર બારોટની મેડીએ રોટલા દહી જમ્યા |
| તા.૧૮-૦૩-૧૮૧૧ | ફાગણ વદ ૮ | (૧૮૬૭) | સીમેજ થઈ ધોળકા રેવાશંકરભાઈને ઘેર |
| તા.૧૪-૦૪-૧૮૧૧ | ચૈત્ર વદ ૬ | (૧૮૬૭) | સંઘને અરણેજ જવા આજ્ઞા કરી આબારેલી થઈને ચાલ્યા. |
| તા.૧૫-૦૪-૧૮૧૧ | ચૈત્રવદ ૭ | (૧૮૬૭) | જવારજ જમી અરણેજ માતાના મંદિરમાં રહ્યા. |
| તા.૧૬-૦૪-૧૮૧૧ | ચૈત્રવદ ૮ | (૧૮૬૭) | કોઠ |
| તા.૧૭-૦૪-૧૮૧૧ | ચૈત્રવદ ૯ | (૧૮૬૭) | ધોળકા રેવાશંકરભાઈના ઘેર |
| તા.૨૪-૧૦-૧૮૧૧ | કારતક સુદ ૭ | (૧૮૬૮) | જવારજ |
| તા.૩૧-૧૦-૧૮૧૧ | કારતક સુદ ૧૫ | (૧૮૬૮) | વૌઠા સપ્તનદીના સંગમમાં શીવ પૂજા કરી. |
| તા.૦૧-૧૧-૧૮૧૧ | કારતક વદ ૧ | (૧૮૬૮) | ધોળકા રેવાશંકરભાઈને ત્યાં જમ્યા |
| તા.૦૨-૧૧-૧૮૧૧ | કારતક વદ ૨ | (૧૮૬૮) | ધોળકા કાશીનાથ પંડીતની પાઠશાળા પવિત્ર કરી. |
| તા.૦૩-૧૧-૧૮૧૧ | કારતક વદ ૩ | (૧૮૬૮) | ચલોડા જીતબાને ત્યાં પધાર્યા. |
| તા.૧૧-૦૩-૧૮૧૪ | ફાગણ વદ ૫ | (૧૮૭૦) | કાણોતર, દદુકા કુમરખાણ થઈ ધોળકા રોકાણા |
| તા.૨૬-૦૭-૧૮૧૪ | અષાઢ સુદ ૯ | (૧૮૭૦) | જવારજ તળાવ કીનારે ગામના બ્રાહ્મણોએ પૂજા કરી જમાડ્યા. |
| તા.૨૭-૦૭-૧૮૧૪ | અષાઢ સુદ ૧૦ | (૧૮૭૦) | ધોળકા રેવાશંકરભાઈને ઘેર પધાર્યા. |
| તા.૦૨-૧૦-૧૮૧૪ | ભાદરવા વદ ૩ | (૧૮૭૦) | ધોળકા રેવાશંકરભાઈને ઘેર પધાર્યા. |
| તા.૦૩-૧૨-૧૮૧૪ | કારતક વદ ૬ | (૧૮૭૧) | ધોળકા રેવાશંકરભાઈને ઘેર પધાર્યા. |
| તા.૦૪-૧૨-૧૮૧૪ | કારતક વદ ૭ | (૧૮૭૧) | જવારજ |
| તા.૨૧-૦૮-૧૮૧૫ | શ્રાવણ વદ ૨ | (૧૮૭૧) | ધોળકા રેવાશંકરભાઈને ઘેર રોકાયા. |
| તા.૨૭-૧૦-૧૮૧૫ | આસો વદ ૯ | (૧૮૭૧) | ધોળકા રેવાશંકરભાઈને ઘેર રોકાણા ત્યાંથી વટામણ થઈ ને ચાલ્યા. |
| તા.૦૩-૧૨-૧૮૧૫ | માગસર સુદ૧૩ | (૧૮૭૨) | ધોળકા પધાર્યા. |
| તા.૧૮-૦૩-૧૮૧૬ | ફાગણ વદ ૫ | (૧૮૭૨) | ધોળકા રેવાશંકરભાઈને ત્યાં પધાર્યા. |
| તા.૦૩-૦૫-૧૮૧૬ | વૈશાખ સુદ ૬ | (૧૮૭૨) | ધોળકા પધાર્યા. |
| તા.૨૯-૦૭-૧૮૧૬ | શ્રાવણ સુદ ૫ | (૧૮૭૨) | ધોળકા પધાર્યા. |
| તા.૩૦-૦૭-૧૮૧૬ | શ્રાવણ સુદ ૬ | (૧૮૭૨) | ધોળકા પધાર્યા રોકાણ |
| તા.૧૫-૧૧-૧૮૧૬ | કારતક વદ ૧૦ | (૧૮૭૩) | ધોળકા પધાર્યા. રોકાણ |
| તા.૨૨-૦૫-૧૮૧૭ | જેઠ સુદ ૬ | (૧૮૭૩) | જવારજ આધાર બારોટે પૂજા કરી |

તા.૨૩-૦૫-૧૮૧૭ જેઠ સુદ ૭ (૧૮૭૩) કોઠ
તા.૨૪-૦૫-૧૮૧૭ જેઠ સુદ ૮ (૧૮૭૩) ધોળકા રેવાશંકરભાઈએ પૂજા કરી.
તા.૨૩-૧૦-૧૮૧૭ આસો સુદ ૧૩ (૧૮૭૩) ભોળાદ
તા.૨૪-૧૦-૧૮૧૭ આસો સુદ ૧૪ (૧૮૭૩) નાનીબોરૂ
તા.૨૫-૧૦-૧૮૧૭ આસો સુદ ૧૫ (૧૮૭૩) મોટીબોરૂ
તા.૨૬-૧૦-૧૮૧૭ આસો વદ ૧ (૧૮૭૩) વારણા
તા.૦૭-૦૧-૧૮૧૮ પોષ સુદ ૧ (૧૮૭૪) ધોળકા રેવાશંકરભાઈ વિગેરેએ પૂજા કરી.
તા.૦૮-૦૧-૧૮૧૮ પોષ સુદ ૨ (૧૮૭૪) કોઠ
તા.૦૯-૦૧-૧૮૧૮ પોષ સુદ ૩ (૧૮૭૪) જવારજ આધાર બારોટના ઘરે પધાર્યા.
તા.૨૪-૦૪-૧૮૧૮ ચૈત્ર વદ ૪ (૧૮૭૪) શીયાળ
તા.૨૯-૦૬-૧૮૧૮ જેઠ વદ ૧૧ (૧૮૭૪) બોરૂ
તા.૩૦-૦૬-૧૮૧૮ જેઠ વદ ૧૨ (૧૮૭૪) ભોળાદ
તા.૦૯-૧૧-૧૮૧૮ કારતક સુદ ૧૧ (૧૮૭૫) વૌઠા જવા પ્રાયણ
તા.૧૦-૧૧-૧૮૧૮ કારતક સુદ ૧૨ (૧૮૭૫) ધોળકા પ્રયાણ
તા.૧૧-૧૧-૧૮૧૮ કારતક સુદ ૧૩ (૧૮૭૫) વૌઠા મેળામાં પધાર્યા.
તા.૧૨-૧૧-૧૮૧૮ કારતક સુદ ૧૫ (૧૮૭૫) વૌઠા સપ્તનદીના સંગમમાં સ્નાન કર્યું.
તા.૧૬-૧૧-૧૮૧૮ કારતક વદ ૪ (૧૮૭૫) ધોળકા રેવાશંકરભાઈના ઘરે પધાર્યા.
તા.૧૭-૧૧-૧૮૧૮ કારતક વદ ૫ (૧૮૭૫) કોઠ ક્ષત્રિય ભક્તોએ પૂજા કરી.
તા.૧૮-૧૧-૧૮૧૮ કારતક વદ ૬ (૧૮૭૫) જવારજ આધાર બારોટના ઘરે પધાર્યા.
તા.૧૪-૦૩-૧૮૧૯ ફાગણ વદ ૩ (૧૮૭૫) ધોળકા રેવાશંકરભાઈના ઘરે પધાર્યા.
તા.૨૯-૦૩-૧૮૧૯ ચૈત્ર સુદ ૩ (૧૮૭૫) ધોળકા રેવાશંકરભાઈના ઘરે પધાર્યા.
તા.૨૮-૧૦-૧૮૧૯ કારતક સુદ ૯ (૧૮૭૫) જવારજમાં જમ્યા
તા.૨૮-૧૦-૧૮૧૯ કારતક સુદ ૯ (૧૮૭૫) કૌકા બાદરજીના ઘરે રાત રોકાણા
તા.૧૫-૧૧-૧૮૧૯ મહા વદ ૨ (૧૮૭૬) ધોળકા ભક્તોએ સ્વાગત કરી રોક્યા રેવાશંકરભાઈને ચરણાર્વિંદ આપ્યા.
તા.૧૮-૦૨-૧૮૨૧ મહાવદ ૨ (૧૮૭૭) ધોળકા રેવાશંકરભાઈએ સ્વાગત કરી જમાડ્યા.
તા.૧૯-૦૨-૧૮૨૧ મહાવદ ૩ (૧૮૭૮) કોઠ
તા.૧૩-૦૨-૧૮૨૨ મહાવદ ૭ (૧૮૭૮) કૌકા ગામમાં રોકાણા
તા.૨૮-૦૨-૧૮૨૨ ફાગણ સુદ ૭ (૧૮૭૮) ગણેશ ધોળકા રાયણોમાં જઈને રોકાણા
તા.૦૧-૦૩-૧૮૨૨ ફાગણ સુદ ૮ (૧૮૭૮) ગણેશ ધોળકા રાયણોમાં જઈને રોકાણા
તા.૦૨-૦૩-૧૮૨૨ ફાગણ સુદ ૯ (૧૮૭૮) ગણેશ ધોળકા રાયણોમાં જઈને રોકાણા પ્રાચીન ગણપતિના દર્શન કરી પૂજન કર્યું.

તા.૦૩-૦૩-૧૮૨૨ ફાગણ સુદ ૧૦ (૧૮૭૮) ગણેશ ધોળકા રાયણોમાં જઈને રોકાણા
તા.૦૪-૦૩-૧૮૨૨ ફાગણ સુદ ૧૧ (૧૮૭૮) ગણેશ ધોળકા રાયણોમાં જઈને રોકાણા
તા.૨૬-૧૦-૧૮૨૩ કારતક સુદ ૪ (૧૮૮૦) નાની બોરૂ
તા.૦૭-૧૧-૧૮૨૩ કારતક સુદ ૫ (૧૮૮૦) નાની બોરૂ
તા.૦૭-૧૧-૧૮૨૩ કારતક સુદ ૫ (૧૮૮૦) જાખડા
તા.૦૭-૧૧-૧૮૨૪ કારતક વદ ૧ (૧૮૮૧) ધોળકા રેવાશંકરભાઈને ઘેર પધાર્યા
તા.૦૮-૧૧-૧૮૨૪ કારતક વદ ૨ (૧૮૮૧) ધોળકા ચંદ્રમોલેશ્વર મહાદેવના દર્શન કરવા પધાર્યા.
તા.૦૯-૧૧-૧૮૨૪ કારતક વદ ૩ (૧૮૮૧) ધોળકા રેવાશંકરભાઈના ઘરમાં મોરલી મનોહરદેવની પ્રતિષ્ઠા કરી.
તા.૧૦-૧૧-૧૮૨૪ કારતક વદ ૪ (૧૮૮૧) મહાનુભાવાનંદ સ્વામીને સુંદર મંદિર બનાવવા આજ્ઞા કરી.
તા.૧૧-૧૧-૧૮૨૪ કારતક વદ ૫ (૧૮૮૧) બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપી રાજી કર્યા.
તા.૧૩-૦૬-૧૮૨૫ જેઠ વદ ૧૨ (૧૮૮૧) ધોળકા મંદિરમાં ઉતારો કર્યો.
તા.૦૩-૧૧-૧૮૨૫ આસો વદ ૮ (૧૮૮૨) ધંધુકા થઈ ધોળકા પધાર્યા મંદિરમાં ઉતારો કર્યો.
તા.૦૫-૦૫-૧૮૨૭ વૈશાખ સુદ ૯ (૧૮૮૩) ધોળકા પધાર્યા.
તા.૦૬-૦૫-૧૮૨૭ વૈશાખ સુદ ૧૦ (૧૮૮૩) ધોળકા પધાર્યા.
તા.૧૧-૦૫-૧૮૨૭ વૈશાખ સુદ ૧૫ (૧૮૮૩) ધોળકા હજારો ભક્તોને દિવ્ય ઉપદેશ આપ્યો.
તા.૧૨-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૧ (૧૮૮૩) ધોળકા મહાનુભાવાનંદ સ્વામીએ તૈયાર કરેલા મંદિર જોયું.
તા.૧૩-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૨ (૧૮૮૩) મહાનુભાવનંદ સ્વામીએ પ્રતિષ્ઠા કરવાની વિનંતી કરી.
તા.૧૪-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૩ (૧૮૮૩) યજ્ઞ મંડપ તૈયાર કરાવ્યો બ્રાહ્મણોની વરણી કરી યજ્ઞનો આરંભ કરાવ્યો.
તા.૧૫-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૪ (૧૮૮૩) યજ્ઞમાં સ્વયં બિરાજી અંગન્યાસ વીધી સ્વહસ્તે કરાવી.
તા.૧૬-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૫ (૧૮૮૩) મોરલીમનોહરદેવની પ્રતીષ્ઠા સ્વહસ્તે કરી.
તા.૧૭-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૬ (૧૮૮૩) ચંદ્રમૌલેશ્વર મહાદેવ પાસે વિશાળ સભા કરી બ્રાહ્મણોને દક્ષિણા આપી.
તા.૧૮-૦૫- ૧૮૨૭ વૈશાખ વદ ૭ (૧૮૮૩) ધોળકામાં આવેલ ભક્તોને મોક્ષ સબંધી ઉપદેશ આપ્યો.
તા.૨૧-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૧૦ (૧૮૮૩) કોઠ પધાર્યા.
તા.૨૨-૦૫-૧૮૨૭ વૈશાખ વદ ૧૧ (૧૮૮૩) દેવ ધોલેરા પધાર્યા.
તા.૨૬-૦૨-૧૮૨૮ ફાગણ સુદ ૧૧ (૧૮૮૪) ધોળકા પધાર્યા મોરલીમનોહરદેવ મંદિરમાં ઉતારો કર્યો.
તા.૩૦-૦૮-૧૮૨૯ ભાદરવા સુદ ૧ (૧૮૮૫) ધોળકા પધાર્યા મોરલીમનોહરદેવ મંદિરમાં ઉતારો કર્યો.
તા.૨૨-૧૧-૧૮૨૯ કાતરક વદ ૧૧ (૧૮૮૬) ધોળકા પધાર્યા મોરલીમનોહરદેવ મંદિરમાં ઉતારો કર્યો.

●●●

# સંદર્ભ ગ્રંથ સુચિ


૦૧. વચનામૃત

૦૨. સત્સંગિજીવન

૦૩. ભક્ત ચિંતામણી

૦૪. શ્રી નિષ્કુળાનંદ કાવ્ય

૦૫. ધર્મવંશ પ્રકાશ

૦૬. શ્રીહરિકૃષ્ણ લીલામૃત

૦૭. શ્રીહરિચરિત્રામૃત સાગર

૦૮. શ્રીહરિવનવિચરણ કાવ્યમ્

૦૯. સ્વામિનારાયણ ચિત્રકલા

૧૦. સ્વામિનારાયણ શિલ્પ સ્થાપત્ય કલા

૧૧. નિર્ગુણદાસ સ્વામીનીવાતો

૧૨. અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ

૧૩. યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી

૧૪. યોગીરાજ શ્રીગોપાળાનંદ સ્વામી

૧૫. શ્રી કષ્ટભંજનદેવ - હનુમંત પ્રકાશ

૧૬. કુસુમાવલિ

૧૭. પથદીપ : ધોળકાનો ઐતિહાસક અંક

# અમારુ સંત મંડળ

સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી

કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજી

શા. સ્વામી અજયપ્રકાશદાસજી

પૂજારી સ્વામી કપિલમુનિદાસજી

પૂજારી સ્વામી નિર્મળપ્રકાશદાસજી

પૂજારી પાર્ષદ રામેશ્વર ભગત

વૈકુંઠ ભગત, સંજય ભગત,

બ્રિજેશ - નિલય, અમૃત

શ્રી સ્વામિનારાયણ મંદિર (મુખ્ય)

॥ सेवा मुक्तिश्च गम्यताम् ॥

ધોળકાધામ